


સ્વ. ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

અગ્રણી અગદાવાદી...ગરવા ગુજરાતી...એકનિષ્ઠ ભારતભક્ત


(ફોટો · નરેન્દ્ર રાવળ)

કુમાર

વર્ષ ૨૭ · અંક ૪ · એપ્રિલ '૫૦

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત



રાગિણી ભૈરવી

ચિત્રકાર · સોમાલાલ શાહ





ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત મુદ્રણ-પ્રકાશનસ્થાન. કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૭ll; પરદેશમાં રૂ. ૯ll અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના

વર્ષ ૨૭મું · અંક ૪ થો **કુમાર** એપ્રિલ · ઈ. સ. ૧૯૫૦

સર્જકતા

· મિશ્ર ·

આ માનવીદેહ તણા સલાટે
સેવ્યું હશે સ્વપન જે ઘડી પૂર્ણ ઘાટે
ઉતારવા સર્જન કોઈ ધન્ય,
સર્જી તને પ્રિય, તદા ? અશી તું અનન્ય !

ને એટલેથી પણ એહ તૃપ્ત
જાણે થયો નવ જરી, પ્રિય, એમ ગુપ્ત
અર્પી તને સૌ રસ રૂપ રંગે
સપૂર્ણુ તે નિજ કલા, તવ સર્વ અંગે
હજૂ ય એ સર્જકતા છ વ્યાપ્ત !
કે થાય જ્યાં પ્રિય, મને તવ સ્પર્શ ગાત્ર,
શૂન્યત્વમાં જે મુજ લુપ્ત ગાત્ર,
અસ્તિત્વ એ સકલને પુનઃ થાય પ્રાપ્ત !

નિરંજન ભગત

પ્રભાતમાં નાસિક*

· વસંતતિલકા ·

પ્રાચીમહીં દ્યુતિની કૈંક લકીર લાગી:
અંધારને નિબિડ પૂર ડૂબેલ સૃષ્ટિ–
(આ અદ્રિ સાનુ, ધ્વજ, ઘુમ્મટ, વૃક્ષ આદિ)
જ્યાં ઓસરે જલ જરા, ધરી નવ્ય દીપ્તિ
—સોહે ઉભેલ દ્વિજ શી કટિબૂડ સૌમ્ય,
અર્પંત અંજલિ હિરણ્મયને વરેણ્ય.

દેવાલયે મધુર ઝાલર ક્યાંક વાગી,
જેને ગભીર ધ્વનિ આદિમ ગૂઢ મંત્ર
ગુંજંત, વાયુમહિં ઝાકળ-સિક્ત વ્યાપી,
ધારે રહે જગવી પાર્શ્વ અને દિગંત.
એ નાદની શ્રુતિથી કાલ–વિવર્ત માંહીં,
કો દિવ્ય શાશ્વત રહસ્યની થાય ઝાંખી.

ગોદાવરીતટ પુરાતન, વ્હેણ એનાં
છે નિત્ય, કિંતુ જલ તો નવલાં સદૈવ.
આવે, રમી ક્ષણ મહીં વહી જાય, નૈનાં
કો બિંદુમાં મુજ લહું રૂપ આધિ દૈવ.
ક્યાંથી અહીં ? આવ ક્યહીં ? રહી જાય પ્રશ્ન :
કિલ્લોલતે નિરખું જાગ્રતિ કેરું સ્વપ્ન !

રાજેન્દ્ર શાહ

કાલ

કાલ સંગાથે પ્રીત
હો, મારી કાલની સાથે પ્રીત !

આજ આ મારી પોયણી કેરી
પાંખડિયો સહુ બંધ;
છૂપી દલેદલમાં એની
ફોરશે કાલે ગંધ !
કાલમાં મારું ચિત ! –હો, મારી૰

આજ આ મારું અંતર ઊંડા
ઘૂંટતું કાંઇ સૂર;
કાલની હવા વાય શું એનાં
ગીત લઈ ભરપૂર !
કાલ અમારો મિત ! –હો, મારી૰

આજનો હું તો માનવી રે ના,
કાલનો છું મહેમાન;
આજની મારી આંખડી સામે
કાલનાં છે નિશાન !
કાલનાં ગાઉં ગીત ! –હો, મારી૰

પ્રજારામ

મુંબઈ : એક દર્શન*

· પૃથ્વી ·

નિહાળું સઘળું નવા નયનથી; નવી જિંદગી
પડે નજર; ટ્રામ, ગાડી, બસ, લોકલોની થતી
પસાર વણઝાર; ઘર્ઘર અવાજથી કાર સૌ
ડરાવી, નિજ હસ્તિ જાહિર કરી જતી; ને જનો
હજાર લખ મેદની મહીં મળી રહ્યાં સામટાં;
બધાં ય અહીં કાર્યમાં રત; વિરક્ત હું એહથી
રહું નિરખતો; ધમાલ મહીંથી જરા હું બીજી
દિશા મહીં કરું યદા નજર અબ્ધિ તો ઘૂઘવે.

સુદૂર સદનો બધાં નવ-પ્રભાતના ધુમ્મસે
છવાઈ, જ્યમ સ્વપ્નનું સ્મરણ કોંક આછું રહે
ઉરે, ત્યમ બધા ય મ્લાન, હીન-રંગ, નિસ્તેજ શા
પડે નઝર; ને અહીં દ્વય દિશે મકાનો તણી
ધરી રજતકોરનું કફન આસમાની પડી
બધી નગર-શાંતિ સાગર તળે દટાઈ દિસે.

હરીન્દ્ર દવે

સાંભરે

મને આજ સાંભરે વ્હાલો
મારો મીત મોરલીવાળો.

શામળી કાઠી શીતળા-છાંટી
ઘૂંઘરિયાળા કેશ,
નમણા દેહમાં દીપતા રૂડા
ઘેરઘૂમરિયા વેષ—મને૰

ગામને ગોંદરે ગંગાજળિયો
ઝાડવે ઢબૂરેલ,
કોઈના સૂરને તાલ જ્યાં જાતી
પનિયારીની હેલ—મને૰

ડુંગરઢાળું ધણ આઢે ને
પાછલી રાતનો ચંદ,
સેજમાં શીળી ભાત પાડે ત્યાં
રમતા આવે છંદ—મને૰

સાંજ સવારે ગામ કે સીમે
મંનના મણિધર
સૂરને સગડે જાય દોડ્યા ભાઈ
ભાનભૂલ્યા ભીતર—મને૰

શે'રમાં વાજાં, રેડિયા સુણું
સુણું કોઇના કંઠ,
મન મારું લઈ ખડિયો ખભે
પ્હાડનો લેતું પંથ—મને૰

મકરન્દ દવે

પ્રતિકૂલતાને

· દ્રુતવિલંબિત ·

ખબર છે ન તને પ્રતિકૂલતા,
તુજ શું રોજ ઘસાઇ સુતીક્ષ્ણ થૈ
પ્રખર આ પુરુષાર્થનું શસ્ત્ર તો
ક્ષીણ તને જ અશેષ વિદારશે.

જયન્ત પાઠક

ત્રાજવું

· અનુષ્ટુપ ·

વિધિએ આદર્યાં આજે,
કારમા તોલ ત્રાજવે:
એક પા સંસ્કૃતિ-સ્વર્ણ,
સામી પા સ્વર્ણ-સંસ્કૃતિ.

[illegible] દવે

* આ બંને કાવ્યોમાં બે શહેરોનાં દર્શનથી ઉપજતાં સંવેદનો આલેખ્યાં છે. દૃશ્યચિત્રણ કરીને તેમાં વિચારદોર પરોવવાની હાલની પદ્ધતિના દૃષ્ટાંત રૂપ એ બે કૃતિઓની સરખામણી કરી લેવા જેવી છે.

એ શહેરના પથ્થરે પથ્થરની જેને પિછાન અને પ્રેમ હતાં, એવા અગ્રણી

મારા મુરબ્બી બંધુજન અને પૂજ્ય વ્યક્તિ ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈના સમાગમમાં રહી ઘણાં વર્ષોથી હું દેશભક્તિ, જનસેવા અને આત્મવિકાસના અનેરા પાઠ શીખ્યો છું. અને ઘણા માણસો જે જાણી કે સમજી નથી શક્યા એવા એમના આંતરમાનસનાં શુભ્રસુંદર દર્શન પામ્યો છું. જેઓ એમનાં આપ્તજનો છે તે બધા તેમને 'મોટાભાઇ'ના નામથી જ સંબોધતા; બીજા શિષ્ટાચાર પ્રમાણે તેમને 'ડૉક્ટર હરિપ્રસાદ' તરીકે પિછાનતા. એ સન્મિત્રની સંસ્મૃતિ આલેખતાં પહેલાં, થોડા વખત પર એમના 'કલાને ચરણે' નામે પુસ્તકનો પ્રવેશક લખતાં આલેખેલી એમની પરિચયરેખા અહીં ઉપયોગી ગણી ઉતારું છું.

ડૉક્ટર તરીકે તેમણે ભારે ઉપાધિઓ (ડિગ્રીઓ) સંપાદન કરી ન હતી, પણ બહુ જ ધીરજથી અને પ્રામાણિકપણે તેમણે ધંધો ચલાવી દરદીઓમાં એક પ્રકારની શ્રદ્ધા ને સદ્ભાવ ઉત્પન્ન કર્યાં હતાં. ઘણા દરદીઓને તેમની હાજરીથી જ આશ્વાસન અને આશા મળતાં. પરંતુ, દાક્તરી ધંધો એ તો એમનો સાંસારિક વ્યવહાર હતો. એમની સાચી જીવનભાવના તો સ્વાસ્થ્ય, દેશસેવા અને



જીવનની શરૂઆતમાં ડૉ. હરિપ્રસાદ અંગ્રેજી શાળામાં ડ્રિલ માસ્તર હતા ત્યારે

તત્ત્વદર્શનની હતી. અને એ ત્રણે ય ગુણોની ઉપાસનાથી એમને સંસારમાં સૌંદર્યદર્શનની સ્વાભાવિક ફલપ્રાપ્તિ થઈ હતી.

એમની આરોગ્યસાધના તો ગુજરાતને દૃષ્ટાંતરૂપ છે. વિદ્યાર્થીજીવનમાંથી જ એમણે શરીર ખૂબ કસ્યું હતું, અને જીવનના આરંભકાળમાં ખર્ચ કાઢવા સારુ એ વ્યાયામ-શિક્ષક પણ થયા હતા. પ્રાતઃકાળે વહેલા ઊઠી શરીરને યોગ્ય વ્યાયામ આપવો એ એમની આજીવન દિનચર્યાનો નિયમિત પ્રકાર હતો, અને છેક મૃત્યુના ચાર દિવસ અગાઉ સુધી પણ એમાં સ્ખલન પડવા દીધું ન હતું. એટલે જ તેઓ સદા શ્રેષ્ઠ રુચિ, નિદ્રા અને સ્ફૂર્તિ ભોગવી રહ્યા હતા કે જેમાં બહુ જ થોડા યુવાનો પણ એમની બરોબર ઊતરી શકે. ધંધાની પ્રવૃત્તિને અંગે એમણે કદી ઘોડાગાડી કે મોટરની સહાય લીધી નથી. એમની ત્રીસ વર્ષની જૂની સાઇકલ ગમે તેટલે દૂર, ગમે તે વખતે, એમની સમયસર હાજરી માટે વફાદાર અને સહિષ્ણુ નીવડી છે. સાઈકલની એમની પરિક્રમા રોજની સરેરાશ બારથી સોળ માઇલની થતી હશે,—કદિક અપવાદરૂપે વીસપચીસ માઈલ પણ થતા; છતાં, કોઇ પણ વખત એમણે થાક કે ગ્લાનિ બતાવ્યાં નથી. એ સાઈકલને ધન્યવાદ આપતાં એ કહેતા કે, તેના વડે પોતે કોઈના ઓશિયાળા થયા વિના બધા પ્રસંગો, સભાઓ અને સેવાની તકો સાચવી શક્યા છે, અને જીવનમાં વાહનખર્ચના લગભગ હજારો રૂપિયાનો બચાવ થયો છે. આવી તંદુરસ્તી અને સ્ફૂર્તિને લીધે જ તેઓ જીવનના અનેક પ્રસંગોનો લાભ ઉઠાવી શકેલા.

એમના આરોગ્યની કૂંચી માત્ર શરીર-સ્વાસ્થ્યમાં ન હતી. એમનો સ્વભાવ ને વર્તન સદાકાળ બહુ જ ઉત્સાહપ્રદ અને આનંદપૂર્ણ રહેતાં. એમની જ્યાં હાજરી હોય ત્યાં એ પાંચ મિનિટ માટે પણ હાસ્યનું એક મોજું લાવ્યા વિના તે રહી શકતા નહિ. પોતાની કે કોઈની વાત કરતાં એકાદ ટચકું એવી રમૂજી ભાષામાં લગાવે કે ગંભીર મોં પણ ખુલી જાય, અને વાદળાંમાંથી સૂર્ય દેખાય તેવી આનંદની ઝલક બધાંનાં મોં ઉપર આણી દે. શોકમાં પડેલા કે થાકેલા મિત્રો ને સંબંધીઓના તે વિશ્રામસ્થાન સમા હતા. સ્વજનો અને મિત્રો માટે એમની નિઃસ્વાર્થ પ્રીતિ અને સેવા એ તો એમનો સ્વાભાવિક ગુણ હતો. એમણે બહુ દ્રવ્યપ્રાપ્તિ નહિ કરી હોય, પણ એમના માટે ભાવ ધરાવતું બહોળું સ્નેહીમંડળ તો એમના જીવનસાફલ્યના ધ્વજરૂપ છે.

દેશભક્તિ અને જનસેવા એમના જીવન-મંત્રો હતા. સક્રિયસેવા અને સ્વાર્પણ વિનાની દેશભક્તિ લૂખી છે, એવો એમનો સિદ્ધાંત હતો. અમદાવાદમાં ગંદકી, રોગ અને દુર્બળતા જોઇને એમનું હૈયું બળતું. શહેરની સ્વચ્છતા અને આરોગ્ય માટે જેટલા શક્ય તેટલા પ્રયત્નો જાતે અને બીજાઓના સહકારથી તે કરી છૂટ્યા છે. અમદાવાદમાં દેશભક્તિની કંઠી બંધાવનારાઓની પહેલી હરોળમાં તે બિરાજતા. બંગાળમાં એમણે દાક્તરી શિક્ષણ લીધેલું, એટલે ત્યાંથી જ એ સ્વદેશસેવાની દીક્ષા લઈ આવેલા, અને ઇ. સ. ૧૯૦૫ના જમાના પછીનું એમનું દવાખાનું એ વખતના ચળવળિયાઓનું ધામ ગણાતું. જે કાળે દેશભક્તિની ગંધ પણ આભડછેટ બની હતી તે વખતથી એમણે સ્વદેશીવ્રત લીધેલું. પૂજ્ય ગાંધીજી અમદાવાદમાં આવ્યા ત્યાં સુધી અમદાવાદનાં રાષ્ટ્રીય આંદોલનોનું તે મધ્યબિંદુ હતા. ને પછીનો ઇતિહાસ તો જાણીતો છે. ગાંધીજીની સૂચનાથી એમણે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં રહી શેરીએ શેરીએ, ભંગી કામદારોનાં ટોળાં સાથે, આદર્શ સફાઇના પદાર્થપાઠો બતાવ્યા. આમ, એમણે સૌંદર્યની પૂર્વપીઠિકા રૂપે સ્વચ્છતા અને પવિત્રતાની ભૂમિકા રચી.

રાષ્ટ્રીય ભાવના પ્રસારવા શરૂમાં એમણે ગીતો ગાતા સંઘ ઊભા કર્યા, અને રાષ્ટ્રીય સાહિત્યનો પણ પ્રારંભ કર્યો. જીવનને સ્વચ્છ અને સુંદર બનાવે એવાં પુસ્તકો વાંચી જાતે કેટલાક તરજૂમા કર્યા. સાક્ષરો લખે ત્યારે જ પુસ્તકો બને એવી રાહ જોયા વિના જે કંઈ સમય મળતો તેમાં તેમણે ખૂબ સાહિત્ય ખેડ્યું. અને સ્વપ્રયાસથી જ તેઓ ગુજરાતના એક પ્રસિદ્ધ સાહિત્યસેવક બન્યા. એમની આરોગ્યની ભાવના અને જ્ઞાનપિપાસાએ જ એમને કલાના આશક બનાવ્યા. ઘરમાં દેશભક્તોની છબિઓ અને નિસર્ગનાં દૃશ્યો રાખવાનો તેમને બહુ શૉખ હતો. તેમાંથી ધીરે ધીરે તેઓ ભારતીય કલાનાં સ્વરૂપો તરફ આકર્ષાયા. અને તેના એવા પરમ ભક્ત, પ્રશંસક અને પ્રચારક બની ગયા કે ભારતની કલાના જબ્બર સમર્થનકાર તરીકે તેઓ ગુજરાતમાં જાણીતા થયા હતા. નિર્મળ જીવનદૃષ્ટિ ને ભાવિક હૃદયથી તેઓ સંસારની સર્વ પ્રવૃત્તિ નિહાળવા ઉત્સુક રહેતા, એટલે,

અમદાવાદી, ગરવા ગુજરાતી, એકનિષ્ઠ દેશભકત ને ચારિત્ર્યશીલ લોકસેવક



ફોટો · નરેન્દ્ર રાવળ

સ્વ. ડૉ. હરિપ્રસાદ દેસાઈ

લેખક · રવિશંકર રાવળ

જીવનમાં જ્યાંજ્યાં અને જ્યારેજ્યારે તેમને એવી તક મળે ત્યારે તે ચૂકતા નહિ. હિંદનાં શિલ્પસ્થાપત્યમાં તેમણે હિંદની સંસ્કારમૂર્તિને જોઈ, એટલે તેનો અભ્યાસ અને ચિંતન તેમના સહજ વિષય બન્યા. એ માટે તેમણે પ્રવાસની એકે તક ગુમાવી નહિ અને જાણકાર વિદ્વાનો તેમ જ ગ્રંથોનો ખૂબ જ ગાઢ પરિચય કર્યો. હિમાલયથી કન્યાકુમારી સુધી અને કરાંચીથી કલકત્તા સુધી તેમણે કેટલાં યે પ્રાચીન સ્થળો અને શિલ્પધામો જોઇ નાખ્યાં હતાં અને પ્રસિદ્ધ કલાકારોનો અંગત સમાગમ પામી તેમનાં જીવન અને કૃતિઓ ઉકેલવા પ્રયત્ન કર્યો હતો.

ડૉક્ટર સાહેબના અનેક પ્રવાસોમાં સાથે રહેવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે, અને તે વખતે હું તેમનામાં પ્રકટતી રસસમાધિ ને આનંદનો ભાગીદાર બન્યો છું. 'નહિ એસો જનમ વારંવાર!' એ કડી દરેક પ્રસંગે ગાતાં ગાતાં પ્રભુએ આપેલી ધન્ય ક્ષણ એમણે માણી છે. તેઓ કદી પોતાની જિજ્ઞાસા અને અહોભાવવૃત્તિ શિથિલ થવા દેતા નહિ. તેમ એવી તકો વખતે વિમુખ પણ બનતા નહિ. તેઓ મળેલા સમયનો પૂરો કસ ખેંચી લેતા.

દેશજાગૃતિ માટે તેમણે વક્તૃત્વશક્તિ કેળવી અને વાચન, અનુભવ તથા અવલોકનથી તેને સમૃદ્ધ અને રસપ્રદ બનાવી. ગુજરાતના લોકપ્રિય વક્તાઓમાં એમનું નામ મોખરે હતું. 'સાહિત્ય પરિષદ' કે 'કલા પરિષદ' હોય, 'વ્યાયામ પરિષદ' કે 'સંગીત પરિષદ' હોય, ધર્મસભા, કૉંગ્રેસ યા મ્યુનિસિપાલિટીની બંધારણીય ચર્ચા હોય, કોઈ પણ વિષયમાં, વક્તાઓમાં તેમને આગળ લાવ્યા વિના ભાગ્યે જ સભા સંતોષ પામતી, અને તેઓ પણ દરેક પ્રસંગ માટે બહુ પરિશ્રમપૂર્વક મેળવેલાં જ્ઞાન અને હકીકતોનો લાભ જનતાને આપતા. આવી રીતે બધા પ્રસંગોમાં તેમનાં મંતવ્યો, રમૂજો ને સૂચનાઓ તેઓ પ્રસારતા જ રહ્યા હતા. તેથી મિત્રો રમૂજમાં તેમને બધા જમણમાં ભળી જતા ને સ્વાદુ લાગતા 'દૂધીચણાની દાળનું શાક' કહેતા.

ગુજરાત અને હિંદ તેમને મન જીવંત ભાવનાઓ હતી. તેનાં સુખ ને દુઃખ તેમના પર તીવ્રપણે અસર કરતા, અને તેના વિચારો કરતાં તેઓ ભાવભીની સમાધિ પામતા. સત્યાગ્રહની લડતમાં તે મોખરે હતા, અને જ્યારેજ્યારે કંઈ પણ ભોગ આપવાનો પ્રસંગ આવતો ત્યારેત્યારે નિઃસંકોચ જાતધંધો ને દ્રવ્યનો ભોગ ધરી દેતા. એમ છતાં એમને કદી જીવનની સ્વસ્થતા અને પ્રસન્નતા ગુમાવતાં કોઇએ જોયા નથી. જેલજીવનમાં તેમણે દેશના અનેક નાનામોટા જનોનો સંપર્ક મેળવ્યો. તે બધાને તેઓ એક આનંદી, પ્રેમી ને મૂર્તિમાન સ્વજન જેવા મિત્ર તરીકે યાદ રહી ગયા છે. આમ અનેક બાજુથી અનુભવ, અવલોકન ને ઉપાસના વડે તેમણે જીવનને એક ઉત્સવમંગલ બનાવ્યું હતું. અને તેથી જ આજના ઘણા માણસોને વિચિત્ર લાગતા જૂના સંપ્રદાયોમાંથી પણ તેમણે સારભૂત તત્ત્વો અને સદ્‌ગુણો ગ્રહણ કર્યા હતા; અને સર્વ ધર્મોને સમાન ભાવે જોતાં તેઓ તત્ત્વચિંતનના ઊંચાં શિખરોને પણ સ્પર્શી શકતા. નીતિ અને સચ્ચારિત્ર્યને તેઓ જીવનવિકાસના મહાન સ્તંભો માનતા.

અમદાવાદના તેઓ એક અતિ પ્રામાણિક અને યશસ્વી અગ્રજન તરીકે સર્વસન્માન્ય થયા છે. કલાકારો, કવિઓ, વિદ્વાનો, નગરના ભાવિકો અને સંતોમાં તેમને એકસરખો આવકાર મળતો. એમના જેવાને જીવનમાં પ્રત્યેક પ્રસંગે જગતમાં વ્યાપેલી ઈશ્વરી વિભૂતિ ને સંકેતોનું પ્રેમમય, રસમય ને ભક્તિમય દર્શન થયાં જ કરે એ સ્વાભાવિક છે.



ડૉ. હરિપ્રસાદ અને આ સ્મરણોના લેખક શ્રી રવિશંકર રાવળ

માર્ચની ઓગણત્રીસમીની સાંજે હું કામથી પરવારી વિચાર કરતો હતો કે હવેનો બધો વખત મોટાભાઈ (ડૉ. હરિપ્રસાદ દેસાઈ) પાસે વિતાવું. એ જ પળે એમની પૌત્રી ઊર્મિએ આવીને કહ્યું, 'મોટાભાઈની તબિયત બગડી છે.' પચીસમીની સવારે તો મેં તેમને ખુશમિજાજ તેમના રોજિંદા ક્રમ પ્રમાણે રસોડાના ઓટલા પર જોયા હતા (જુઓ પૃ.૧૧૮ પરનું ચિત્ર) મુંબાઇમાં હૃદયરોગનો વ્યાધિ જણાએલો, પણ અહીં આવ્યા પછી લાગ્યું કે ઊગરી ગયા અને બીજાં પાંચ વર્ષ જરૂર ચાલશે. પણ છેલ્લા હુમલાથી તેમને આયુષ્યની શંકા થએલી એ ચોક્કસ. પણ મારી કલ્પનામાં યે નહિ કે બે જ દિવસમાં તેમનો વિયોગ થવાનો છે.

રાત્રે એમને ઘણી મૂંઝવણ થતી હતી એટલે મેં વાત કરી નહિ. સવારમાં ગયો ત્યારે રાત્રે ડૉકટરોએ કરેલી ગોઠવણ પ્રમાણે ઑક્સિજન અને ઈંજેકશનો ચાલુ થઈ ગયાં હતાં. આગલી સાંજે ઘણું બોલ્યા હતા. લેખ પણ લખ્યો હતો અને દરેકને શિખામણ આપતા હોય એમ વાત કરતા હતા. હવે તો સૌને વાત કરવાની પણ ડૉકટરે મનાઈ કરી હતી. છતાં મનમાં થયું કે પાસે જઈને હાલત નિહાળું. પગ પાસે જઈ હળવેથી ચરણસ્પર્શ કર્યો, તેવામાં તેમની પુત્રીથી બોલી જવાયું, 'મોટાભાઈ! રવિકાકા છે.' નાકમાં ઑક્સિજનની નળી હતી, છતાં આંખો બંધ રાખી બોલી ઊઠ્યા. 'રવિભાઇ, આપણી મૈત્રી ૧૯૧૮થી, નહિ? Ideal friendship (આદર્શ મૈત્રી)!' એવાં કષ્ટ અને લાગણીથી બોલ્યા કે મારાથી રહેવાયું નહિ: 'મોટાભાઇ, તમે બોલો છો એટલે હું જતો રહું છું' કહીને ઓરડાની બહાર નીકળી ગયો. ખરેખર, એમને શાંતિ આપવા એમ કરવું જરૂરી હતું. પણ એ છેવટના શબ્દો હૃદયમાં રણકાર કરી રહ્યા છે.

આદર્શ મૈત્રીનો પાઠ આપનાર એ ગુરુ અને સ્વજનનું આંતરમંથન કેટલું ઊંડું અને ગહન હશે! ૧૯૧૮ની સાલ એમણે કેટલી ચોક્કસાઈથી યાદ રાખી? મારા સંબંધને આદર્શ બનાવવા એમણે કેવી નિર્મળ પ્રીતિ, ભ્રાતૃભાવ અને આપ્તપણું સાચવ્યાં, મારી કેટલી ચિંતા અને સંભાળ રાખી એ બધું ગણાવી શકાય એમ નથી. પણ એમના જીવનનાં ઉત્તરોત્તર ચડતાં પગથિયાં પર વખતોવખત સાથીદાર બનાવી એમના હૃદય ને ચારિત્ર્યનું જે સુંદરતમ સ્મરણીય દર્શન કરાવ્યું છે તેની વાત કરતાં હું કદી થાકીશ નહિ.

૧૯૧૮ની જ વાત છે. મેં મુંબઈમાં મારો ચિત્રકળાનો અભ્યાસ પૂરો કરી બે વર્ષથી ધંધાર્થી તરીકે જીવન શરૂ કર્યું હતું. પણ 'ગુજરાત'નો પરિચય પામવાની ઊંડી ધગશ હતી એટલે મારા મોટાભાઈ તારકામ શીખવા અમદાવાદ આવેલા તેમને મળવાને નિમિત્તે ઉતરી પડ્યો. મને નવીન સંસ્થાઓ અને નવાં બળોને ઓળખવાની ઈચ્છા હતી. એવામાં જૂના મિત્ર શ્રી નર્મદાશંકર ઠાકર મળી ગયા, તે મને ડૉ. હરિપ્રસાદને ત્યાં લઈ ગયા. સ્વ. હાજીમહમ્મદના 'વીસમી સદી'માં પ્રકટ થતાં મારાં ચિત્રોથી હું તેમને નામથી જાણીતો થઈ ગયો હતો. તેમનું મંડળ દાદાભાઈ નવરોજી લાયબ્રેરી ચલાવતું હતું તથા તેમના મિત્ર પંડિતે સ્વદેશી સ્ટોર ખોલ્યો હતો તે બતાવ્યાં પોતાના કળાના શૉખની વાતો કરતાં તેમના મેડામાં ટાંગેલી હિંદદેવીની છબિ બતાવી અને તેના ચિત્રકાર મગનલાલ શર્માને મળવું જોઈએ એમ ઠરાવી રવિવારની સાંજે ઘોડાગાડીમાં મને જમાલપુરમાં મગનલાલ માસ્તરને ત્યાં લઈ ગયા. અમદાવાદની એક લત્તાની શાળાના હેડ માસ્તર પણ ચિત્રકળાના એ એક નિષ્ઠ ઉપાસક કોઇ પણ તાલીમ કે શિક્ષણ વગર, રવિવર્માને માનસિક ગુરુ ધારી તેમની ઢબે કાલ્પનિક ચિત્રો કરતા હતા, પણ તેના વિષયો ગુજરાતના ઇતિહાસ, લોકસાહિત્ય તથા પુરાણના હતા. એમનો સદ્‌શ્રમ અને નિષ્ઠાથી હું પણ મુગ્ધ થઇ ગયો. અમદાવાદમાં એમની કંઇ કદર થઇ નહિ અને એમનું હિંદદેવીનું ચિત્ર એક મિત્રે છપાવી આખા હિંદમાં પ્રસર્યું પણ ચિત્રકારને એક પાઈ પણ પહોંચી નહિ.

અમદાવાદની મુલાકાતથી મને લાગ્યું કે ગુજરાતનું સ્વરૂપ સમજવા માટે અમદાવાદ જ તેનું સાચું સંસ્કૃતિકેન્દ્ર છે ને ત્યાં જ વસવું જોઈએ ભાવનગરના એક ચિત્રકાર ભાઈ ત્રિભુવન પટેલ અમદાવાદમાં આવી રહ્યા હતા. તેનાં ચિત્રો આલેખનની દૃષ્ટિએ સૌને ગમે એવાં હતાં, પણ ભાવના, વિચાર કલ્પના અને પાત્રયોજનારહિત હોવાથી સંસ્કારપરાયણ જનતાનું તેમાં આકર્ષણ થયું નહોતું. મોટે ભાગે તે ફોટોગ્રાફિક ચિત્રો પર ધંધો કરતા; પણ મને આશા હતી કે એમનો પણ હું નવી સૃષ્ટિના નિર્માણ માટે ઉપયોગ કરી શકીશ. પણ મારે શા આધારે અમદાવાદમાં રહેવું? નોકરી નહિ કરવાનો નિશ્ચય હતો. અને કલાકારને નોકરી પણ કોણ આપે? ડ્રૉઇંગમાસ્તરો જેવું સર્ટિફિકેટ નહિ. કાવ્યો કે લેખોના ચિત્રકાર તરીકે 'વીસમી સદી'એ પ્રસિદ્ધિ આપી હતી પણ એની ઘરાકી યે મુંબાઈમાં મળે. અમદાવાદ તો તે વખતે ગામઠી શહેર લાગતું. પણ ઈશ્વરી ઘટના એવી બની કે મારા નિશ્ચયને ટેકો મળ્યો. મને જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજના પ્રિન્સિપલ સ્કૉટનું મોટું તૈલચિત્ર કરવાનું કામ મળ્યું. તેમાં મારા સ્વ. મિત્ર મુ. પ્રો. હરિલાલ ભટ્ટનો આગ્રહ અને લાગવગ કારણભૂત હતાં. એ ચિત્રની રકમ ઉપર હું એક વર્ષ અમદાવાદમાં ખેંચી શકીશ એ અટકળ ઉપર મેં અમદાવાદમાં જીવનકેન્દ્ર કરવાનું ઠરાવ્યું અને પ્રો. ભટ્ટ પાસેથી મારા ધ્યેયને ટેકો આપે એવા મિત્રો પર ભલામણપત્રો લીધા તેમાં એક પત્ર હતો સ્વ. હીરાલાલ પારેખ (ગુ. વ. સોસાએટીના મંત્રી) પર ને બીજો હતો ડૉ. હરિપ્રસાદ દેસાઈ પર.

આમ, ૧૯૧૯ના મે માં હું અમદાવાદ આવ્યો ત્યારે ત્યાંના જાહેરજીવનમાં જાણીતા આ બે મિત્રો સિવાય હું કોઇને ઓળખતો

નહોતો. એ બંનેની આજીવન સમરસ મૈત્રી અને સત્સમાગમનો લાભ હું પામ્યો છું. એબે મિત્રોથી વધી જાય એવા મિત્રો મળવાનું સદ્ભાગ્ય હજી મને સાંપડ્યું નથી. બંને જીવનમાં ધ્રુવનક્ષત્રો જેવા ચમકશે. સ્વ. પારેખ કરતાં ડૉ. હરિપ્રસાદ વિશેષ જીવ્યા, ને વિશેષ અનુરાગ, પ્રીતિ અને જીવનસંસ્કારનો પ્રસાદ આપી ગયા.



એમનું દવાખાનું સારંગપુરમાં હતું ત્યાંનું ત્યાં જ હજી છે. એલિસબ્રિજ એમણે ઘર બાંધ્યું તે પહેલાં એમનું રહેવાનું પણ એ દવાખાનાના મેડા પર જ હતું, પણ મુલાકાતસ્થાન તો દવાખાનાનું ટેબલ ને ચોમેર પડેલી ખુરશીઓ તથા એક મોટો બાંકડો. એમના ટેબલ પર છાપાં પડ્યાં જ હોય. દર્દીઓ આવે ને જાય, પણ એકબે પુરાણા મિત્રો, પડોશીઓ, કોઈ સાક્ષર કે સમાજસેવક ત્યાં બેઠા જ હોય. ડૉક્ટર કોઇ દર્દીને ઘેર જોવા ગયા હોય તો પણ ત્યાં કંઇ ને કંઇ ચર્ચા કે મુલાકાત ચાલતી જ હોય. અહીં જ મને ડૉ. ચંદુલાલ દેસાઈ(કવિ વસંતવિનોદી) મળ્યા, શ્રી અંબુભાઇ પુરાણીનો પરિચય થયો, ડૉ.ના એક બાલમિત્ર અંબારામને જોયા, ચાની ફેરીમાંથી આલીશાં લક્ષ્મીવિલાસ હૉટેલના માલિક બનેલા પુરુષાર્થી આશાભાઇનું ઓળખાણ થયું. ડૉ. સાહેબની સપ્તરંગી મિત્રમંડળીનો દરેક જણ જીવનની કંઇકંઈ વિચિત્રતા ધરાવતો. ડૉક્ટર અને દર્દીઓ વચ્ચે પણ ધંધાદારી જેવું લાગે જ નહિ. ગમે તે વર્ણનો ઉચ્ચ, નીચ બાળક કે વૃદ્ધ, ડૉક્ટરની હસમુખી પ્રકૃતિ આગળ નિશ્ચિંત થઇ જતો. તે ગમે તેટલું પૂછે તોપણ દાક્તર કંટાળે નહિ અને દાક્તરી બાબતો તથા રીતભાત સરળરીતે સમજાવી દે. ઘણી વાર દર્દીઓને કહે કે, 'તમને કંઈ નથી, નકામા પૈસા ખરચો નહિ. જાઓ, આ સાદી પડીકી લઇ આરામ લ્યો.' આમ ખુલ્લે મને કહે એટલે તેમના પર ઘણાને વિશ્વાસ રહેતો. અમદાવાદમાં ગાંધીજીના આગમન પહેલાં એ કોટપાટલુન અને બ્રહ્મક્ષત્રિય પાઘડી પણ પહેરતા (જુઓ ઉપર). દાક્તરી શરૂ કરી તે પહેલાં તેમણે નેટિવ હાઈસ્કૂલ અને ન્યૂ ઇંગ્લિશ સ્કૂલના કસરત માસ્તર તરીકે કામ કરેલું અને ત્યાં છોકરાઓને કસરત ઉપરાંત નીતિ અને ચારિત્ર્યનો બોધ કરતા. ઘણાને ઘેર જઇ તેમના છોકરાઓની



અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે : અમદાવાદ શહેરના પથ્થરે પથ્થરની પિછાન ને પ્રેમ ડૉ. હરિપ્રસાદને હૈયે હતાં એટલાં બીજા કોઇને ન હતાં એમ કહેવામાં અતિશયોક્તિ નથી. અમદાવાદ મ્યુનિસિપાલિટી દ્વારા શહેરના ખૂણેખૂણાની સફાઇ કરીને પાંચસો વર્ષ પુરાણા એ શહેરનો કચરો કાઢનાર એ સેવક અંતે તેના પ્રમુખ થયા.



ડૉ. હરિપ્રસાદ તથા એમનાં પત્ની શ્રીમતી પાખડીબહેન

અને તેમના મિત્રમંડળે અમદાવાદને ખૂણે રાષ્ટ્રભક્તિની જે પહેલી જ્યોત જગવી હતી તે કાયમ રહી અને વિસ્તરી, તેના મુખ્ય પુરોહિત ડાકટર હતા. બંગભંગના ઉદ્રેકકાળમાં અલ્લાહાબાદમાં રાશબિહારી ઘોષના પ્રમુખપણા નીચે મળેલી કૉંગ્રેસમાં કોઈ વક્તાએ કહ્યું કે આપણે લાચાર છીએ કે કાપડ વણવાના હુન્નર માટે દેશમાં કોઈ શાળા કે શિક્ષક નથી. તે વખતે અમદાવાદના બે રિપનિંગ-માસ્તરો (સ્વ. ચુનીલાલ ભટ્ટ તથા એક બીજા ભાઇ) ત્યાં કૉંગ્રેસના સાદા પ્રેક્ષક તરીકે ગએલા તે ઊભા થઇને બોલ્યા કે 'જે કોઈ જુવાનને મિલનો હુન્નર શીખવો હોય તે અમારી પાસે આવશે તો અમે શીખવીશું.' પ્રમુખે તેમને ધન્યવાદ આપ્યો અને લોકોએ તાળીઓથી વધાવ્યા. તે પરથી બંગાળમાંથી કેટલાક તરુણો અમદાવાદ આવ્યા, જે પૈકી આજના જાણીતા શ્રી જ્યોતીન્દ્ર મઝુમદાર, લલિતબાબુ, શ્રી બૅનરજી, શ્રી બોઝ (નેતાજી સુભાષચન્દ્રના ભાઈ) વગેરે હતા. તેઓ રાયપુરમાં જ રહેતા ને ડાકટર સાહેબ તેમના નિકટસંગી બન્યા હતા.

શારીરિક ખોડ કેમ દૂર કરવી તેની સલાહ પણ આપતા.

ડૉકટર સાહેબે બંગભંગના ઉદ્રેકના કાળમાં કલકત્તાની એલ.સી.પી. એસ.ની ડિગ્રી મેળવેલી. એટલે બંગાળના સંપર્કથી તેમનામાં દેશાભિમાનનો અંશ તીવ્રપણે જાગૃત થઈ ગયો હતો. પોતાના મિત્રમંડળમાં તે ઉદ્દામવાદી ગણાતા, અને પરદેશી કાપડ વાપરવું બંધ કરી અમદાવાદની મિલોના જાડા જીનનાં કોટપાટલુન પહેરતા. એ જમાનામાં ઉઘાડે છોગે સ્વદેશીધર્મ પાળનારા કે દેશભક્તિ પ્રચારનારા તરફ અમલદાર વર્ગને એક પ્રકારની સૂગ રહેતી તેમજ તેમના પર સરકાર સુદ્ધાં કરડી નજર રાખતી. છતાં ડાકટર સાહેબ પરિણામે પોળે પોળે રાષ્ટ્રકીર્તનો ને રાષ્ટ્રગીતો ગાવાની પ્રથા તેમણે શરૂ કરી. અમદાવાદમાંથી તેનો કેટલો પ્રચાર વિકાસ થયો છે એ તો રાષ્ટ્રીય સાહિત્યનું એક ઉપયોગી પ્રકરણ છે. એ બધા જ બંગાળી જુવાનો ખૂબ ઊંચે પદે ચડ્યા અને આબાદ થયા એ પણ નોંધવું જોઈએ. ગુજરાતની પરપ્રાંત-ક્ષમતાનું તે એક જ્વલંત ઉદાહરણ છે. ડૉકટરની ઉઘાડી દેશભક્તિએ તેમને સરકારી અમલદારવર્ગમાં માન કે મેળાપના પ્રસંગોમાં ભળવા નહિ દીધા હોય, પણ જનતાનો તો એમના પર ઊંડો વિશ્વાસ બેસતો જતો હતો. લાલા લજપતરાય જ્યારે અમદાવાદમાં આવ્યા ત્યારે એમનું (જુઓ પૃ. ૧૪૪ ઉપર)



શહેર, પ્રાંત અને દેશની સેવા જેટલી ઉત્કટતા ડૉકટરના કુટુંબપ્રેમની પણ હતી. રોજ સવારે અચૂક રીતે તે પોતાના રસોડાના ચોગાનમાં પોતાનાં પત્ની તથા આંખે અપંગ પુત્રીને છાપું વાંચી સંભળાવી વિગતો સમજાવતા, અને રોજ રાત્રે સૂતાં પહેલાં કોઈ ધર્મબોધનું પુસ્તક વાંચી સંભળાવી સમજાવતા.

चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च

કેટલીક વાર સૂત્રો જીવનને ઘડે છે
કેટલીક વાર એથી ઊલટું....



એ બહાર નહોતો જોતો; આંખમાંનાં આંસુને છુપાવવા બહાર નજર કરતો હતો।

શિક્ષક તરીકેની ૨૫ વર્ષની નોકરી દરમ્યાન નિખિલરાયે આવો ગંદો છોકરો કદી જોયો નહોતો. મેલી બંડી, કૉલર વિનાનું પહેરણ, કાળો પડી ગએલો જાડા કાપડનો લેંઘો, એ એનો હમેશનો પોષાક હતો. કદી કદી બંડી ધોવાતી, પણ એ ધોએલી બંડી અને મેલી બંડીમાં ઝાઝો ફેર પડતો નહિ. કાયમી થઇ ગએલા તેલના મોટા બે ધબ્બા એ બંડીને કદી ધોએલી દેખાવા જ દેતા નહિ. વળી એની બે મોટી ગોળ આંખો અને કાયમ ઊભા રહેતા સુક્કા અને ભૂરા વાળ નિખિલરાયને કમકમાટી ઉપજાવતા. નિખિલરાય એને એના ગંદાપણા માટે ઘણી વાર ટોકતા, પણ એની કશી જ અસર થતી નહિ. ઘણી વખત તો એને લીધે પોતાની આબરૂ જવાનો નિખિલરાયને ભય રહેતો; એટલે તો ઈન્સ્પેક્શનને દિવસે નિખિલરાયે એને ગેરહાજર જ રહેવા સૂચન કરેલું.

ભણવામાં પણ એ એટલો જ ડોઠ. એને કદી લેસન આવડતું નહિ. ઘેરથી લેસન કરી પણ લાવતો નહિ. લેસન ન આવડવાના ને ન કરી લાવવાના બહાને નિખિલરાય એને મારીને રોષ ઠાલવી લેતા. કોઈકોઈ વખત નિશાળમાંથી ઊઠી પણ જવાનું એને કહી દેતા.

વળી એની ફી માટે દર મહિને નિખિલરાયને ઑફિસમાંથી ઠપકો ખાવો પડતો. નામ કાઢી નાખવાની વારંવાર ધમકી અપાયા પછી જ મહિનાની છેલ્લી તારીખોમાં એની ફી ભરાતી.

પણ કેટલાક મહિનાઓની એની એ જ પરિસ્થિતિને લીધે હવે ધીરેધીરે નિખિલરાયને એના ઉપર ક્રોધ અને રોષને બદલે કંઇક અનુકંપા ઉત્પન્ન થયા કરતી હતી. એ અનુકંપા પ્રેરનાર ઘણે ભાગે એની દયામણી મોટી અને સરળ આંખો હતી. ગમે તેટલા ઠપકા સાંભળીને પણ એ બે આંખો વધુ સરળ બની જતી. કદીકદી એ મોટી આંખોમાં ખુલ્લી લાચારી દેખાઈ આવતી ને નિખિલરાયનું હૃદય ગમ ખાઈ જતું. એમને ખબર ન પડે એમ એમના દિલમાં દયા ઉત્પન્ન થઈ જતી. ફી ઉઘરાવવાના દિવસોમાં આવું કંઇક વિશેષ બની જતું.

દર પહેલી તારીખે પટાવાળો વર્ગમાં લાલ પૂંઠાનો ચોપડો લઇને હાજર થતો, ને ચીમનની મોટી આંખોમાં કંઈક બીક પેસી ગએલી દેખાતી. એક પહેલી તારીખે એ ચોપડો આવ્યો અને વર્ગમાં શાંતિ છવાઇ ગઈ. નિખિલરાયે ચશમાંમાંથી એમાંની નોટીસના એકાદ અક્ષર તરફ નજર કરી અને સહી કરી આપી. પટાવાળો નોટીસ લઇને ગયો અને નિખિલરાયે કહ્યુ: 'કાલે ફી લાવવાની છે.' ને એમણે લેસન ચાલુ રાખ્યું. સંસ્કૃતનો અવર ચાલતો હતો. વચ્ચે નોટીસ આવવાને કારણે નિખિલરાયે જે શ્લોક અધૂરો મૂક્યો હતો એ ફરીથી એક વાર આખો બોલી ગયા:

सुखमापतितं सेव्यं दुःखमापतितं तथा।
चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च ॥

નિખિલરાય રોજની માફક પોતાની ફરજ બજાવ્યે જતા હતા. સંસ્કૃત એમનો પ્રિય વિષય! ઘડીમાં કોઈને પોતે બોલી ગએલા એ અર્થ પૂછતા, કોઈને શબ્દ પૂછતા, કોઇને રૂપ અને કોઇને ગણ!

નિખિલરાયે પાટિયું ભૂંસી ઉપર च લખ્યો. અને એનો ઉપયોગ સમજાવવા માટે કોઈ વિદ્યાર્થીને પૂછવાનું ધારી એક પછી એક વિદ્યાર્થીઓ તરફ જોવા લાગ્યા. ને એમની નજર ચીમન ઉપર પડી. નિખિલરાયને એના ચહેરા ઉપરથી સમજાઈ ગયું કે એનું ધ્યાન અભ્યાસમાં ન હતું. નિખિલરાય ભણતરમાં ધ્યાનસ્થ રેખાઓ પચીસ વર્ષમાં ખૂબ પારખતા થઈ ગયા હતા. એમણે જરા ગરમ થઇને પૂછ્યું: 'ક્યાં છે ધ્યાન તારું?'

ચીમન ઊભો થયો અને ચૂપ રહ્યો.

'ભસતો કેમ નથી? ક્યાં છે ધ્યાન?' નિખિલરાયે બરાડો પાડ્યો

'ક્યાંય નહિ સાહેબ!' ચીમન બહુ જ ધીરેથી બોલ્યો.

'બોલ ત્યારે, મેં શું કહ્યું?'

હજુ પણ ચીમન મૌન રહ્યો. એટલામાં વર્ગનો કોઈ છોકરો બોલી ઊઠ્યો: 'સાહેબ, સવારે ય વાંચતો નથી અને ચૉકલેટ વેચવા જતો રહે છે!' બીજો છોકરો બોલી ઊઠ્યો: 'અને સાહેબ, સાંજે અમારી શેરીમાં રોજ આઈસક્રુટના બે લીલા થર્મોસ લઇને આવે છે!'

ચીમન દીન બનીને ઊભો રહ્યો. નિખિલરાયની જીભ ઉપર શબ્દ આવી ગયા હતા: 'ત્યારે પછી લારી ફેરવીને ટીચાઈ ખાને! ભણવા શું કરવા આવે છે!' પણ એ શબ્દ ત્યાં જ અટકી ગયા. વર્ગમાં બધા જ વિદ્યાર્થીઓને થતું હતું કે સાહેબ હમણાં ચીમન ઉપર ઊતરી પડશે; ભણતાં ભણતાં બીજો ધંધો કરવાની ના કહેશે; આખો દિવસ ઊભો રાખીને ઝીરો પૂરશે. પણ નિખિલરાયે એને કંઇ જ કહ્યા વગર બેસાડી દીધો અને શરૂ કર્યું: चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च॥

નિખિલરાયનો ભણાવવાનો ય વેગ કોણ જાણે કેમ જરા જરા શિથિલ પડવા લાગ્યો. એમની નજર વારંવાર ચીમન તરફ પડી જતી હતી. એક ક્ષણ જાણે પોતાનો સૌથી નાનો છોકરો બજાર વચ્ચે ઊભો રહી 'આનાની બે' 'આનાની બે' કહી ચૉકલેટ વેચતો હોય એવી કલ્પનાઓ એમને આવવા લાગી. એમણે ફરી એક વાર ચીમન તરફ જોયું. ચીમનનો ચહેરો ખૂબ જ વ્યગ્ર હોય એમ જણાયું. નિખિલરાયે એ પણ જોયું કે કોઈ કોઈ વખત ચેનથી જાણે એનાં પોપચાં બિડાઈ જતાં હતાં ને મહા મહેનતે એ આંખો ઉઘાડી રાખવા પ્રયત્ન કરતો હતો. નિખિલરાયે એ જોયું ન જોયું કર્યું, ત્યાં તો ખૂણામાંથી એક છોકરો ઊભો થઇને બોલી ઊઠયો. 'સાહેબ, ચીમન ઊંઘે છે!'

નિખિલરાયને આ કહેનાર છોકરાની વૃત્તિ સમજાઇ નહિ. એમણે જાણે સાંભળ્યું જ નથી એમ ચાલુ રાખ્યું. અને બીજા ખૂણાના એક છોકરાને પૂછ્યું: 'પરિવર્તન્તે એટલે શું, ત્યારે?'

એ જવાબ આપે એ પહેલાં બીજો છોકરો બોલી ઊઠયો: 'હા સાહેબ, ઊંઘે છે હો.'

નિખિલરાયને હવે એ ધ્યાન ઉપર લેવું પડયું ને ચીમનને ઊભા થવા કહ્યું. એ ઊભો થયો એટલે નિખિલરાયે સહેજ બેદરકારીથી પૂછ્યું. 'કેમ ઊંઘે છે કલાસમાં?'

ચીમનને મૂંગા રહેવાની ખૂબ ટેવ હતી. એ ચૂપ જ રહ્યો. નિખિલરાયે એની સામે બરાબર જોયું. એની આંખો સહેજ રતાશ ઉપર હતી. નિખિલરાયે એને પૂછ્યું: 'કેમ, ઉજાગરો કર્યો છે કે શું?'

'હા સાહેબ.' ખૂબ જ ગરીબ બનીને ચીમન બોલ્યો.

'કેમ? તારે વળી અત્યારે એવું શું કામ આવી પડયું હશે?' બહોળા કુટુંબમાં ઉછરેલા નિખિલરાયને ખ્યાલ ન આવી શકયો કે ચીમનને પણ ઉજાગરા કરવા પડી શકે!

'સાહેબ, મારો નાનો ભાઇ ખૂબ જ માંદો છે.'

'તે તારી બા કે બાપુ હશે ને!'

'સાહેબ, મારા ફાધર તો દસ વરસ પહેલાં મરી ગયા છે. અને મારી બાને મરી ગયે છ મહીના થયા.'

બે નાનાં છોકરાંને ઉછેરતી વિધવા માતા ન મરી જઇ શકે એવો નિયમ યમરાજને ત્યાં થોડોક જ હોય છે?

છોકરાની તબિયત પૂછવા કરતાં નિખિલરાયથી સ્વાભાવિક બીજો જ પ્રશ્ન પુછાઇ ગયો: 'તો પ્રગતિ પત્રકમાં કોની સહી લાવે છે?'

'એ તો મારા એક પડોશીની લાવું છું.'

નિખિલરાયને આ પ્રથા ઉપર જરાક ચીઢ ચડી. ચીમને પ્રોગ્રેસ બુકમાં સહી કરાવી લાવવાની શી જરૂર? એનો હિતેચ્છુ એના સિવાય કોણ? નિખિલરાયને યાદ આવ્યું કે ગયે મહિને ચીમન છ દિવસ સુધી પ્રોગ્રેસ બુકમાં સહી નહોતો કરાવી લાવ્યો એ બદલ વર્ગના મૉનીટરે ત્રણ પીરિયડ ઊભો રાખ્યો હતો. તે સહી નહિ કરવાની બેદરકારી રાખનાર વાલી એ એના પડોશી જ હશે ને! કંઇક યાદ આવ્યું હોય એમ નિખિલરાય બોલ્યા:

'તો પછી એને માંદો મૂકીને કેમ નિશાળે આવ્યો છે?'

ચીમન બોલ્યો નહિ, એટલે એને ઘેર જવું હોય તો જઈ શકે છે એમ કહી નિખિલરાય પાછા પેલા શ્લોકની બીજી લીટી ફરી એક વાર બોલ્યા: चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च। ને ઘંટ વાગ્યો.

રાત્રે અગિયાર વાગ્યે નિખિલરાય પથારીમાં સૂતા. સ્કૂલનો પોતાનો વર્ગ નજર સમક્ષ આવ્યો. એ શ્લોક જાણે સુંદર કાગળ ઉપર ચીતરીને ચીમન ભીંત ઉપર ચોંટાડતો હતો. પૂરો ચોંટાડી રહ્યા પછી નિખિલરાય જાણે બોલી ઊઠયા: 'વાહ! વાહ!'...

चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च।

અને પોતે જાણે વર્ગમાં કહેવા લાગ્યા: 'મારાં પ્યારાં બાળકો—દોસ્તો. આ શ્લોક મરતાં સુધી ભૂલશો નહિ. દુઃખના ભારથી હતાશ ન થઇ જતા. અસંખ્ય ઉપાધિઓમાં પણ હિમાલયની જેમ સ્થિર રહેજો. દુઃખ અને સુખ તો જાણે મોસમી પવનો છે. એ નહિ આવે તો ય દુઃખ છે, આવશે તોય દુઃખ છે.'

પણ એટલામાં તો નિખિલરાય જાણે વિચારતંદ્રામાંથી જાગ્યા. એક કૂમળા ફૂલ ઉપર ધોધમાર હિમ પડતું હોય એમ ચીમન પર સંકટોના પહાડ તૂટતા લાગતા હતા. બાળક કેટલું સહન કરતો હતો! અત્યારેય કદાચ એ જાગતો હશે. એનું સ્હેજ રતાશભરી આંખો વાળું દીન વદન ઝોકાં ખાતું મહામહેનતે સચેત રહેવા મથતું હોય એમ નજરે આવ્યું. નિખિલરાયનું હૈયું સ્હેજ ભીનું થયું. પણ બીજી જ ક્ષણે એમને થયું: ચીમન શા માટે ભણવાનો મોહ રાખે છે? છ માસિક પરિક્ષામાં અંગ્રેજીમાં એના દસ માર્ક હતા. ગણિતમાં સોમાંથી પંદર ને ભૂગોળમાં સાત! આવી રીતે એ ઉપર પણ શી રીતે જઈ શકે? એ પોતાનો સમય ખરાબ કરે છે; વ્યર્થ ફાંફાં મારે છે. પૈસા અને સમયની આમ બરબાદી કરીને અંતે પસ્તાય એના કરતાં એને પહેલેથી જ સમજાવવો એ સારું છે એમ નિખિલરાયને લાગ્યું. પણ એની સાથેસાથે એક બીજો પણ વિચાર આવ્યો

—કે જ્યારે જ્યારે કંઈક નવું જ શિખવવામાં આવે છે ત્યારે ચીમન ઘણા જ સરસ જવાબ આપી શકે છે. એના એક બે દાખલા નિખિલરાયને યાદ આવ્યા. એક તો જ્યારે એમણે સલ્ધ ભેદ શીખવ્યા ત્યારે એણે ઘણા જ સંતોષકારક જવાબ આપેલા. બીજું જ્યારે એમણે 'ઇનડાઈરેકટ સ્પીચ' નો ખ્યાલ આપ્યો ત્યારે to-morrow ને બદલે next day મુકાય એ ચીમને જ કહ્યું હતું. આમ વિચારોમાં ને વિચારોમાં ચીમનનું શાના લીધે શું બગડી રહ્યું છે એ નક્કી કરતાં કરતાં એ ઊંઘી ગયા.

છઠ્ઠી તારીખે લગભગ બધાની ફી આવી ગઈ હતી. માત્ર બાકી રહ્યો હતો ચીમન. પાંચ દિવસ તો ચીમન નિશાળે આવ્યો ન હતો. આજે હાજરી પૂરતી વખતે નિખિલરાયે ચીમન સામે જોયું. ચીમન આજે ખૂબ મેલાં કપડાંમાં હતો. એની સામે જોયું એ વખતે એનું હૈયું ઠરી જતું હોય એમ લાગ્યું. એનો ચહેરો કાળો પડતો જતો હતો. નિખિલરાય કંઈ બોલી શકયા નહિ. એમણે કહ્યું: 'ચીમન ગભરાઈશ નહિ. આજે તારી વાત હું સાહેબને કરીશ, કદાચ તને માફી આપશે.'

નિખિલરાયની આ ઉપકારવૃત્તિથી ચીમન વધુ ઓશિયાળો બની ગયો.

ચોથો અવર નિખિલરાયને આરામનો હતો. એ ઑફિસમાં ગયા. એમનું હૃદય પણ સાહેબ પાસે જતાં જરા ધડકતું હતું. એમણે ઘણી દલીલો મનમાં ગોઠવી રાખી હતી. એ અંદર પ્રવેશ્યા. સાહેબ લખતા હતા, એટલે એમને એક ખુરશી બતાવી. નિખિલરાય કોટનાં બટન બરોબર બીડીને બેઠા. થોડી વાર પછી સાહેબે નિખિલરાય સામે જોયું અને બોલ્યા: 'હાં, બોલો.'

નિખિલરાય જરા કંપતે સ્વરે બોલ્યા: 'એ તો આપની પાસે વિદ્યાર્થીનો કેસ રજૂ કરવો હતો.'

'શાનો કેસ?'

'સાહેબ, એ વિદ્યાર્થી ખૂબ જ ગરીબ છે. પોતે ઘરમાં એકલો છે. ચૉકલેટ વેચીને ફી ભરે છે. એને માફી આપવામાં આવે તો!'

સાહેબ હેડ કલાર્ક સામે જોઇને હસ્યા.

નિખિલરાય મૂગા રહ્યા. થોડીવાર પછી (અનુ૦ પૃ૦ ૧૪૧મે)

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની
આપકથા

બાંધ ગઠરિયાં...



હવે આપણે ઉત્તર-દક્ષિણ, એટલેકે પાટે પાટે મુંબાઇ અમદાવાદની દિશામાં ફરવાને બદલે પૂર્વ-પશ્ચિમ જઇએ. પશ્ચિમમાં ફારમ, અને પૂર્વમાં કૅમ્પ. ફારમથી રસ્તો રેલપાટા કાપીને પૂર્વમાં કાંપમાં જતો. એ જ રસ્તે નવરોજી કાકાનું ઘર, પછી ફાટક, કારખાનું અને અમારા ઘર પાસેની બીજી ફાટક. એની આ બાજુ અમારું ઘર, સામે મઘજીની કોટડી. અમારા ઘરથી આગળ ચાલતાં, અન્નાસાહેબની બંગલી, (જે આજે મોજૂદ છે) ને પછી ગજ્જરનો બંગલો. ત્યાં ચાર રસ્તા મળે છે. એક સ્ટેશનથી પાટાને સમાન્તર આવે છે તે. પણ આપણે તો તેને વટાવી સીધા જ જઇએ. ત્યાં છે ગરનાળું. એવું કે અંધારી રાતે તો કોઈની મજાલ નહિ કે ઓળંગી જાય. આસપાસ મોટામોટા જંગી વાંસની જંગલ જેવી ગીચ ઝાડી. આ ચાર રસ્તાના ચોભેટા પર એકલા ઊભા રહેતાં છાતી ધડકે. એ પસાર કરી ગયા કે રેસિડેન્ટના બંગલાનો બગીચો આવે, અને પછી એના લશ્કરની છાવણી. રસ્તો સીધો જ ચાલ્યો જાય છે. જમણે હાથે રેસિડેન્ટના કૅામ્પાઉન્ડને પેલે છેડે, એક દાક્તર રહે: ડૉક્ટર શેખ. ભલો, પરગજુ, અતિ નમ્ર, માયાળુ, સેવાભાવી, સિદ્ધાંતવાદી, અને શરીફ દિલનો એવો માણસ કારખાનાથી કાંપમાં બીજો કોઈ જાણ્યો નથી. પછી આવે સાહેબાઓની ગૉલ્ફ રમવાની જગ્યા; બાજુમાં બે સુંદર, વિશાળ, વિસ્તરેલા વડ. એમાં ભૂત રહે! રાતે જે જાય એને મળે એમ કહેવાતું. કોઈને સળગતી સગડી પણ દેખાય! અને પછી આવે પોસ્ટ ઑફિસ. ત્યાંથી જમણે રસ્તે કાંપની નિશાળ, આગળ બધે બજાર, દેવળ, પચાસ પોણોસો ઘર અને મિશનરીઓનાં થાણાં.

કાંપમાં ચુનીભાઈ વકીલ બહુ જાણીતા વકીલ હતા. વાડીલાલ પારેખ ત્યાં રહેતા. અંગ્રેજ રેસિડેન્ટના દિવાન હતા, અને એમના રિટાયર થયા પછી દીવાન તરીકે માણેકલાલ આવ્યા. એ ત્રણે મારા બાપુજીના દોસ્ત. રેસિડેન્ટના દીવાનની ત્યારે શી જાહોજહાલી! એની બગી અને એનો ઠાઠ-અસબાબ હજી મને યાદ છે. માણેકલાલ કાકાના દીકરાઓ સાથે તો ઓળખાણ ઠીકઠીક રહેલી; પણ ક્યાં ૧૯૦૭-૮, અને ક્યાં ૧૯૪૭-૪૮! ચાલીસ વર્ષ પછી એક દિવસ અમદાવાદમાં એક ઠેકાણે જમતાં અચાનક વડોદરાની વાત નીકળી, અને જમવા બોલાવનાર વ્યક્તિએ જૂના વડોદરાની રસથી વાતો કહેવા માંડી. ત્યારે ખબર પડી કે, પોતે વાડીલાલ કાકાના પુત્ર, રમણિકલાલ પરીખ હતા.

ચુનીલાલ વકીલના બે છોકરા કાંપની નિશાળમાં ભણે: ઝવેર અને મોતી. વડોદરા સ્ટેશન પાસે રહેતા બીજા એક મારા પિતાના દોસ્ત બળવંતરાય યોધના બે છોકરા પણ ભણે: ભાસ્કર ને વામન. પણ મને એટલે દૂર નિશાળે મૂકવો શી રીતે? મારા પિતા કંઈ ઓછા જ આંગળીએ વળગાડીને લઈ જાય? અને બાથી તો જવાય જ કેમ? પણ બા એક વાત જાણતી. સવાર સાંજ નિયમિત ટ્રેનોની માફક, હીરાલાલ માસ્તર ફારમમાંથી કાંપમાં જતા. અમદાવાદથી છનો ફાસ્ટ આવવાની તૈયારી થાય કે હીરાલાલ માસ્તરનો સિગ્નલ પડે! લાંબો ડગલો, માથે ટોપી, ગળામાં એક છેડો આગળ ને બીજો પાછળ એ રીતે વીંટાએલો ખેસ, નક્કર જોડા અને હાથમાં ગાંઠાવાળી લાકડી એવા, એક જ ચાલે વક્રરથી ચાલતા હીરાલાલ સવારના જાય અને સાંજે પાછા વળે. એમને દૂરથી આવતા જોઈને કોઇને પણ મનમાં થઇ જાય કે આ નિશાળના મહેતાજી છે.

રસોડાની બારીમાંથી બા રોજ એ માસ્તરને જુએ અને દીકરાને ભણાવવાના મનસૂબા રચે. રસોડાને ઉમરે બેસીને એકડો-બગડો ઘૂંટતાં બાએ શીખવેલા. એક નાની પાટી, ચાકનો ખડિયો ને બરુનો કિત્તો, એટલો સરંજામ પણ મંગાવી રાખેલો. પણ બે આંકડે પહોંચેલા વિદ્યાર્થી માટે બાને હવે રોજની ચિંતા થયા કરતી.

શંકર મહારાજને પૂછીને બાએ એક બે સારા દિવસ જોવડાવી મૂક્યા હતા. તે દિવસે સવારે બહારને દરવાજે ક્યારની હીરાલાલની રાહ જોતી ઊભી રહેલી બાએ માસ્તર દેખાતાં કહ્યું, 'માસ્તર સાહેબ! જરા મહેરબાની કરશો? આ મારા બાબુને નિશાળે મૂકવો છે. અને—અને એમને તો વખત....'

ઠાવકાઇથી ઊભા રહેલા હીરાલાલે શાંતિથી આટલું સાંભળી આખી વાત સાંભળવા તૈયારી બતાવી. બાએ એમને ઘરમાં બોલાવી બેસાડ્યા, મને બોલાવી મંગાવ્યો, મારા ભણતરનો ઇતિહાસ કહ્યો, અને સાંજે પાછા વિગતો નક્કી કરવાનું સૂચવી હીરાલાલ ગયા.

બા તો મારી ખૂબ જ ખુશ થઈ ગઈ ને સાંજની રાહ જોતી બેઠી. બપોરે ડાહ્યાકાકાને કહેવડાવ્યું કે સાંજે ઘેર જતાં આવી જાય. ડાહ્યાકાકાએ ચિઠ્ઠી લખી પૂછાવ્યું કે 'શું કંઇ ભજિયાં બજિયાં છે?' પણ તે દિવસે બાનું મન ભજિયાંમાં નહોતું. એણે ચોખ્ખું લખ્યું કે બાબુને નિશાળે બેસાડવાનો છે ને સાંજે હીરાલાલ આવવાના છે એટલે ડાહ્યાકાકાએ બીજી ચિઠ્ઠી લખી પોતાને ઘેર. પરિણામે સાંજે પાંચ વાગે તો વૃદ્ધ માજી, એમનાં વહુ અને પોતે આવી ચઢ્યા.

'હેં ચીમનલાલ શેઠ! મેં તો ભજિયાં માગ્યાં. પણ આજે તો મજ્યું મોં થવાનું: હમે તો શીરો ખાવા આવ્યાં છીએ. (મને) એઈ! સેતાન! આમ આવ; ત્યારે તું ભણવાનો, કેમ?'

ત્યાં તો ડાહ્યાકાકાનાં માજી વચ્ચે બોલ્યાં:



*રસોડાની બારીમાંથી બા રોજ એ માસ્તરને જુએ અને દીકરાને ભણાવવાના મનસૂબા રચે.

'અરે હા હા! ચાલ, ગજક ના કર. આવ મારા ભાઈલા, આમ આવ. એ તો ઘણું ભણવાનો, બાલિસ્ટર થવાનો અને નામ કાઢવાનો.' અને મને ખોળે લેતાં હેત કરી બોલ્યાં: 'તારા બાપ કરતાં તો વધારે ભણજે જ, હં બેટા!'

'ચીમનલાલ, આ સાલો જમાનો જુદો આવવાનો. જો આપણે બે ચોપડી ફાડેલી, અને તમે બે વધારે વાંચેલી, પણ આ તો હવે ભણ્યા વિના નહિ ચાલે.' દાદાકાકા બોલ્યા.

'હવે ચીમન! તું તો કંઇ બોલ; દીકરાને નિશાળે મૂકવા બેઠા છીએ તે...' માજી બોલ્યાં.


'એ તો, માજી, તમે ને આ તમારા દીકરા, એ લોકો જાણે. હું કંઈ બહુ સમજું નહિ. ભણે તો સારું. અમે તો ભણી પરવાર્યાં.'

એટલામાં હીરાલાલ આવ્યા. બધાએ એમને ખૂબ માનભેર બેસાડયા. બધી વાતની ચર્ચા થઈ. અને બીજે દિવસે પોતે જ મને સાથે લઈ જઇ નામ દાખલ કરાવી દેશે એમ નક્કી કર્યું.

નિશાળ! બાધરજી વિના નિશાળે ન જતું. અને આખો દિવસ બાધરજી નિશાળમાં બેસે તો જ હું બેસું! બાધરજી રોજ સવારે મૂકવા આવે ને સાંજે તેડવા આવે: વહેલાં ઘેર જવાનું હોય તો બાની ચિઠ્ઠી જોઇએ. શરૂઆતમાં તો ખૂબ રડેલો; અને નિશાળમાં માર પણ પડેલો. ભાસ્કર યોધ, ઝવેર અને મૂળચંદ વકીલ ત્રણ જણા મળીને મને સમજાવે અને હું વર્ગમાં બેસું. હીરાલાલ માસ્તર વળી વચ્ચે વચ્ચે પટાવે. એમ નિશાળની શરૂઆત થઈ.

નિશાળનું મકાન નાનું, પાસે પાણીની પરબડી, ને આગળ નાનું ચોગાન હજી છે. ડાબે પડખે જરાક જ દૂર કમાટી બાગ, પણ ભણતર દરમ્યાન બાગ તો જોયો જ નહોતો! પિકનિક, પર્યટન, ઝાડ નીચે વર્ગો, રમતગમત વગેરેની ઉપયોગિતા શિક્ષણમાં ત્યારે સમજાઈ નહોતી. ૧૯૦૫-૬ના એ જમાનામાં ગિજુભાઈ ને મૉન્ટેસોરી જન્મ્યાં તો હશે, પણ કોઇને એવી વાતોની ખબર નહોતી.

ઘોળિયા મહેતાજી ભારે તીખી વ્યક્તિ. એ મોટા માસ્તર. સફેદ ફેંટો, સફેદ અંગરખું, સફેદ પિછોડી, અને ચામડી ગોરી. ખુરશી પર પગ ચડાવી કેડ અને ઘૂંટણની આસપાસ પિછોડી વીંટાળી બેસે. પોતાનો પાણીનો લોટા-પવાલું ટેબલ પર જ એક બાજુ રાખે ને વારે વારે એમાંથી પાણી પીએ. અને એમની બીજી બાજુ રહેતી નેતરની સોટી. આંક-પલાખાંમાં હોશિયાર, અને લેખાં તો મોઢે. જેને એ ન આવડે તે મૂઓ છૂટયો. દિવસ ઊગતાં જ નેતર ખખડવા



ઘોળિયા મહેતાજી

આવા અવતારે અમારો વરઘોડો વર્ગે વર્ગે ફેરવવામાં આવ્યો



માંડે. અગિયારથી પાંચ તો ગાંડમાંડ વાગે, એટલો એમનો ધાક.

બરાબર યાદ નથી; પણ આંક જ નહિ આવડયા હોય, તે એક દિવસ, મારો પાંચમે પડેલો મંગળ કાં તો વકરાયો, યા દસમે ઘનના ગુરુ સાથે બેઠેલા શનિ સાથે અફળાયો! આંક ન આવડયા કે ન આવડયાં પલાખાં. બસ. આજ સુધી વાંકા વળી અંગૂઠા તો પકડયા જ હતા; પણ આજે તો હદ થઇ. ઝવેર, એક બીજો અને હું, ત્રણ જણને સજા નક્કી થઇ. ગળામાં પાટી, કપાળે શાહીનો ચાંલ્લો ને હાથ માથા પાછળ બાંધી એની બખોલમાં પાટી ભરાવેલી. રડવાનું તો ચાલુ. શરમ તો એવી લાગે, પણ શું થાય? આવા અવતારે અમારો વરઘોડો વર્ગે વર્ગે ફેરવવામાં આવ્યો. અને સાથે, સરકસ–માસ્તર જેવા વડા મહેતાજી સોટી લઇને ચાલે, વર્ગે વર્ગે ભાષણો આપે: 'લેસન નહિ કરે તેની આ વલે થશે.' આ ઉપરાંત સોટીનો માર તે જુદો; કાન ખેંચાય તે નફામાં; ઘોલધબ્બા પડે તે વધારામાં.

અમારી આ મૈયત નીકળેલી લગભગ સાંજે; અને અમારી લગભગ મુરદા જેવી હાલતમાં હાથ છોડાતા હતા ત્યાં જ બરાબર બાધર આવી પહોંચ્યો. એણે આખો કિસ્સો પરબડીના પાણી પાનાર બ્રાહ્મણ પાસે સાંભળ્યો. સાંભળ્યો એવો જ એ ધુમરાયલા ચિત્તાની માફક વર્ગમાં ધસ્યો. મને લઈ લીધો અને ધૂળિયા મહેતાજીની ધૂળ કાઢવા માંડી. એટલામાં નાના માસ્તરો ત્યાં આવી પહોંચ્યા, હીરાલાલ પણ આવ્યા, અને પછી તો બીજા વર્ગના છોકરાઓનું ટોળું ઠીકઠીક થઇ ગયું. ધૂળિયા માસ્તરે બાધરને બહાર જવા બેચાર વાર કહ્યું. મેલા, ફાટેલા, કહેવાતા 'યુનીફારમ'માં ફરતા રહેતા પટાવાળાને બોલાવ્યો; પણ ટેબલ પર પડેલી વડા મહેતાજીની સોટી લઇને કારખાનાનો કલીમેન બાધરજી જે તાપથી ઊભો હતો તે જોઈ કોઇની દેન ન હતી કે એની પાસે સરખું કોઇ ફરકે.

એણે ધૂળિયા માસ્તરને તો પૂરી સંભળાવી. ફરીથી કોઇ પણ છોકરાનો વાળ પણ વાંકો કર્યો છે તો એ જ નેતરથી એની ખાલ ઉતારી નાખવાનું કહી દીધું. બાધરે ન તો હાથ ઉપાડયો, તેમ એકે અપશબ્દ પણ ન ઉચ્ચાર્યો, પણ કહેવાનું બધું (અનુ. પૃ. ૧૩૯ ઉપર)

મૌલી બંદર માંડવી


લેખક
રામસિંહજી
રાઠોડ

ધોળા ગોટ જેવું ખિલખિલાટ કરતું ફૂલપંખીઓનું ટોળું અને શુભ્ર રેણુ, ઉછરંગી દરિયો અને તેમાં તરતાં જતાં હંસ જેવાં વહાણો, ભરતી અને ગોટ, આષાઢી બીજ અને ઊર્મિભર્યાં માનવ હૈયાં: કચ્છના અગ્રણી બંદર માંડવીના નીતરતા જીવનકાવ્યનાં આ રસબસતાં અંગો. એમાં જે રાચે છે તેને માંડવીછાપ અંદરીના અણગમાનો ખ્યાલ આવતો નથી.


માંડવીવાસીઓને જે રોજિંદી ઘટમાળ જેવું બની ગયું છે ને જેનું મૂલ્ય કરવાની માંડવીમાં કોઇને પરવા નથી તે આ અંગોમાં મુસાફરને કાવ્યભાસ થાય છે. માંડવીનો રેતાળ દરિયાકિનારો કુદરતની જીવંત કવિતા છે ચમકારા મારતી અબરખ મિશ્રિત ત્યાંની રેતીમાં ઊગતી રાવળપત્રીનું સુંદર જાંબલી ફૂલ આ કાવ્યના પ્રતીક સરખું છે. એનું આકંઠ પાન કરતાં કદી જીવ ધરાય જ નહિ.

માંડવીની તવારીખ એટલે રત્નાકર અરબી સમુદ્રની કહાણી. સાગરશૂરા ખારવા અને જમાનાજૂનું ખખડધજ વહાણવટું એની આલામત છે. અહીંના દરિયાખેડુ એકએક ખારવાના જીવન પાછળ સમુદ્રમંથનની રોમાંચક કથા હશે. એની કડવીમીઠી નોંધ આજે તો દરિયાલાલના દરિયાવ દિલમાં ગરક થતી જાય છે. એ સાહસશોખી દરિયાસારંગોની ખોટાએલી ખાંભીઓ, નામાવશેષ રાખવાનાં અડપલાં જેવી લાગી દરિયાલાલને નથી ગમતી; એટલે સમુદ્ર પોતાના પેટમાંથી સ્થૂળ ફૂંફીફૂંફી એમને દાટી દે છે. દટાએલી આવી ખાંભીઓ ખોદાણમાં નીકળી હાથ આવી ત્યારે છાતી ગજગજ ઊછળતી હતી.

રુકમાવતીને તીરે માંડવીનું બંદર અને બજાર સ્થાયી નથી રહ્યાં. બંદરની નજીકમાં ચોમેર ગામ ફરતું રહ્યુ છે. જેનો જૈન પ્રબંધોમાં ઉલ્લેખ છે તે રિયાણપત્તન ક્યારનું યે ફીટીને રાયપુર થયું. રાયપુરમાંથી માંડવી બન્યું ત્યારે, ઈ. ૧૫૮૦ લગભગ, ટોપણે તેને ખીલવ્યું. રા' ગોડજીના વારામાં માંડવીનું વહાણવટું ચગી તેની ટોચે હતું. ઇ. ૧૭૮૦માં માંડવીમાં બંધાએલું એક વહાણ બ્રિટાનિયાની સફર ખેડી મલબાર પહોંચ્યું હતું. વહાણો બાંધવાની કળામાં માંડવીના વાઢા આજે પણ એવા જ પાવરધા રહ્યા છે. રા' લખપતે માંડવીમાં જ્યારે દરિયામહેલ બંધાવ્યો ત્યારે દરિયો તેના પગ પખાળતો. કારભારાંની આંટીઘૂંટી પણ માંડવીના વેપારને અટકાવી શકી નહિ.



માંડવી-કંઠારે દરિયાસારંગોની ખાંભીઓ (ફોટો · રામસિંહજી)



માંડવીના દરિયા કિનારાના ખોદાણમાંથી મળી આવેલી દરિયાખેડુઓની આવી ખાંભીઓ ઉપર વહાણના વિવિધ આકારો કોતરેલા છે, તે વિશિષ્ટ ગણાય.

દમણના વૈષ્ણવ માહીગીરો કચ્છના અખાતમાં મચ્છીનો ધંધો કરતાં માંડવીમાં આશરો લેતા આવ્યા છે. મલબાર અને મુંબાઈ, ઇરાની અખાત, રાતા સમુદ્ર અને અરબસાગરમાં, મોઝાંબિક જંગબાર અને ઝેડામાં માંડવીનું વહાણવટું મોખરે રહ્યું છે. માંડવીમાંથી જમીનમાર્ગે પોઠો ઉપર એ માલ મારવાડ લગી જતો અને પાલી તથા બનારસ સુધી માંડવીનો વેપાર ચાલતો. ઇમારતી લાકડાં, નાળિયેર, ખજૂર, અતલસ, હાથીદાંત અને મેવા-મસાલાની આયાત-નિકાસમાં માંડવી માતબર બન્યું છે. સમૃદ્ધિની ત્યાં છોળો ઊડતી રહી છે. પછી તો સ્ટીમરો માંડવીના દરિયામાં આવતી થઇ ને ઈ. ૧૮૭૨થી નિયમિત સ્ટીમરસર્વિસ માંડવી બંદરે ચાલુ થઇ.

દરિયાનો વિશેષ લાભ લેવા માનવબુદ્ધિએ ઈ. ૧૮૭૬માં માંડવીના દરિયામાં એક વૉટરની આડ ઊભી કરીને સમુદ્ર ઉપર કાંઠો કરવા પ્રયત્ન કર્યો. દરિયો ત્યારે રોષે ભરાઇ વિશેષ પાછો ખસ્યો. તો પણ ઓંજીસોંજી માંડવીની નાળ ખુલી છે. આ નાળ બહુ અઘરી બને તો પાસેનું મોઢવા માંડવીના વહાણવટાને સહારો દઈ સમારવા તૈયાર છે. પ્રકૃતિ સાથે ફરવામાં માનવીને નાનમ નથી. આજની નવી યોજના પ્રમાણે તો હવે કંડલાના કીચડભર્યા દરિયાઈ માગલામાંથી કચ્છી આબાદીનું કમળ વિકસશે. તે કદાચ યંત્રયુગના દાઢાદાંતાળા ચક્કરમાં અટવાતું પણ રહે. જ્યારે કચ્છની જાગતી જહાજાતને તો માંડવી સંઘરશે.

ખારવો વહાણે ચડે છે. ખારવણ વાણ વણી દહાડા કાઢે છે. ભાણ ડૂબ્યે અને ઊગ્યે સાંજસભુ દરિયાને તે અર્ઘ્યે છે. ઘૂંટણભર પાણીમાં ઊભી રહી પોતાના વ્હાલમને જીવનનો રોમહર્ષણ સંદેશો લે-દે છે ને વિરહનું વસમું દુઃખ વિસરે છે. રંગ અને રસની જીવન ભરતી આ રીતે આ સાહસભર્યાં માતબર જીવોને ટાઢા રાખે છે. દરિયો ખેડી ખારવે આણેલી સમૃદ્ધિ અષાડી બીજના બાલચંદ્ર જેમ સ્વાભાવિક ખીલે છે ત્યારે માંડવીની રૂપલક્ષ્મી દરિયાલાલને અર્ઘ્યં આપવા નીકળે છે. ઘેરો સાગર તેમના પગ ચૂમતો કૃતાર્થતા અનુભવે છે અને કચ્છની દરિયાવટનું મુખ માંડવી કુદરતના અખૂટ સૌંદર્ય સમું તે દિવસે દીપી રહે છે.

યોગાસનોની વ્યાયામ પદ્ધતિ એ એક જ

એવી પદ્ધતિ દુનિયામાં છે કે જે શરીર, મન અને જ્ઞાનતંતુઓ ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી હોય

લેખક
દામુભાઈ શુક્લ

આ લેખના લેખક શ્રી દામુભાઈ શુક્લ અમદાવાદની એક આગળપડતી માધ્યમિક શાળાના આચાર્ય હોવા ઉપરાંત યોગાસનોના વ્યાયામના વર્ષોના જાતઅનુભવી છે, અને એ વ્યાયામપદ્ધતિની વૈજ્ઞાનિક તથા બૌદ્ધિક બંને બાજુઓના અભ્યાસી છે. ઑલ ઇન્ડિયા રેડિયોના અમદાવાદ સ્ટેશનેથી તેમણે કરેલી તેની રજૂઆતની શૈલી એટલી વિશદ અને સરળ હતી કે લાંબા સમયથી એ વિષય 'કુમાર'માં કટકેકટકે આપવાની અમારી યોજનાને એ મૂર્ત કરશે એમ લાગ્યું; તેથી આ અંકથી (ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી) અમે તે શરૂ કરીએ છીએ.

આસનો માટે અનેક પ્રકારના દાવા કરવામાં આવ્યા છે. એક વિદ્વાને કહ્યું છે, 'આપણી બધી શક્તિઓનો સંવાદી વિકાસ યોગ વિના સાધવો અશક્ય છે. આપણને થતી કોઈ પણ જાતની નિરાશા કે નિષ્ફળતાનું કારણ યોગના અભાવમાં રહેલ છે. શહેરના કે ગામડાના માણસ માટે, શારીરિક કામ કરનાર ખેડૂત કે મજૂર તેમજ માનસિક કામ કરનાર લેખક શોધક માટે ગૃહસ્થી કે સંન્યાસી, દરેકને માટે પોતાની વિવિધ શક્તિઓ કેન્દ્રસ્થ કરી એમાંથી પૂરેપૂરો લાભ ઉઠાવવા સારુ યોગાસનો જ પરમ સાધન છે.' એક બીજા વિદ્વાને વળી કહ્યું છે, 'આ યુગનો માણસ આહાર-વિહારમાં કોઇ પણ જાતનો સંયમ પાળતો નથી. એની સ્વભાવગત નબળાઇઓ સામે એનું રક્ષણ કરવાની તાકાત અત્યારે એનામાં નથી. એથી એણે યોગાસનો જેવી કોઇ પદ્ધતિનો આશ્રય લઈ, શક્તિઓને રક્ષી, પોતાની આંતરિક શાન્તિને સાચવવી જોઇએ, કારણ Those who keep the peace of their inner self in the midst of the tumult of the modern city are immune from nervous and organic disorders. એટલેકે જેઓ અત્યારના ધાંધલિયાં શહેરોમાં પોતાની આંતરિક સ્વસ્થતા સાચવી શકે છે તેઓ જ્ઞાનતંતુઓ અને બીજા અવયવોના રોગમાંથી બચી શકે છે.'

એક દાક્તર સાહેબે લખ્યું છે: 'યોગાસનો મનુષ્યશરીરનો પૂર્ણ વિકાસ સાધે છે અને શરીરમાંથી કચરો, રોગ તથા દોષોને દૂર કરી એને આધ્યાત્મિક શક્તિઓને ઝીલવા સમર્થ બનાવે છે. એ, સાધકને એવું અપૂર્વ આરોગ્ય આપે છે કે જેના જેવું આરોગ્ય દુનિયાની બીજી કોઇ પણ વ્યાયામ પદ્ધતિ નથી આપતી. અને આની, કોઇ પણ બુદ્ધિશાળી માણસને ખાત્રી થાય એવી નક્કર અને વૈજ્ઞાનિક સાબિતીઓ છે.' આજીવન યોગનો અભ્યાસ કરનાર એક આસનભક્ત લખે છે કે 'યોગાસનોથી શરીર-મનની સમતા (Physico-chemical balance) સચવાય છે. જીવન્ત આરોગ્ય (Dynamic health) માટે આ પદ્ધતિ સર્વશ્રેષ્ઠ છે. ઉત્તમ દૈવી શરીર (the body divine) બનાવી આપવા આના જેવી બીજી કોઈ પદ્ધતિ હજુ શોધાઇ નથી, ઘરકામમાં વ્યાપૃત રહેનાર ગૃહિણીઓ માટે આના કરતાં ચડિયાતી કોઇ વ્યાયામપદ્ધતિ નથી.'

એક ભાઇએ લખ્યું છે, 'After 40 men put on weight in the front, and women at the back: ચાળીસ વરસની ઉમર પછી પુરુષોનો આગલો ભાગ (પેટની ફાંદ વગેરે) અને સ્ત્રીઓનો પાછલો (મેદથી) ભારે બની જાય છે. એટલે એમાં હૃદય નબળું પડે છે અને પછી મધુપ્રમેહ તથા બીજા મહારથી રોગો માણસનો કબજો લઈ લે છે. એક વખત આવો કબજો લેવાયા પછી તેમાંથી છૂટવું મુશ્કેલ છે. એટલે યોગાસનોની મૂળથી જ ટેવ રાખી રોગોને શરીરનો કબજો લેતાં અટકાવવા એ જ સાચો માર્ગ છે.' છેલ્લે એક ભાઇએ કહ્યું છે: 'આસનો શરીરને સુડોળ, સપ્રમાણ, મજબૂત ને નીરોગી બનાવે છે, તથા માણસનું તેજસ (nerve-energi) સાચવીને પ્રતિભા અને વ્યક્તિત્વ આપે છે.'

આ બધા દાવા સાચા છે? બધા જાણે છે કે શરીરને તંદુરસ્ત રાખવા માટે આપણે જે પેટમાં નાખીએ છીએ તે બરોબર પચવું જોઇએ. તેમાંથી બનેલું પોષણતત્ત્વ લોહી મારફત શરીરના બધા કોષોને મળવું જોઈએ અને ન પચેલા તથા નકામા પદાર્થોનું બરોબર વિસર્જન થવું જોઇએ. જે આંતરિક અવયવો આ બધાં કામ કરે છે તે જો સારી હાલતમાં હોય તો જ તેમ થઇ શકે. માટે, જે કસરત આ આંતરિક અવયવોને તંદુરસ્ત અને મજબૂત રાખે તે કસરત સારામાં સારી કહી શકાય.

૩૦ ફૂટ લાંબી આપણી અન્નનળીમાં એક છેડેથી ખોરાક દાખલ થાય અને બીજે છેડે તેનો કચરો નીકળે, ત્યાં સુધીમાં એ ખોરાક ઉપર અનેક સંસ્કારો પડે છે. ખોરાક ચવાય, પેટમાં જાય અને એનો રસ થઇ લોહીમાં મળે તે માટે એમાં મોંની salivaની ગ્રંથીઓમાંથી, પેટમાંની gastric ગ્રંથીઓમાંથી, લિવર અને પૅન્ક્રિયાસમાંથી રસો ભળવા જોઇએ તથા ૨૨ ફૂટ લાંબા નાના આંતરડાનું હલનચલન બરાબર થવું જોઇએ. પ્રયોગો કરીને સિદ્ધ કરવામાં આવ્યું છે કે આસનો આ બધા અવયવોને એકદમ સરસ સ્થિતિમાં રાખે છે અને મંદ તથા શિથિલ અવયવોને ચેતનવાળા કરે છે.

શરીરના દરેકે દરેક કોષને જીવંત રાખવા તેને પોષણ મળવું જોઇએ; અને એ કામ કરે છે હૃદય તથા શિરાઓ, નાક વાટે લેવાતો ઑક્સિજન જો પૂરતા પ્રમાણમાં લેવાય તો જ રૂધિર શુદ્ધ અને તાઝગીવાળું રહે. એ પણ સિદ્ધ કરવામાં આવ્યું છે કે હૃદય, ફેફસાં તથા રૂધિરવાહિનીઓને યોગ્ય કસરત અને આરામ આપી તેમને ઉત્તમ સ્થિતિમાં રાખવા આસન સિવાયની કોઇ કસરત છે જ નહિ.

આપણે જે પાણી અથવા પ્રવાહી લઇએ તે શરીરના ઉપયોગમાં આવી જાય છે. પણ કામ કરતા શરીરમાંથી યૂરિક ઍસિડ અને યૂરિયા નામનાં ખરાબ તત્ત્વો ઉત્પન્ન થાય છે. એમને બહાર કાઢવાનું કામ કિડની કરે છે. આસનો અને આસનોની અંદર જ જેનો સમાવેશ કર્યો છે તે ઉડ્ડીયાન અને નૌલી આપણાં કિડની વગેરે અવયવોને સારામાં સારી સ્થિતિમાં રાખે છે.

જ્ઞાનતંતુઓ જુદાજુદા અવયવોનું કામ સંભાળે છે અને તેમાં સંવાદિતા લાવે છે. ગમે તેવો માંસલ હોય જો તેને ચેતન અને પોષણ

આપનાર જ્ઞાનતંતુ નકામો થઈ જાય તો બિનઉપયોગી થઈ જાય છે. ક્રોધ ન આવવો, ગાંડા થઈ જવું, થાક લાગવો, ઉદાસ રહેવું, નીરસ થઇ જવું વગેરે આજે સામાન્ય બનતી જતી ફરિયાદો જ્ઞાનતંતુઓની અનવસ્થામાંથી જન્મે છે. આજની બધી વ્યાયામપદ્ધતિઓ બીજા અવયવોને તો ફાયદો કરી શકે છે, પણ જ્ઞાનતંતુઓને સદા પુષ્ટ અને તૃપ્ત રાખવાનું કામ આસનો જેટલું સારું કોઈપણ બીજી પદ્ધતિ કરી શકતી નથી.

શરીરમાં સમતા સાચવી એક ભાગ બીજાને ભોગે વધી ન જાય તે જોવાનું તથા તેનો વિકાસ સાધી તેને નારોગી અને સશક્ત રાખવાનું કામ glands માંથી આંતર-ગ્રંથીઓમાંથી ઝરતા રસો secretions કરે છે. જો આ secretions જોઈએ તેટલા પ્રમાણમાં ન થાય, એટલે કે વધારે કે ઓછાં થાય તો શરીરમાં અનેક ખામીઓ દેખા દે છે. આ ગ્રંથીઓને પણ આસનો સારામાં સારી સ્થિતિમાં રાખી શકે છે.

આ ઉપરથી સમજાશે કે આસનો એક ઉત્તમમાં ઉત્તમ વ્યાયામ-પદ્ધતિ છે અને બૌધિક કે વૈજ્ઞાનિક, કોઈ પણ દૃષ્ટિએ એ વિધાનને વાંધો આવી શકે તેમ નથી.


૧ શીર્ષાસન

કેટલાક નિષ્ણાતો શીર્ષાસનને બદલે બીજાં આસનો પહેલાં કરવાનું જણાવે છે. વસ્તુત: જુદાજુદા લેખકોએ જુદાજુદા ક્રમ આપેલા છે. સાધકો પોતાને ફાવે તે ક્રમ અપનાવી શકે છે, પણ અહીં બતાવેલો ક્રમ વધારે વૈજ્ઞાનિક અને લાભદાયક છે.

આસનો કરવા માટે એક આસન અથવા પાથરણું હમેશાને માટે તૈયાર કરી રાખવું જોઇએ. એક સાદડી કે શેતરંજી પાથરી, તેના ઉપર ઊનનું કે સુતરાઉ કપડું ચોવડું કરી પાથરવું, અને તેના ઉપર નિત્ય એક ધોએલો કાપડનો કકડો પાથરવો. માથાને સહેજ પણ ખૂંચે નહિ એટલું જાડું અને પોચું એ પાથરણું હોવું જોઇએ.

હવે સ્વસ્થ થઇને આસન કરવા માટે તૈયાર થાઓ. આપણે સૌથી પહેલું આસનોમાં શ્રેષ્ઠ શીર્ષાસન કરવાનું છે. એમાં શીર્ષ એટલેકે માથા ઉપર ઊભા રહેવાનું છે, માટે એ આસનને 'શીર્ષાસન' કહે છે.

પહેલાં આસન પાથરી એના ઉપર બેસી જાઓ. પછી કોણી સુધી બંને હાથ જમીન ઉપર મૂકી, જમણા હાથની આંગળીઓ ડાબા હાથની આંગળીઓમાં ભેરવો. હવે માથાને આંગળીઓની સાંકળ આગળ ગોઠવીને મૂકો. કપાળથી ઉપરના, માથાના આગલા ભાગ ઉપર નહિ, પણ પાછલા ભાગ ઉપર વજન આવે, તેવી રીતે માથાને ગોઠવવાનું ભુલાય નહિ. હવે હાથ અને માથા ઉપર વજન આવે એવી રીતે શરીરને ઊંચકો. પગ વાળેલા જ રાખો. શરીર ઊંચકતી વખતે સહેજ પણ જોર ન કરો, નહિ તો ગોઠીમડું ખાઇ જવાશે. એવી રીતે કદી ખાઈ જવાય તો ગભરાશો નહિ. એ રીતે ગોઠીમડું ન ખવાય તે માટે કેટલાક ભીંત પાસે રહીને આ આસન કરવાનું કહે છે. પણ એ બરાબર નથી. એમ કરવાથી તમારામાં આત્મવિશ્વાસ મોડો આવશે. જો ન જ ફાવે તો કોઈ મિત્રને પાસે ઊભો રાખી શકાય. પણ બનતાં સુધી કોઇ પણ જાતના ટેકા વિના જ આ આસન કરવાનો આગ્રહ રાખવો સારો છે. જો તમારી ઉમર નાની હશે તો બેચાર દિવસના જ પ્રયત્નમાં તમે શરીરને ઊંચકી શકશો. અને એવી રીતે શરીર ઊંચકાય એટલે તમે આસનનો એક ગોરચો સર કર્યો ગણાશે.



હવે ઢીંચણમાંથી વાળેલા રાખીને જ પગ ઊંચકો, પીઠ તો પહેલા વિભાગમાં સીધી થઇ જવી જોઇએ. હવે ઢીંચણ સુધીના પગ, એટલે કે જાંઘનો ભાગ સીધો કરો. એમ કરવું બરોબર ફાવે ત્યાર પછી ઢીંચણમાંથી વાળેલા પગને સીધા કરો. જેમ પગ ઉપર ટટાર ઊભા રહીએ છીએ તેમ હવે માથા ઉપર ટટાર ઊભા રહો. શરીરનો કોઈ પણ ભાગ વાળેલો કે વાંકો-ચૂકો ન રહે. આપણું આસન બરોબર રીતે થાય છે કે નહિ એ જોવા કાં તો સામે મોટો અરીસો રાખો, કાં કોઈ જાણકાર મિત્રને બોલાવીને બતાવો. પણ ભૂલભરેલી રીતે આસન કદી પણ કરવું નહિ. એથી ફાયદાને બદલે ગેરફાયદો વધારે થવાનો સંભવ છે. આસન કરતી વખતે શ્વાસ જેમ સામાન્ય રીતે લઇએ છીએ તેમ જ લેવો. સમય શરૂઆતમાં થોડો રાખવો. સારી તબિયત હોય તો એક કે બે મિનિટથી શરૂ કરી શકાય. આ એક જ આસન જેને કરવું હોય તે માણસ સમય વધારીને ૨૪ મિનિટ સુધી પણ લઇ જઇ શકે. પણ બીજાં આસનો સાથે આ આસન કરવું હોય તો વધારેમાં વધારે સમય ૧૨ મિનિટનો રાખવો સારો છે.

આ આસનથી આખા શરીરમાં બધાં જ આંતરિક અવયવોને ફાયદો થાય છે. મગજમાં સ્વચ્છ લોહી પૂરતા પ્રમાણમાં જાય છે એટલે મગજમાં આવેલી ગ્રંથીઓને તથા જ્ઞાનતંતુઓને સારી રીતે પોષણ મળે છે અને તે પ્રફુલ્લ બને છે. લેખકો, રાજદ્વારી પુરુષો, વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ અને બેઠાંબેઠાં ઑફિસોમાં કામ કરનારા માણસો માટે આ આસન સારામાં સારું છે.


પણ કાનમાંથી પરૂ વહેતું હોય ત્યારે કે આંખ અથવા દાંતનો દુખાવો ચાલુ હોય ત્યારે આ આસન કરવું નહિ. ખૂબ નબળા માણસો અથવા હૃદયના દર્દવાળા માણસોએ કોઈ નિષ્ણાતની સલાહ લીધા વગર આ આસન ન કરવું.

પિત્તનો કોઠો હોય એવા માણસોએ સવારમાં ખાલી પેટે આ આસન ન કરવું. થકવી નાખે એવો વ્યાયામ કર્યા પછી પણ આ આસન ન કરવું. ૧૫૦ થી વધારે ને ૧૦૦ થી ઓછા લોહીના દબાણવાળાઓએ તથા ૪૫ કે ૫૦ની ઉમર વટાવી ગએલાઓએ કોઈ નિષ્ણાતની સલાહ મુજબ જ આ આસન કરવું.

આરોગ્ય પ્રદર્શનનાં બોધચિત્રો


આ અંક બહાર પડશે એ જ દિવસોમાં અમદાવાદમાં સમસ્ત મુંબાઇ રાજ્યનું દ્વિતીય શારીરિક શિક્ષણ સંમેલન અને તેને અંગેનું આરોગ્ય સપ્તાહ ઊજવાતું હશે, જેનો ઉલ્લેખ અમે ગયા અંકને છેલ્લે પાને તેના ચિત્ર સાથે કર્યો હતો. પ્રજાનાં આરોગ્ય અને શરીરસૌષ્ઠવને લક્ષ્ય તરીકે રાખીને યોજવામાં આવેલા એના વૈવિધ્યપ્રચુર કાર્યક્રમમાં આરોગ્યને લગતું એક ખાસ પ્રદર્શન પણ યોજાએલું છે જેમાં રજૂ થએલાં આરોગ્ય, આહાર, વ્યાયામ, શરીરસ્વાસ્થ્ય વગેરેને લગતાં સંખ્યાબંધ બોધચિત્રોમાં પ્રજાને જાગૃત કરતી ઉત્તમ શિક્ષણસામગ્રી છે. તે પૈકી થોડાં ચોટદાર ને આકર્ષક ચિત્રો યોજકોની અનુમતિથી અમે મેળવી શક્યા છીએ, જેમાંનાં થોડાં આ પછીનાં બે પાનાંઓ ઉપર આપીએ છીએ. વાચકોને તે સંભાળપૂર્વક જોવા-સમજવાની અમારી ભલામણ છે. બાકીનાં ક્રમશ: આગામી અંકોમાં આપીશું.

પાછલા પાનાને છેડે ઉલ્લેખેલી શારીરિક શિક્ષણ પરિષદના પ્રદર્શનમાં રજૂ થએલાં, આરોગ્ય તથા શરીરસ્વાસ્થ્યને લગતાં બોધચિત્રો પૈકીનાં નવ ચિત્રો આ બંને પાનાં પર સામસામાં આપ્યાં છે. તેમાં પાછળનાં પાનામાં ઉલ્લેખેલા અનેક ઉપયોગી વિષયોના બોધ પૈકી, આપણા જીવનને અદૃશ્યરીતે ઉપયોગી એક ઘણી જ અગત્યની ટેવ—ટટ્ટાર બેસવા, ઊભા રહેવા તથા ચાલવા વિષેનાં પણ સંખ્યાબંધ ચિત્રો છે. આપણા શરીરના માનદંડ સમા કરોડરજ્જુનું મહત્ત્વ સમજાવીને ચિત્રોદ્વારા તેનો જે સચોટ બોધ તેમાં છે તેની પ્રતીતિ આ પાંચ ચિત્રો કરાવશે. એ બધાં ચિત્રો ઝીણવટથી વાંચવાની ભલામણ છે. (આલેખન : ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)






















શારીરિક શિક્ષણ પરિષદના પ્રદર્શનમાંનાં આહાર વિષયક બોધચિત્રો પૈકીનાં આ ચાર ચિત્રોમાં આપણા કયા કયા ખોરાક શરીરના કયા અંશ બાંધવામાં ઉપયોગી છે તે દર્શાવ્યું છે તેમજ ખોરાક તૈયાર કરવા વિષે ઉપયોગી સૂચનાઓ આપી છે.
(આલેખન : ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

બોધિજયંતી

વૈશાખી પૂનમ



'આ જ આસન પર મારું શરીર સુકાઈ જાઓ. મારા શરીરનાં ચામડી, માંસ અને હાડકાંની માટી થઈ જાઓ, પણ અનેક યુગોમાં મળવું મુશ્કેલ એવું મોક્ષદાયી જ્ઞાન ન મળે ત્યાં સુધી આ આસન પરથી આ કાયા ખસવાની નથી.' એવી ભીષ્મપ્રતિજ્ઞા લઇ એક જુવાન રાજવીએ પીપળાના એક ઝાડ નીચે આસન લગાવ્યું. ભવચક્રમાંથી છૂટી જવાના રસ્તાની તેણે ખોજ કરવા માંડી. મગજમાં વિચારો ભઠ્ઠીની પેઠે ધગધગવા લાગ્યા. એના માર્ગથી એને ચ્યૂત કરવા અનેક પ્રલોભનો, સંકટો અને મોહ તેમની આગળ આવ્યા. મનુષ્યજાતિનો શત્રુ અને કુટિલ તર્કનો આદ્ય ગુરુ જે 'માર', એણે પોતાની ચતુરંગ સેના સાથે આ દૃઢપ્રતિજ્ઞ માનવી પર હુમલો કર્યો. તેણે બીક, મમતા, લાલચ બધું બતાવી જોયું. વૃત્તિઓનું મહાયુદ્ધ જામ્યું. પણ છેવટે, વૈશાખી પૂનમની રાત્રે એ 'માર'નો પરાભવ થયો. એ યુવાનને જે જોઇતું હતું તે 'મોક્ષદાયી જ્ઞાન' લાધ્યું. એ 'મારજિત' થયો. એ યુવાન તે કપિલવસ્તુનો રાજવી શાક્યસિંહ ગૌતમ બુદ્ધ. આ દિવસે તેમને માનવ-ઉદ્ધારનું અમર જ્ઞાન પ્રાપ્ત થએલું; બોધિ પ્રાપ્ત થએલી. આથી આ દિવસ બોધિજયંતીના તહેવાર તરીકે ઊજવાય છે.

જનકલ્યાણ માટે કરેલી આ ભીષણ તપશ્ચર્યા ને ભવ્ય પુરુષાર્થપૂર્વક મેળવેલા અપૂર્વ મોક્ષજ્ઞાનને લીધે વિષ્ણુનો અવતાર મનાતા સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધનો જન્મ હિમાલયની તળેટીમાં કપિલવસ્તુ નામની નગરીમાં રાજા શુદ્ધોદનને ત્યાં થએલો. જોશીઓએ કુમારનું ભવિષ્ય ભાખ્યું કે કાં તો આ રાજપુત્ર ચક્રવર્તી રાજા થશે, કાં તો ધર્મસંસ્થાપક થશે. જો તેને વૈરાગ્ય ઉત્પન્ન થશે તો તે બીજો માર્ગ લેશે. આથી, જે વડે વૈરાગ્ય ઉત્પન્ન થાય એવાં ઘડપણ, રોગ અને મરણ પોતાના રાજપુત્ર સિદ્ધાર્થની નજરે ન પડે એવી વ્યવસ્થા કરીને રાજાએ પુત્રને સુખચેનના જ વાતાવરણમાં ઉછેરવા માંડયો. પણ સિદ્ધાર્થનાં લગ્ન થયા બાદ ઓચિંતાં વ્યાધિ, જરા અને મૃત્યુ તેના જોવામાં આવતાં તેને ભારે આઘાત થયો. દુનિયાનાં આ બધાં દુઃખો મટાડવાનો કોઇ ઉપાય હોવો જ જોઈએ અને તે મારે શોધી કાઢવે જ છૂટકો, એવો દૃઢ નિર્ધાર કરી તે રાજ્ય તથા સ્ત્રીપુત્રનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. સંન્યાસ ધારણ કરી, અનેક ગુરુઓ પાસે રહી જ્ઞાન મેળવ્યું. પણ તેથી સંતોષ થયો નહિ, છેવટે ભીષ્મ નિર્ધાર કરી પીપળાના ઝાડ નીચે બેઠા અને ૪૯ દિવસ લગી કંઈ પણ ખાધા વગર આત્મશોધ અને ચિંતન દ્વારા ધર્મબોધ મેળવવા પ્રયાસ કર્યો. આખરે દુનિયાનું દુઃખ મટાડવાનું જ્ઞાન—જેને બૌદ્ધ લોકો બોધિ કહે છે—તે તેમને પ્રાપ્ત થયું. અને સિદ્ધાર્થ 'બુદ્ધ' થયા.

જ્ઞાન પ્રાપ્ત થતાં તેમણે તેનો ઉપદેશ શરૂ કર્યો. સૌ પ્રથમ કાશી પાસે સારનાથના મંદિરમાં તેમણે તેનો ઉપદેશ આપવાની શરૂઆત કરી. હજારો લોકો તેમનો ઉપદેશ સાંભળવા ભેગાં થતાં. જેમને તે ઉપદેશ ગમતો તેઓ બૌદ્ધ ભિક્ષુ થતા ને બુદ્ધ ભગવાનને શરણે જતા. આવા ભિક્ષુઓના સંઘને રહેવા માટે શ્રીમંતોએ અનેક વિહારો બાંધી આપ્યા. આમ ધર્મચક્રનું પ્રવર્તન શરૂ થયું.

તેમના ઉપદેશનો સાર એ હતો કે કુદરત તરફથી આવેલું દુઃખ ભલે ટાળી ન શકાય એવું હોય, પણ તે ભારે તો નથી જ. ઘડપણ, વ્યાધિ, મરણ આદિ વસ્તુઓનું સ્વરૂપ વિવેકથી સમજી લઇએ તો તેનું દુઃખ મોળું પડે છે. મોટામાં મોટું દુઃખ તો આપણે જાતે જ, આપણી કદી ન છીપે એવી તૃષ્ણાથી ઊભું કરીએ છીએ. એ તૃષ્ણા જ આપણા આખા જીવનને કડવું ઝેર કરી નાખે છે. એ તૃષ્ણા જો છોડી દઇએ તો તરત આપણા દુઃખનો અંત આવે. તૃષ્ણાથી રહિત જીવન એટલે જ નિર્વાણ, કલ્યાણ.

તે વખતના કર્મકાંડ ને યજ્ઞયાગ સામે પણ બુદ્ધ ભગવાને ભારે વિરોધ ઉઠાવ્યો. યજ્ઞમાં પશુવધ કર્યે મોક્ષ મળતો નથી; બીજાના બલિદાનથી આપણને પુણ્ય નથી મળતું; પણ પોતે પુણ્યકર્મ કરીએ, પાપકર્મ છોડી દઇએ, વાસનાનો ત્યાગ કરીએ, એટલે કલ્યાણ જ છે એમ તેમણે શીખવ્યું. તેમણે ઘોષણા કરીને એ પણ જણાવ્યું કે વેર વાળવાથી વેર વધે છે. ક્ષમા કરવાથી, પ્રેમથી જ એ શમે છે.

૮૦ વર્ષની ઉમર સુધી તેઓ ઉપદેશ દેતા દેશભરમાં ફર્યા અને આખરે કુશીનારા—કુશીનગર—નામના ગામમાં નિર્વાણ પામ્યા.

ધીમેધીમે તેમનો ઉપદેશ માત્ર ભારતભરમાં જ નહિ પણ આ

* પીપળાના વૃક્ષ નીચે તપશ્ચર્યા કરતા ભગવાન બુદ્ધને સુજાતાએ ક્ષીરપ્રાશન કરાવ્યાની કથા જાણીતી છે. વિખ્યાત કલાગુરુ શ્રી નંદલાલ બસુએ બુદ્ધજીવનનાં આલેખેલાં છ ચિત્રોના, 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' પ્રેસે બહાર પાડેલા સંપુટમાંથી સાભાર ઉપરનું ચિત્ર અહીં ઉતાર્યું છે.

દેશની સીમાઓ ઓળંગીને એશિયાભરમાં ફેલાવા લાગ્યો. સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકારી દેશદેશાંતરમાં બૌદ્ધ ધર્મોપદેશકોને મોકલ્યા. પરિણામે આજે ચીન, જાપાન, બ્રહ્મદેશ, સિલોન આદિ દેશોમાં બૌદ્ધ ધર્મ પ્રચલિત છે. પરંતુ જ્યાં તેનો જન્મ થયો તે ભારતમાં તેનું વૃક્ષ કાયમને માટે જામ્યું નહિ.

મનુષ્ય જાત પ્રયત્નથી કેટલી ઊંચે ચડી શકે છે તેનું જ્વલંત ઉદાહરણ બુદ્ધ ભગવાન છે. દરેક વ્યક્તિના માર્ગમાં કામક્રોધાદિ શત્રુઓ બેઠેલા જ છે. તેમની સાથે લડ્યા સિવાય તેને મોક્ષનો માર્ગ જડતો નથી, બોધિ મળતી નથી. બોધિ પ્રાપ્ત કરવા પહેલાં મારને પરાજિત કરવો જોઇએ. બુદ્ધ ભગવાને જે નિશ્ચયથી મારનો પરાભવ કર્યો તે જ નિશ્ચયપૂર્વક પ્રત્યેકે આ સંસારનાં દુઃખ, ભય, ને લાલચો સામે લડવું જોઈએ. પોતાનો ઉદ્ધાર પોતે જ કરી શકે. બોધિજયંતીનો સંદેશ છે.

રોજિંદા જીવનમાં વિજ્ઞાન [૩૬] • લેખક · ડૉ. નરસિંહ મૂ. શાહ એમ.એસસી., પીએચ. ડી.

કોબાલ્ટ

વાદળી કાચ, હજામતની પતરી, અદૃશ્ય શાહી,— એવી ચિત્રવિચિત્ર સામગ્રીઓની બનાવટમાં વપરાતી છેલ્લા દશકામાં શોધાએલી આ નવી ધાતુ કાટથી તદ્દન મુક્ત અને ગમે તેવા ઘસારા સામે પણ મચક ન આપે તેવી મજબૂત હોવાથી અત્યંત ઝડપી યંત્રો માટે આજના ઉદ્યોગમાં અનિવાર્ય જેવી થઇ પડી છે.

કોબાલ્ટ એટલે નિકલ ધાતુનો ભાઇ. નિકલની માફક તેનું ખનીજ પણ તાંબાના ખનીજને મળતું આવે છે. તેને ભૂંજવાથી તેમાંથી લસણ જેવી ગંધ છૂટે છે. તેના પર વિવિધ રાસાયનિક ક્રિયાઓ કરવા છતાં તેમાંથી તાંબુ ન મળવાથી ખાણિયા તેને 'ખોટું ખનીજ' (કોબાલ્ટ) કહેતા. અને તાંબું નહિ મળવાનું કારણ જૂના કાળના ખાણિયા ભૂતની અસર લેખતા! ગ્રીક શબ્દ કોબાલ્ટ એટલે 'તોફાની ભૂત' એ ઉપરથી પણ કોબાલ્ટ નામ પડ્યું.

કોબાલ્ટ માટે સંસ્કૃતમાં 'ભાંડરંજન મૃત્તિકા' શબ્દ છે. પંજાબમાં એને 'રીત' કહે છે. સંસ્કૃત રીતિ શબ્દમાંથી એ આવેલો છે. હિંદીમાં તેને માટે સેત-સેરત શબ્દ છે જે સંસ્કૃત સિક્ત પરથી નીકળ્યો લાગે છે. આ ધાતુનું ખનીજ કાળી રેતી જેવું હોય છે એટલે સિક્ત એ નામ બરાબર છે. ટૂંકમાં કોબાલ્ટ માટે સંસ્કૃત શબ્દોની યોજના ખૂબ અર્થવાહી છે એમ ડૉ. દેસાઈ (ભારતીય રસશાસ્ત્રના કર્તા) માને છે અને આપણા બાપાલાલ વૈદ્ય પણ તે મત સાથે મળતા થાય છે.

પ્રાચીન મિસર દેશની કબરો તેમજ ટ્રૉયનાં ખંડિયેરોમાં સુંદર વાદળી કાચના નમૂના જડી આવે છે, તેનો રંગ કોબાલ્ટને કારણે છે. ખ્રિસ્તી દેવળોની રંગીન કાચવાળી બારીઓમાં વપરાતા વાદળી રંગના કાચની બનાવટમાં પણ કોબાલ્ટનો જ ઉપયોગ થતો. વાસણો ઉપર વાદળી મીનો ચડાવવામાં કોબાલ્ટનું ખનીજ મુખ્ય હોય છે. આમ કોબાલ્ટનો ઉપયોગ અતિ જૂના વખતથી થતો આવે છે.

કોબાલ્ટવાળા ખનીજને ભૂંજી, રેતી અને પોટાશ્યમ કાર્બોનેટ સાથે ગરમી વડે ઓગાળવાથી સુંદર વાદળી કાચ બનતો. આ રંગ સોમલને આભારી છે એમ મનાતું. પરંતુ ઇ. સ. ૧૭૩૫માં બ્રાન્ડ્ટે પહેલું પુરવાર કર્યું કે એ ખનીજમાં કોઈ નવીન ધાતુ છે તે જ વાદળી રંગ પેદા કરે છે. ૧૭૮૦માં બર્ગમાને તેના પર વધુ સંશોધન કરી એ ધાતુના ગુણધર્મ તપાસ્યા અને તેને કોબાલ્ટ તરીકે ઓળખાવી.

કોબાલ્ટયુક્ત મહત્ત્વનાં ખનીજોમાં લોઢું, ગંધક, સોમલ અને થોડાં અંશે સોનું રૂપું પણ હોય છે. આમ કોબાલ્ટનાં ખનીજો ખૂબ મિશ્ર હોય છે એટલે નિકલની માફક તેમાંથી કોબાલ્ટને છૂટું પાડવું મુશ્કેલીભર્યું છે. આથી ખનીજમાંથી કોબાલ્ટને જ કાઢવા માટે કોઇ ખાસ ઉદ્યોગ ચાલતો નથી. પણ બીજી ધાતુઓ કાઢવાની ક્રિયામાં કોબાલ્ટ પેટાપદાર્થ તરીકે મળી આવે છે. બે દસકા ઉપર ઓન્ટારિયોમાં કોબાલ્ટ શહેર નજીક આવેલી રૂપાની ખાણોમાં રૂપું કાઢી લીધા પછી કોબાલ્ટ કાઢવામાં આવતું; પણ હવે કોબાલ્ટનું મુખ્ય પ્રાપ્તિસ્થાન ઉત્તર ર્‌હોડેશિયા અને બેલ્જિયન કૉન્ગોમાં કાટાન્ગાની તાંબાની ખાણો છે. આ ઉપરાંત ફ્રેન્ચ મૉરોક્કોની સોનાની ખાણો અને બર્માની નિકલની ખાણોની ઉપપેદાશ તરીકે કોબાલ્ટ નીકળે છે.


આજ સુધી રંગીન કાચ, ઇનૅમલ, (મીના) અને ગ્લેઈઝ (રોગાન)ની બનાવટોમાં વપરાતા કોબાલ્ટનો ઉપયોગ હવે મિશ્ર ધાતુઓની બનાવટના ક્ષેત્રમાં અતિ મહત્ત્વનો ગણાતો જાય છે. ખૂબ ઝડપથી ચાલતાં યંત્રોની બનાવટમાં, ઘસાય નહિ એવા કાટમુક્ત કોબાલ્ટવાળી મિશ્ર ધાતુઓએ અતિ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ૬૦ ટકા કોબાલ્ટ, ૨૫ ટકા ક્રોમિયમ અને ૧૫ ટકા ટંગ્સ્ટન યા મોલીબ્ડૅનમની બનેલી મિશ્ર ધાતુ 'સ્ટેલાઈટ' અતિ સખત અને કદી જ કાટ ન ખાય એવી બને છે. વાઢકાપમાં ઉપયોગી સાધનો આ જ મિશ્ર ધાતુમાંથી બને છે. કટલરીમાં વપરાતું ફેસ્ટેલ પણ કોબાલ્ટ, લોહ અને ક્રોમિયમની મિશ્ર ધાતુ છે. ૩૫ ટકાવાળું કોબાલ્ટ-ગજવેલ મૅગ્નેટોમાં કાયમી લોહચુંબક બનાવવા માટે વપરાય છે અને બીજા લોહચુંબક કરતાં તે ૬૦ ગણું વધારે વજન ઊંચકે છે! હજામતની બ્લેઇડો (પતરીઓ) બનાવવામાં પણ કોબાલ્ટવાળું ગજવેલ જ વપરાય છે. કોબાલ્ટ પ્લેઈટિંગ કરેલા પદાર્થોની ઉપલી સપાટી સખત અને ચકચકિત રહે છે. રંગરોગાનની બનાવટમાં કોબાલ્ટના ક્ષારો સૂકવનારા પદાર્થો (driers) તરીકે કામ આપે છે.

કોબાલ્ટ-ક્લોરાઈડનું દ્રાવણ અદૃશ્ય શાહી તરીકે વપરાય છે. આ દ્રાવણ વડે લખેલું લખાણ અદૃશ્ય રહે છે, પરંતુ કાગળને જરા ગરમ કરવાથી તે વાદળી રંગ પકડે છે, ને ઠંડું પડતાં પાછું અદૃશ્ય થઈ જાય છે.

કોબાલ્ટ ધાતુ રંગે રૂપા જેવી સફેદ હોય છે, પરંતુ તેને જરા આછી વાદળી રંગની ઝાંય હોય છે. નિકલને આવી ઝાંય નથી હોતી, એટલે નિકલ અને કોબાલ્ટ તુરત ઓળખી શકાય છે. કોબાલ્ટ પર પૉલિશ ખૂબ ચકચકિત થાય છે. કોબાલ્ટના ક્ષારોનાં દ્રાવણો આછા ગુલાબી રંગનાં હોય છે.

છેલ્લા બે દસકાની નવી ધાતુઓમાં કોબાલ્ટે ઘણું અગત્યનું સ્થાન લીધું છે અને તેના ઉપયોગો એટલા વધતા જાય છે કે ઉદ્યોગોમાં તેની જરૂરિયાત આજે અનિવાર્ય બની ગઈ છે.


કુદરત આપણને જમીન ને જંગલોની કેટલી મબલખ સમૃદ્ધિ આપી છે! પણ આપણાં અજ્ઞાન, અન-આવડત કે આળસને લીધે તે એળે જાય છે.



ગયા અંકના 'ચિત્રબોધ' વિભાગમાં 'આપણો દેશ' નામે પુસ્તક-માંથી 'આપણે ગરીબ કેમ છીએ' તેનાં કારણ અને પ્રમાણ દર્શાવતો એક આલેખ આપ્યો હતો. તેમાં, આપણને કુદરતે બક્ષેલી કેટલી અઢળક સમૃદ્ધિને આપણે કેવળ આપણાં અજ્ઞાન, અન-આવડત કે આળસને લીધે એળે જવા દઈએ છીએ તેનો આલેખ આપ્યો હતો. એ સમૃદ્ધિઓ પૈકી જમીન અને જંગલો વિષયક આપણી સમૃદ્ધિનો બોધક ખ્યાલ આ ઉપરના આલેખમાં આપ્યો છે. ડાબી બાજુના ચિત્રમાં આપણા દેશની જમીનની ફળદ્રુપતાનો ખ્યાલ આપ્યો છે. તેમાં (પડખે આપેલી સંજ્ઞાઓ દર્શાવે છે તેમ) કરકરી કાળી લીટીવાળો થોડોક ભાગ પર્વતોથી અને તદ્દન જ કોરો ભાગ રેતાળ જમીન વડે રોકાએલો છે; તે સિવાયનો બાકીનો આખો યે દેશ, અનેકવિધ પાક ઉગાડી શકાય તેવી વિવિધ કક્ષાની ખેતીલાયક જમીનથી ભરેલો છે. એમાં જે તદ્દન રંગીન મોટો ભાગ છે તે તો રસકસવંતી કાંપની જમીનનો છે. દુનિયામાં જે ગણ્યાંગાંઠ્યાં ફળદ્રુપ મેદાનો છે તેમાંનું એક મેદાન આપણા સિંધુગંગાની ખીણના ઉત્તરપ્રદેશનું છે. એની જમીનનું દળ સેંકડો ફૂટનું ગણાય છે ને તેમાં એવા તો ઉત્તમ પ્રકારની ફળદ્રુપતા છે કે થોડું ખાતર નાખતાં તરત જ તેમાંથી વળતર મળે છે. સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર-કર્ણાટક આદિની કાળી જમીન કાળા સમૂહથી દર્શાવી છે તે પણ ઉત્તમ ખેતી લાયક છે. તેમાં વરાડ બાજુની કાળી જમીન તો કપાસના પાકને માટે એટલી ઉત્તમ છે કે તેના મોટા ભાગમાં હજારો વરસોથી ખાતર નાખ્યા વગર જ વાવેતર કરવામાં આવે છે છતાં સારો પાક આપે છે. માત્ર રંગીન ટપકાં વડે દર્શાવેલી 'રાતી જમીન' ઓછી કળદાર ને ઓછી ફળદ્રુપ છે. આમ, જમીનમાં કુદરતની આટલી કૃપા હોવા છતાં આપણે (ગયા માસના આલેખમાં દર્શાવ્યું હતું તેમ) તેનો માત્ર ૩૦ ટકા ભાગ જ ખેડી ખાઈએ છીએ અને ૭૦ ટકા જેટલી જમીન પડી રહે છે.


એવું જ આપણાં જંગલોની સમૃદ્ધિ વિષે. હિંદમાં એક લાખ માઇલ જેટલા વિસ્તારોમાં જંગલો પથરાએલાં છે. ને જંગલો પ્રજાજીવન માટે કેટલા મહામૂલાં છે તે આપણે નથી જાણતા. બળતણ માટે કાષ્ટ, મકાન માટે ઈમારતી ને ફરનીચરનું લાકડું તથા કાગળની બનાવટના માવા માટેનું લાકડું પૂરું પાડવા ઉપરાંત રબર, લાખ, ટર્પેન્ટાઈન વગેરે જેવા પ્રજાને ઉપયોગી પદાર્થો અને ઔષધોના ઉત્પાદન માટેનું તે મોંઘું ક્ષેત્ર છે. ને તે ઉપરાંત વરસાદને આકર્ષવામાં, જમીનમાં પાણી સંઘરવામાં, જમીનનું ધોવાણ અટકાવવામાં, ભૂમિની ફળદ્રુપતા વધારવામાં અને દેશનું ઉષ્ણતામાન ઘટાડવા જેવાં અદૃશ્ય કાર્યોમાં તેનો એવો કિંમતી ફાળો છે કે જંગલો વિનાનો દેશ કંગાલ જ ગણાય. ઉપરના આલેખમાં સંજ્ઞાચક્રમાં લીલા ભાગથી દર્શાવ્યા પ્રમાણે દેશની ૧૩ ટકા ભાગ જમીનમાં જ જંગલો છે, અને તે ક્યાં ક્યાં છે એ ભારતના નકશામાં ઝાડ વડે આલેખી બતાવ્યું છે. આપણી ખરી ફરજ તો એ હોવી જોઈએ કે એ જંગલોની સમૃદ્ધિનો પૂરેપૂરો ઉપભોગ કરતાં જવાની સાથે તેમાં વૃદ્ધિ થતી રહે તે આપણે જોવું જોઈએ; તેને બદલે આપણે (ગયા અંકમાં દર્શાવ્યું હતું તેમ) માત્ર તેનો ૨૫ ટકા ભાગ જ વાપરીને પોણો ભાગ એળે જવા દઈએ છીએ, એટલું જ નહિ પણ જે વાપરીએ છીએ તે ફરી ઉગાડવામાં બેદરકાર રહીએ છીએ. આપણી આ અન-આવડત, આળસ અને અજ્ઞાનનું શું કહેવું?

કુદરત આપણને જમીન ને જંગલોની કેટલી મબલખ સમૃદ્ધિ આપી છે!



ગયા અંકના 'ચિત્રબોધ' વિભાગમાં 'આપણો દેશ' નામે પુસ્તકમાંથી 'આપણે ગરીબ કેમ છીએ' તેનાં કારણ અને પ્રમાણ દર્શાવતો એક આલેખ આપ્યો હતો. તેમાં, આપણને કુદરતે બક્ષેલી કેટલી અઢળક સમૃદ્ધિને આપણે કેવળ આપણાં અજ્ઞાન, અન-આવડત કે આળસને લીધે એળે જવા દઇએ છીએ તેનો આલેખ આપ્યો હતો. એ સમૃદ્ધિઓ પૈકી જમીન અને જંગલો વિષયક આપણી સમૃદ્ધિનો બોધક ખ્યાલ આ ઉપરના આલેખમાં આપ્યો છે. ડાબી બાજુના ચિત્રમાં આપણા દેશની જમીનની ફળદ્રુપતાનો ખ્યાલ આપ્યો છે. તેમાં (પડખે આપેલી સંજ્ઞાઓ દર્શાવે છે તેમ) કરકરી કાળી લીટીવાળો થોડોક ભાગ પર્વતોથી અને તદ્દન જૂજ કોરો ભાગ રેતાળ જમીન વડે રોકાએલો છે; તે સિવાયનો બાકીનો આખો યે દેશ, અનેકવિધ પાક ઉગાડી શકાય તેવી વિવિધ કક્ષાની ખેતીલાયક જમીનથી ભરેલો છે. એમાં જે તદ્દન રંગીન મોટો ભાગ છે તે તો રસકસવંતી કાંપની જમીનનો છે. દુનિયામાં જે ગણ્યાંગાંઠ્યાં ફળદ્રુપ મેદાનો છે તેમાંનું એક મેદાન આપણા સિંધુગંગાની ખીણના ઉત્તરપ્રદેશનું છે. એની જમીનનું દળ સેંકડો ફૂટનું ગણાય છે ને તેમાં એવા તો ઉત્તમ પ્રકારની ફળદ્રુપતા છે કે થોડું ખાતર નાખતાં તરત જ તેમાંથી વળતર મળે છે. સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર-કર્ણાટક આદિની કાળી જમીન કાળા સમૂહથી દર્શાવી છે તે પણ ઉત્તમ ખેતીલાયક છે. તેમાં વરાડ બાજુની કાળી જમીન તો કપાસના પાકને માટે એટલી ઉત્તમ છે કે તેના મોટા ભાગમાં હજારો વરસોથી ખાતર નાખ્યા વગર જ વાવેતર કરવામાં આવે છે છતાં સારો પાક આવે છે. માત્ર રંગીન ટપકાં વડે દર્શાવેલી 'રાતી જમીન' ઓછી કળદાર ને ઓછી ફળદ્રુપ

ણ આપણાં અજ્ઞાન, અન-આવડત કે આળસને લીધે તે એળે જાય છે.



છે. આમ, જમીનમાં કુદરતની આટલી કૃપા હોવા છતાં આપણે (ગયા માસના આલેખમાં દર્શાવ્યું હતું તેમ) તેનો માત્ર ૩૦ ટકા ભાગ જ ખેડી ખાઇએ છીએ અને ૭૦ ટકા જેટલી જમીન પડી રહે છે.

એવું જ આપણાં જંગલોની સમૃદ્ધિ વિષે. હિંદમાં એક લાખ ચોરસ માઇલ જેટલા વિસ્તારોમાં જંગલો પથરાએલાં છે. ને જંગલો પ્રજાજીવન માટે કેટલા મહામૂલાં છે તે આપણે નથી જાણતા. બળતણ માટે કાષ્ટ, મકાન માટે ઇમારતી ને ફરનીચરનું લાકડું તથા કાગળની બનાવટના માવા માટેનું લાકડું પૂરું પાડવા ઉપરાંત રબર, લાખ, ટર્પેન્ટાઇન વગેરે જેવા પ્રજાને ઉપયોગી પદાર્થો અને ઔષધોના ઉત્પાદન માટેનું તે મોંઘુ ક્ષેત્ર છે. ને તે ઉપરાંત વરસાદને આકર્ષવામાં, જમીનમાં પાણી સંઘરવામાં, જમીનનું ધોવાણ અટકાવવામાં, ભૂમિની ફળદ્રુપતા વધારવામાં અને દેશનું ઉષ્ણતામાન ઘટાડવા જેવાં અદૃશ્ય કાર્યોમાં તેનો એવો કિંમતી ફાળો છે કે જંગલો વિનાનો દેશ કંગાલ જ ગણાય. ઉપરના આલેખમાં સંજ્ઞાચક્રમાં લીલા ભાગથી દર્શાવ્યા પ્રમાણે દેશની ૧૩ ટકા ભાગ જમીનમાં જ જંગલો છે, અને તે ક્યાં ક્યાં છે એ ભારતના નકશામાં ઝાડ વડે આલેખી બતાવ્યું છે. આપણી ખરી ફરજ તો એ હોવી જોઈએ કે એ જંગલોની સમૃદ્ધિનો પૂરેપૂરો ઉપભોગ કરતાં જવાની સાથે તેમાં વૃદ્ધિ થતી રહે તે આપણે જોવું જોઈએ; તેને બદલે આપણે (ગયા અંકમાં દર્શાવ્યું હતું તેમ) માત્ર તેનો ૨૫ ટકા ભાગ જ વાપરીને પોણો ભાગ એળે જવા દઇએ છીએ, એટલું જ નહિ પણ જે વાપરીએ છીએ તે ફરી ઉગાડવામાં બેદરકાર રહીએ છીએ. આપણી આ અન-આવડત, આળસ અને અજ્ઞાનનું શું કહેવું?

અવ્વલ નંબરના ખેલાડીને પણ જે રમતાં
દોઢ-બે મિનિટમાં તો ભોંય ભારે થઇ પડે છે એવી
અને ચતુરાઇ તથા ચીલઝડપથી ભરેલી જેની
એકેએક ક્ષણ
સમસ્ત શરીરને તંગ બનાવી મૂકે છે એવી
મર્દોની રમત



[ખો આપતાં વેંત ચીલઝડપે એક બેસે છે અને બીજો ઊડે છે.]

ખો ખો

લેખક
વાસુદેવ ભટ્ટ

નાનપણમાં ચકભિલ્લુની રમત રમતા એ જ રમત આજે ખોખોનું સ્વરૂપ પામી છે તેનો વિચાર કરતાં વાંદરામાંથી માણસ કેવી રીતે થયા તેનો ખ્યાલ આવે છે. વાંદરામાં સુષુપ્ત રહેલી શક્યતાઓ ઉત્ક્રાન્તિને ક્રમે બહાર આવીને માનવ દેખાયો, એ જ પ્રમાણે ચકભિલ્લુની રમત જેમજેમ રમાતી ગઇ તેમતેમ તેમાં ઢંકાએલો પડેલો કસબ અચ્છા ખેલાડીઓએ બહાર આણ્યો અને તેને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું.

નાનપણમાં એક વાર બજારમાંથી થોડું ખાવાનું લઈ ઘેર આવતો હતો. પોળમાં પેઠો ત્યાં જ એક સમડીએ પાછળથી આવી ખાવાનાનું પડીકું ઝડપી લીધું. તે નાસવા તો ગઈ, પણ ઉપર પોળનો મેડો હતો એટલે જરા ગભરાઇ. પોળમાં રમતા મારા ચારપાંચ મિત્રોને એથી મઝા પડી અને અમે બધા સમડીને પકડવા દોડયા. ગભરાએલી સમડીએ ઝડપ એકદમ વધારી, પણ રસ્તો સૂઝયો નહિ એટલે આમ-તેમ નાસવા માંડી. પછી તો જાણે એ તરત જ નાસી ગઈ, પણ સમડી સાથેની એ સાતતાલી મને કાયમ માટે યાદ રહી ગઈ.

ખોખોની રમતમાં, પાકી પ્રયુક્તિઓ શીખ્યા વગરના કોઇ ખેલાડીને બહાવરો બની રમતો જોઉં છું ત્યારે મને પેલી સમડીની સાતતાલી યાદ આવે છે. અને ખરી રીતે ખોખો એ એક જાતની સાતતાલી જ છે. ટૂંકામાં કહીએ તો, નવ જણ એકબીજાના સહકારથી એક જણને પકડવા જાય તેનું નામ ખોખો. એમ તો હુતુતુમાં પણ એમ જ બને છે. પણ એમાં પેલા નવ જણોએ પેલા એકને પકડવાનું ફરજિયાત નથી. જ્યારે આમાં તો એ જ રમતનો મુખ્ય મુદ્દો છે. એટલે આમાં, રમતને ઉગ્ર બનાવવી કે મંદ તે રમનારના હાથની વાત નથી, પકડનારના હાથની વાત છે. નવ જણ એકનો પીછો પકડે એટલે પેલા રમનારનું તો આવી જ બને. પણ એમ દરેક વખતે રમ-નારનું આવી ન બને અને તે પણ પોતાનો કસબ દેખાડી શકે એટલા માટે પકડનારા પર જુદાંજુદાં બંધનો મૂકવામાં આવે છે. આ બંધનોનો વિચાર કરીએ તે પહેલાં અત્યારે રમાતી આ રમતનો જરા વ્યવસ્થિત ખ્યાલ મેળવીએ.

નવ નવ જણાની બે ટુકડી પડે. એક ટુકડી મારનાર અને બીજી રમનાર ગણાય. મારનાર એટલે દાવ આપે તે–પકડવા જાય તે; રમનાર એટલે દાવ લે તે. એના મેદાનની રચના આ રીતની હોય:

મારનાર ટુકડીમાંના આઠ જણ, ઉપર જણાવેલા મેદાનમાં જ્યાં ખો, ખો લખ્યું છે ત્યાં, એક જણનું મોઢું આ બાજુ રહે અને બીજાનું પેલી બાજુ, એમ બેસી જાય. નવમો જણ પકડવા માટે છુટો રહે. બેઠેલા આઠ જણની બન્ને બાજુ એક એક ખૂંટ દાટેલો હોય. ખૂંટ એટલે ખૂબ જાડી વળી. તે જમીનની બહાર ચાર ફૂટ દેખાતી હોય.

મારનારા ગોઠવાઈ જાય એટલે બે રમનારા મેદાનમાં આવે અને ગમે ત્યાં ઊભા રહે. રમત શરૂ થાય એટલે પેલો એક પકડવા જનાર, બે રમનારામાંથી ગમે તે એકને પકડવા જાય. રમનાર તેનાથી બચવા દોડાદોડી કરે. એમાં, પકડવા જનાર, જરૂર જણાય ત્યારે ઓચિંતો જ પોતાના ગમે તે ભિલ્લુને 'ખો' આપે;–એટલેકે પકડવા જવાનો પોતાનો હક્ક તેને નામે ચડાવી આપી તેને ઉઠાડે અને પોતે તેની જગ્યાએ બેસી જાય. એમ કરતાં કરતાં બે પૈકી એક રમનાર પક-ડાઇ જાય એટલે તે બહાર નીકળે અને તેને બદલે એક ત્રીજો રમનાર મેદાનમાં દાખલ થાય. આ પ્રમાણે રમત ચાલ્યા કરે.

આમ તો આ રમત બહુ સીધી સાદી લાગે છે; અને જો આ જ પ્રમાણે રમવાની હોય તો તો નીરસ પણ થાય. પરંતુ એમ નથી થતી એનું એક કારણ છે પકડનારા પરનાં બંધનો. એ ચાર જાતનાં હોય છે: (૧) એકીસાથે એક જ જણ પકડવા નીકળી શકે; અને એ પકડવા જનારને થાક યા બીજા કારણે જ્યારે જરૂર જણાય ત્યારે બીજા કોઇને ખો આપી શકે. (૨) ખો આપવાની ક્રિયા અમુક જ રીતે કરી શકાય. પકડનાર તેનો ખોટો લાભ ન ઉઠાવે એટલા ખાતર તેમાં ખાસ નિયમનો લાગુ પાડેલાં છે. (૩) ખો મેળવનાર ભિલ્લુએ ખો મેળવ્યા પછી જે બાજુ જવા માંડયું હોય તે જ બાજુ તેણે દોડવું પડે, પાછું ન ફરાય. (૪) પકડનારા ભિલ્લુઓ જે એક સીધી લીટી પર બેઠેલા હોય છે એ સીધી લીટીને મધ્યપાટી કહે છે. કોઈ પણ સંજોગોમાં કોઈ પણ પકડનાર આ મધ્યપાટીને અડકી કે ઓળંગી ન શકે.

આ બંધનો એટલાં કપરાં છે કે સારામાં સારા ખેલાડીઓ પણ તેનો સંપૂર્ણ અમલ કરી શકતા નથી; એનો ભંગ થાય જ છે. આ બંધન ભંગને ભૂલ કહેવામાં આવે છે; અને ગમે તેવી સારી ટુકડી સાત મિનિટની રમતમાં સારી સંખ્યામાં ભૂલો કરવાની જ. બરાબર તાલીમ નહિ પામેલી ટુકડી તો કેટલીક વાર સો જેટલી ભૂલો કરી નાખે છે! પરિણામે કેટલાક ખોખોની રમતને 'ભૂલની રમત' ગણે છે.

અને રમનાર જાણે છે કે પકડનાર પર આટલાં બંધનો છે, એટલે એ બંધનોનો લાભ એ ઉઠાવવાનો જ. દાખલા તરીકે પકડનારથી

પાછા ફરી શકાતું નથી, એટલે રમનાર એવી રીતે ઓચિંતાનો પાછો ફરી જાય કે પકડનાર થાપ ખાઇ જાય અને લાચારી સાથે તેને આગળ જ વધવું પડે. આ પ્રમાણે પાછા ફરવું અને પકડનારને થાપ આપવી એ આ રમતની એક પ્રયુક્તિ થઈ. એમ એવી પ્રયુક્તિઓ આ રમતમાં ઘણી છે, અને તે બધી પેલાં બંધનોમાંથી જ જન્મે છે. દાખલા તરીકે પકડવા જનાર મધ્યપાટીને અડકી કે ઓળંગી શકતો નથી, એટલે રમનાર દોડીને મધ્યપાટી ઓળંગી જવાનો.

પરંતુ પકડનાર પણ સમજી ગયા હોય છે કે પોતાના પરનાં બંધનોનો લાભ રમનારાઓ અમુક રીતે ઉઠાવવાના, એટલે તેઓ પણ તેના સામે પોતાની તરકીબો અજમાવે છે; અને એમ પકડનારની પ્રયુક્તિઓ ઉદ્‌ભવે છે. ઉપરાંત પોતાની ઉપરનાં બંધનોનો ભંગ ન થાય તે રીતે રમત ચાલુ રાખવા સાથે ઝડપ વધારવાના પ્રયત્નો પણ તે કરે છે. આમાંથી પણ કેટલીક પ્રયુક્તિઓ બહાર આવે છે.

રમનારની પ્રયુક્તિઓ : (૧) પકડનારથી બચવા માટે મધ્યપાટી ઓળંગી સામી બાજુ ચાલ્યો જાય; (૨) પકડનાર ખો ન આપી શકે તેવી બારીમાં ઘુસીને એ પ્રમાણે ઉપરાઉપરી બારી પકડી સર્પાકૃતિએ રમે; (૩) પકડનારને થાપ આપવા પાછળ પલટી લે.


પકડનાર (૧) ખો આપવા તથા લેવામાં ઓચિંતો છાપો મારે; (૨) દિશા પકડવાની ચતુરાઇ દાખવે અને થાપ ન ખાવાની કાળજી રાખે; (૩) મધ્યપાટીને અડકયા વિના તેની પેલી બાજુ હાથ લંબાવી રમનારને ઝપટ મારી લે; (૪) દોડતા રમનારના પાછલા પગની એડીને હાથની ઝપટ મારે; વગેરે પ્રયુક્તિઓ અજમાવવાનો.


આ ઉપરાંત પ્રયુક્તિઓની દૃષ્ટિએ એક ખાસ અગત્યની જગ્યા છે ખૂંટ. ખૂંટ ઉપર તો રમનાર અને પકડનાર બન્ને જણ પોતપોતાનો હાથ અજમાવવાના અને જમાવવાના. નાસતો રમનાર ખૂંટ પકડી તેની મદદે પોતાની ઝડપ વધારવાનો તથા તેનો ટેકો લઇ પોતાને લેવાનો વળાંક વળવાંનો; જ્યારે પકડનારો, રમનારે ખૂંટ પર મૂકેલા તેના હાથને પોતાનો હાથ મારવાનો, અથવા ખૂંટના અવલંબન પર પોતાનું બધું વજન નાખી બીજો હાથ લંબાવીને મધ્યપાટીની પેલી બાજુ નાસતા રમનારને ઝપટ મારવાનો.

આ બધી પ્રયુક્તિઓ કાગળ પર તો શું શોભવાની હતી? તેની શોભા અને આનંદ તો મેદાન પર જ છે. ખુલ્લાં, છોલાએલાં અને માટીવાળાં શરીર સાથે ડાઘવાળાં, અને કદાચ ફાટેલાં, કહેવા પૂરતાં કપડાં પહેરેલા ખેલાડીઓ પોતાની અદ્‌ભુત ચીલઝડપ, સતત દોડયા જ કરવાની શ્રમસહતા અને ક્ષણે ક્ષણે વાપરવી પડતી તરતબુદ્ધિથી ભરેલા પોતાના કસબ વડે જ્યારે ઉપરની પ્રયુક્તિઓને અજમાવતા ખેલતા હોય છે ત્યારે મેદાન પરની હવા જાણે વીજળીના પ્રવાહથી ભરેલી હોય એવી ચેતનામય બની જાય છે.

જુઓ, સામે જ જુઓ! પકડનારને મધ્યપાટીની પેલી બાજુ રાખ રમનાર આ બાજુ આવી ગયો છે. બેઠેલા ભિલ્લુની બરાબર સામે, પંદરેક ફૂટ દૂર આવી તે ઊભો છે. પેલા ચૂકેલા પકડનારે એ જ બેઠેલા ભિલ્લુને ખો આપી છે. બેઠેલો એ ભિલ્લુ ઊભો થાય છે. તેને જરા જુઓ તો ખરા. કેટલો સાવચેત છે! તે જાણે છે કે પોતે ગમે તે એક બાજુ પોતાનો પગ મૂક્યો એટલે રમનાર બીજી બાજુ નાસી જવાનો અને પોતાને થાપ આપવાનો. એટલે બરાબર પોતાની બેઠકના બિન્દુની સામે જ પગલાં મૂકતો આગળ વધે છે. અને રમનાર પણ વગર મફતની દોડાદોડી કરે તેવો મૂર્ખ નથી. એટલે એ થાપ આપવાના પેંતરા કરી રહ્યો છે. એક દિશામાં જવાનો ચાળો કરે છે પણ એ દિશામાં જતો નથી. પેલો પાસે ને પાસે આવતો જાય છે. આ જરા પાછો ખસતો જાય છે, પણ કોઇ એક દિશામાં નિશ્ચિત રીતે જતો નથી. દિશા પકડવાનો અભિનય વધારે જોરદાર કરે છે. આપણને એમ જ લાગે કે હવે તો તે એ બાજુ દોડવાનો જ. પણ ના. અરે, પણ પેલો પકડનાર તો બહુ પાસે આવી ગયો છે. રમનારે હવે નાસ્યા વગર અથવા પલટી લીધા વગર બીજો ઉપાય નથી. જુઓ જુઓ, પેલા પકડનારે સાવચેતીભરી ચાલ મૂકીને હવે આ એકદમ ચીલઝડપ મારી! મર્યો, એ મર્યો, રમનાર મર્યો! નાસ, નાસ અલ્યા, નહિતર પેલાએ તને ઝડપ્યો સમજ. રમનાર પણ ચેત્યો. તેણે ઝડપ લીધી. જમણી બાજુ ફલાંગ ભરી. પકડનાર સમજી ગયો કે હવે એણે નાસવા માડ્યું છે અને તે પણ જમણી બાજુ. એટલે તેણે પણ પોતાની ઝડપ એકદમ વધારી અને પગલાં જમણી બાજુ વાળ્યાં. પણ પેલો રમનાર વધારે ચકોર નીકળ્યો. પકડનારે પહેલું પગલું જમણી બાજું મૂક્યું. અને બીજું પગલું મૂકે તે પહેલાં તો રમનારે પલટી લીધી. એક સેકંડના બસોમા ભાગની ઝડપે તેણે ડાબી બાજુ લાંચી મારી! એ એક પગલું જ પૂરતું હતું. બીજું પગલું તેણે ટૂંકાવ્યું અને ત્રીજા પગલે તો ઝડપ ઘટાડી સ્વસ્થ થવા લાગ્યો. દરમ્યાન પેલો પકડનાર તો વેગમાં ને વેગમાં જમણી બાજુ ત્રણે પગલાં દોડી ગયો હતો, એટલે હવે તેણે નછૂટકે એ જ દિશામાં આગળ વધી પાસેમાં પાસેના ભિલ્લુને ખો આપી.

ખો લેનાર ભિલ્લુ ઊઠયો. તેણે જોયું કે પેલો રમનાર ફરીથી પેલી જ જગ્યાએ જૂના ખો લેનારની બરાબર સામે ગોઠવાયો છે. એટલે તેણે હુમલો ન કરતાં નવી યુક્તિ અજમાવી.





ડાબી બાજુ: ખોખોના મેદાનનો નકશો. જમણી બાજુ: 'પલટી'નું આલેખન (ઉપરથી દૃશ્ય)

જેની ઘણાને ખબર નથી

૩૦૦મો અંક બહાર પડયા પછી 'કુમાર'ની માગણી એટલી વધી ગઈ કે હજી પણ પાછલા અંકો માટે સતત માગણીઓ આવ્યા જ કરે છે; અને અમુક અપવાદો સિવાય બધા જ, છેક ૩૦૦મા અંકથી શરૂ થઇને ચાલુ વર્ષના અંત સુધી ગ્રાહક તરીકે નોંધાવાનો આગ્રહ રાખે છે. પરિણામે હવે પાછલા અંકોમાં ખૂટ પડવા લાગી છે અને ઉપર મુજબ ૩૦૦મા અંકથી સળંગ ગ્રાહકો નોંધી શકાય એ રીતની ફાઈલનાં **માત્ર બાર જ નંગ બાકી છે.** છતાં એનો દર તો અમે અઢાર રૂપિયા જ રાખ્યો છે. એ પછી ગ્રાહક થનારને પાછલા અંકો દરેક છ આને નંગ લેખે અને ૩૦૦મો અંક બે રૂપિયે મળશે. સેઇલ્સ ટૅક્સ, રજીસ્ટ્રેશન પોસ્ટેજ વગેરે જુદું.

તેણે તો ચડપ લઇને એ બેઠેલા ભિલ્લુને લાગલી ખો જ આપી! અને એ ખો લેનાર જૂનો ભિલ્લુ ફરી ઊઠયો. એણે વિચાર્યું કે રમનારે હજુ સાત સેકંડ પહેલાં જ પલટી લઇ પોતાને થાપ આપી છે, એટલે પોતે તેનો ભોગ થઈ ન પડવું.

રમનારે એક વાર તેની આંખ સામે આંખ મિલાવી જોઈ અને થાપ આપવાના પેંતરા શરૂ કર્યા. રમનાર સમજી ગયો કે પકડનાર પૂરતો સાવચેત છે. વળી અગાઉ તેણે પોતાની ઝડપનો પણ પરચો બતાવેલો છે. એટલે આ વખતે તેણે વ્યૂહ બદલ્યો, અને થાપ આપવાનો કશો જ પ્રયત્ન કરવાને બદલે ઝપાટાબંધ એક દિશા પકડી લીધી અને ઝડપથી એક બેઠેલા ભિલ્લુના મોં પાસેથી મધ્યપાટી ઓળંગી. પકડનારે પણ પૂરી ઝડપ સાથે તેનો પીછો પકડયો. રમનાર બારીમાં પેઠો (મધ્યપાટી ઓળંગી), એટલે હવે ખો આપ્યા વિના છૂટકો નથી. પણ પેલો જ્યાંથી અંદર પેઠો ત્યાં બેઠેલા ભિલ્લુનું મોં પોતાની તરફ છે, અને ખો તો પીઠેથી જ અપાય, એટલે લાચારી સાથે તે આગળ વધ્યો અને પછીના–ત્રીજા ભિલ્લુને ખો આપી.

ખો લેનાર ફરી પેલાની પાછળ પડયો. પેલાએ એ જ તરકીબથી ફરી બારી પકડી. પેલાએ ફરી ખો આપી. રમનાર હવે દોડતો જ જાય છે.—પણ એક નવી જ પ્રયુક્તિ અજમાવતો: કે પોતાની પાસે બેઠેલા ભિલ્લુનું મોં પેલા પકડવા દોડતા ભિલ્લુની તરફ જ રહે એમ સર્પાકૃતિએ તે હવે બારી પકડતો જાય છે, પણ આની સામે પકડનારાએ પણ પ્રયુક્તિ અજમાવી તો. તેમણે ઉપરાઉપરી ખો જ આપવા માંડી! ખો, ખો, ખો, ખો સિવાય મેદાન પર હવે કાંઈ જ સંભળાતું નથી (વચ્ચે વચ્ચે 'ભૂલ' એવા પંચના અવાજ આવ્યા કરે છે.) ચીલઝડપે એક બેસે છે ને બીજો ઊઠે છે અને રમનારની પાછળ પડે છે. પણ રમનાર સર્પાકૃતિ દોડમાં એટલી ઝડપથી આગળ વધે છે કે પાંચ જ સેકંડમાં તે એક બાજુના ખૂંટ પાસે આવી પહોંચે છે.


હવે જરા ધ્યાન રાખીને ઝીણી નજરથી ખૂંટ અને ખૂંટ પર પડતા હાથ જોયા કરજો. રમનારે હાથ લંબાવી ખૂંટ પકડયો, તેનો ટેકો લઈ ખેંચ્યો, વળાંક લીધો, અને ખૂંટની અર્ધી પ્રદક્ષિણા પૂરી કરી. આ દરમિયાન તો, તેની પાછળ જે સાત જ ફૂટના અંતરે હતો તે પકડનાર હવે તેમની લગોલગ આવી ગયો! તરત તેણે જોયું કે રમનારનો હાથ ખૂંટ પર છે, એટલે તેણે ફલાંગ ભરી હાથ લંબાવ્યા અને ખૂંટ પરના રમનારના હાથ પર પોતાના હાથ બીડવા ઝાવું નાખ્યું! પરંતુ રમનાર પણ પાકો ગણતરીબાજ હતો. તેણે કરાળતાથી આવતા પકડનારના હાથ જોયા, ને તે ખૂંટ પર પડે ન પડે તે પહેલાં તો પોતાનો હાથ ખેંચી લીધો. પકડનારે રમનારના છટકતા હાથ જોયા. અરે, એક ઇંચ, ત્રણ ઇંચ, છ ઇંચ! શું નાસી જશે?

પકડનારે હવે છેલ્લો પ્રયત્ન કર્યો. ભોંઠા પડીને ખૂંટ પર બીડાએલા પોતાના હાથ પર જોરથી ટેકો લઈ તેણે પોતાનું આખું યે શરીર ખૂંટ પાસે થઈ મધ્યપાટીની ઉપર હવામાં લંબાવ્યું, એક હાથ છોડયો, લંબાવ્યો ને પેલા દૂર છટકતા હાથને ઝડપવા પોતાની બધી તાકાત સાથે એ હાથ ફેંકયો. પણ પેલા રમનારે ભૂતકાળમાં આવા પ્રસંગોનો યે સામનો કરેલો હતો; એટલે તેણે પોતાનું આખું શરીર મધ્યપાટી અને ખૂંટથી દૂર ખેંચ્યું,—ખેંચ્યું શું ફેંકયું, ને ફરી દોડ શરૂ કરી. હાથની રમત ફરીથી પગની રમત બની.


ફરી પાછી સર્પાકૃતિ રમત શરૂ થઈ. જુઓ તો ખરા! ચાર પગ કેવા દોડયા જાય છે! બે પગ હરણની માફક એકસરખા લયથી અને પવનના વેગથી એકધારી દોડ લગાવી રહ્યા છે. ને તેની પાછળ બીજા બે પગ સખત વેગ લે છે તરત અટકે છે અને ત્રીજા બે પગ તેનું કામ શરૂ કરે છે. આમ એ દોડતા પગ, લંબાતા અને વીંઝાતા હાથ, 'ખો' 'ખો'ની બૂમો, એ બધાં પર સતત નજર રાખતી બધા ભિલ્લુઓની આંખો, સતત સતેજ ને ક્રિયાશીલ રહેતા જ્ઞાનતંતુઓ, અને એ બધાને દોરતી તેમની પાછળની યોજના: આ બધાંનો સરવાળો તો કરી જુઓ. ને તે બધાંને માટે કેટલી શક્તિની જરૂર પડતી હશે તેનો અંદાજ લગાવી જુઓ: માત્ર અંદાજ જ. એક પાકી ટુકડી પકડવા બેઠી હોય ત્યારે પહેલી કક્ષાના ખેલાડીને–શક્તિનો ને ઝડપનો ખજાનો ગણાતા ખેલાડીને, એક મિનિટ સવા મિનિટ કે દોઢ મિનિટ રમતાં તો ભોં ભારે થઇ પડે છે. ને કદાચ એ બે મિનિટ સુધી રમી ગયો તો, પકડાયા પછી તેના માનમાં પડતી તાળીઓનો ગડગડાટ પણ તેના કાને પહોંચી શકતો નથી; કારણ કે તે તો એ વખતે ધૂળમાં આળોટતો અર્ધ બેભાન અવસ્થામાં તેની છાતીની ધમણ ધમધમાટ ઊંચીનીચી કરતો પડયો હોય છે. આ પરથી આ રમતમાં વપરાતી શક્તિ, ઝડપ ને ચતુરાઇના મૂલ્યનો ખ્યાલ આવશે.

પણ છતાં આ રમતનું સાચું મૂલ્ય આંકવા માટે તો હજી પણ થોડો વિચાર કરવાની જરૂર છે. નવ જણનો સહકાર જુઓ. એક જણ પોતાનું કામ બીજાને સોંપે. બીજો એ કામને આગળ વધારે: એવી લગાતાર એકતાનતાથી કે બંને ભિલ્લુ જુદાજુદા માણસ નહિ પણ એક જ વ્યક્તિનાં જાણે બે અંગ હોય તેમ એ કાર્ય કરે. એકનું આદર્યું બીજો પૂરું કરે તેની તાલીમ આપતી આ રમત એક બીજી તાલીમને પણ અવકાશ આપે છે, ને તે એ કે આરામ તો શું પણ જરા શિથિલ પણ પડયા વિના શક્તિના છેલ્લા ટીપા સુધી કાર્યમાં લાગ્યા રહેવાની આદત.

શિક્ષકો આ ગુણોની તાલીમ આપે, ખેલાડીઓ આ રમત દ્વારા પોતાનો ઉત્તમોત્તમ કસબ વિકસાવે, અને જાગવા માંડેલી જનતા આપણી આ પોતીકી રમતને ગૌરવભર્યું સ્થાન આપે, એ દિવસો સ્વતંત્ર ભારતમાં બહુ દૂર નહિ હોય એવી આશા છે.







ડાબી બાજુ: 'ભારતીય શિલ્પ'–મધુકર પટેલ; (બીજું ઈનામ) જમણી બાજુ ઉપરનું: 'સાગર તટે'–જગતકુમાર પારેખ (ત્રીજું ઇનામ); નીચે: 'વરાળ યંત્ર' કુ. ભગવતીબેન પટેલ (નોંધપાત્ર).

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: મોકૂફ; બીજું ઈનામ: 'ભારતીય શિલ્પ'–મધુકર મગનભાઈ પટેલ (વસો); ત્રીજું ઇનામ: 'સાગર તટે'–જગતકુમાર પારેખ(અમદાવાદ); નોંધપાત્ર:'ઊગતો ભાનુ'–ગોકુલદાસ વિસનજી (કલીકટ); 'વરાળયંત્ર'–કુ૦ ભગવતીબેન પટેલ, પોરબંદર; 'શાહે આલમ'–જગતકુમાર પારેખ, અમદાવાદ.

આ વખતની હરીફાઇનાં ચિત્રોમાં વિષયની વિવિધતા સાથે ગુણવત્તા પણ છે. બીજું ઇનામ મેળવનાર ભાઈ મધુકરના 'ભારતીય શિલ્પ'માં મુસ્લિમ યુગની સ્થાપત્ય કલાનો નમૂનો અંકિત થયો છે. મસ્જિદના શોભનમંડિત ગોખનું બારીક કોતરકામ એમાં સ્પષ્ટરીતે બહાર તરી આવે છે. આ જ ઢબના અગાઉ પ્રકટ થએલા ફોટોચિત્ર-ની જેમ આમાં પણ ગોખમાં હેતુપુરઃસર બેસાડેલા બુઝર્ગ મુસ્લિમ પાત્રથી વાતાવરણ સુસંગત બને છે. પ્રકાશની પસંદગી, એકસ્પોઝર અને ટેકનીક સારાં છે. પણ સ્થાપત્યનાં ચિત્રોમાં જે ન આવવા દેવાની ખાસ કાળજી રાખવાની તે મકાનની ત્રાંસી બની જતી રેખાઓની ક્ષતિ આમાં પણ આવી છે અને મથાળાની થાંભલીઓ ઢળી પડતી જણાય છે.

ત્રીજું ઈનામ મેળવનાર ભાઈ જગતકુમારના 'સાગર તટે'ના ચિત્રનું સંયોજન વિશિષ્ટ છે. ચિત્રના લગભગ ચોથા ભાગમાં જીવંત સૃષ્ટિ આવી જઇને બાકીના ખાલી રહેતા પોણા ભાગથી વિશાળતા દાખવી છે, પણ તેમાં અંકિત થએલા ગાડીના ચીલાના નિશાન વડે એ વિશાળતાની એકતાનતાને સુરમ્યરીતે ભાંગીને સુંદર સંયોજન રચ્યું છે. એ ચીલે ચીલે દૃષ્ટિ નીચેથી ગંડાઈ ઉપરના સમસ્ત ચિત્રમાં ફરી વળે છે. જોકે ક્ષિતિજરેખાનો કાળો પટ્ટો ને માનવમેદની મળીને ચિત્રને વધુ પડતું માથાભારે બનાવે છે. ચિત્રની ટેકનિક 'હચિંગ' ચિત્રો જેવી આકર્ષક છે.

નોંધપાત્ર ચિત્ર 'ઊગતો ભાનુ'માં તેજોમય પ્રભાતના રંગભર્યા શાન્ત વાતાવરણમાં, જલમાર્ગે સરતી હોડીનો વિષય કાવ્યમય છે. સંયોજન પણ સારું છે, પરંતુ ટેકનીક મોળી છે. ભાઈ જગતકુમારનું ચિત્ર 'શાહે આલમ' ઐતિહાસિક સ્થળની 'રેકર્ડ ફોટોગ્રાફી'નો ઠીક નમૂનો ગણાય. પણ આવાં મહત્ત્વનાં સ્થળોની ફોટોગ્રાફીમાં દૃષ્ટિ-કોણનું નાવિન્ય લાવીને એ જાણીતા સ્થાનને વધુ રસપ્રદ બનાવવું જોઇએ. ટેકનીક સારી છે. કુ૦ ભગવતીબેનના ચિત્ર 'વરાળયંત્ર'માં વરાળ કાઢતા એન્જિનના નીચલા ભાગનું ચિત્ર એકસ્પોઝરની દૃષ્ટિએ સારું છે, પણ તેમાં નવીનતા નથી.

શ્રીદામ ભટ્ટ

નવાં પુસ્તકો

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના પ્રકાશનો

દેશ અને કાળ: પ્રો. આઇન્સ્ટાઈનના સાપેક્ષવાદ અને વેદાંતના વિવર્તવાદનો સમન્વય ગુજરાતીમાં સમજાવતું પુસ્તક, લેખક: સ્વામી માધવતીર્થ. ૪–૦–૦; **પાકશાસ્ત્ર**: સરળ ભાષામાં આપણી વાનગીઓ બનાવવાની રીતો સમજાવતા એ નાનકડા પણ ઉપયોગી પુસ્તકની બીજી આવૃત્તિ. લેખિકા: ગજરાબેન મણિભાઈ દેસાઈ. ૧–૮–૦; **મહાવીર** ત્રિશલાનંદનનું સરળ ભાષામાં લખાએલું જીવન-ચરિત્ર, લેખક: રતિલાલ મફાભાઇ શાહ. ૦–૬–૦; **ગોસ્વામી તુલસીદાસ**ના જીવન ને કવનની પુસ્તિકા લેખક: ભિક્ષુ અખંડાનંદ. ૦–૬–૦; **બાળકોના આચાર**: બોધ સાથે ગમ્મત આપતાં બાલ-ગીતોનો નાનકડો સંગ્રહ, લેખક: સોમાભાઇ ભાવસાર, ૦–૩–૦. **આરોગ્યની કૂંચીઓ**: પથ્યાપથ્યની પરેજ વિષે કવિ વિશ્વનાથ કૃત 'પથ્યાપથ્યમ્'નો સરળ સમજૂતી સાથેનો અનુવાદ; કરનાર: વિજયશંકર ઘ. મુનશી, ૨-૮-૦; **બૂકર ટી. વૉશિંગ્ટન**ની આત્મ-કથા; અનુવાદક: પ્રફુલ્લ પ્રા. ઠાકોર, ૧-૮-૦; **વિશ્વામિત્ર ને હરિશ્ચંદ્ર**ના પ્રેરક ને બોધક પ્રસંગો, લે. રામનારાયણ ના. પાઠક, ૦-૪-૦.

નગોડ



લેખક
પ્રો. જયંતીલાલ ઓઝા

ધન્વંતરિવૈદ્યામાં ઉપયોગી ગણાતી આ ઓષધીય વનસ્પતિને સંસ્કૃતમાં 'નિર્ગુંણ્ડી', 'નીલપુષ્પ' તથા 'સિન્ધુવાર'; મરાઠીમાં 'નિર્ગુંડ' તથા 'નિર્ગુંડી' ને હિંદીમાં 'નિર્ગુંડી', 'નિર્ગંડી' તથા 'સંભાલુ' કહે છે. તેને 'નગદ', 'નગડ', 'નગોટ' અને 'નિગોટ' પણ કહે છે. તેનું શાસ્ત્રીય નામ 'વાઇટેકસ નિગુંડો' (Vitex negundo Linn.)

હિંદ, સિલોન, અફઘાનિસ્તાન, આફ્રિકા, માડાગાસ્કર, ચીન અને ફિલિપાઇન ટાપુઓ તેનાં ઉત્પત્તિ સ્થાન. હિંદભરમાં બધે જ અને હિમાલયમાં ૩૦૦૦ ફીટ ઊંચાઇએ તે ઊગે છે.

નગોડનું ઝાડ સાધારણ કદનું ૧૦ થી ૧૫ ફૂટ ઊંચું થાય છે. તેની છાલ પાતળી અને રાખોડી, ડાળીઓ ચતુષ્કોણી સફેદ અને બારીક રૂંવાટીવાળી, તથા પાન દાંડીવાળાં સંયુક્ત ને ડાળીઓ પર સામસામાં ગોઠવાએલાં ૩ થી ૫ નાનાં પાનનાં બનેલાં હોય છે. આ નાનાં પાન ટૂંકી દાંડીવાળાં, ભાલાના ફળા જેવાં પણ વચમાં પહોળાં—તળિયે તેમજ ટોચે સાંકડાં થતાં અને અણીદાર ટોચવાળાં હોય છે. દરેક સંયુક્ત પાનમાં બાજુની હારનાં નાનાં પાન કરતાં ટોચનું પાન સૌથી વધુ મોટું હોય છે. નાનાં પાનની ઉપરની સપાટી લગભગ લીસી હોય છે પરંતુ નીચેની સપાટી પર બારીક સફેદ રૂંવાટી હોય છે.

નગોડને ફૂલો લગભગ બારે માસ આવે છે. ડાળીઓની ટોચે એક મોટી ચતુષ્કોણી અને રૂંવાટીવાળી શાખા ઉપર તેનાં ઝીણાં ફૂલોનાં ઝુમખાં બાઝેલાં હોય છે. આ મોટી શાખા પર નાની શાખાઓ સામસામી ગોઠવાએલી હોય છે, અને એ દરેક નાની શાખામાંથી બીજી નાની શાખાઓ નીકળીને તે પર ફૂલોનાં ઝુમખાં ગોઠવાએલાં હોય છે. ફૂલમાં ઘંટાકાર વજ્ર હોય છે ને ફૂલમણિની પાંખડીઓ ભૂરી-જાંબુડી હોય છે.

નગોડના વટાણા જેવડા ફળને વનસ્પતિશાસ્ત્રમાં અષ્ઠિફળ કહે છે કારણ કે તેના ઢાંકણનો છેક અંદરનો ભાગ લાકડા જેવો કઠણ હોય છે. ફળ પાકીને કાળાં થાય છે.

આયુર્વેદમાં નગોડ ઉપયોગી વનસ્પતિ ગણાય છે. તેનો સ્વાદ કટુ અને તીક્ષ્ણ હોય છે અને તે બાધક, જંતુનાશક અને માથાનો દુખાવો મટાડનાર વનસ્પતિ ગણાય છે. આંખનાં દર્દો, ક્ષય, સોજા, કોઢ, બરોળનો વધારો, ખાંસી, દમ, પિત્તપ્રકોપ વગેરેમાં નગોડ ઉપયોગી ગણાય છે.

નગોડનાં મૂળ શક્તિવર્ધક, જ્વરઘ્ન અને કફઘ્ન ગણાય છે. સર્પદંશ પર વપરાય છે.

તેનાં પાન સુવાસિત. શક્તિવર્ધક અને કૃમિનાશક છે. સળેખમ તથા તાવમાં નગોડનાં પાનનો ઉકાળો પીપર સાથે અપાય છે. માથાના દુખાવામાં નગોડનાં પાનથી ભરેલું ઓશીકું માથા નીચે રાખવામાં આવે છે. ચાંદામાંથી કીડા દૂર કરવા તેનાં પાનનો રસ વપરાય છે. એ રસ તેલમાં મેળવી કંઠમાળના સોજા પર પણ ચોપડવામાં આવે છે. નગોડનાં પાન ગુમડાં પર બાંધવામાં આવે છે અને સંધિવાના સોજા પર પણ તે ઉપયોગી ગણાય છે. કોકણમાં નગોડનાં પાનનો રસ તુલસી અને બીજી વનસ્પતિઓ સાથે સંધિવામાં વપરાય છે. વળી સંધિવામાં અર્ધો તોલો રસ, ઘી અને કાળી પીપર સાથે પણ આપવામાં આવે છે. વધેલી બરોળ ઉપર બે તોલા રસ અને બે તોલા ગૌમૂત્ર દરરોજ સવારે આપવામાં આવે છે.

સ્ત્રીઓને પ્રસૂતિ સમયે નગોડનાં પાન ઉકાળીને સ્નાન કરાવાય છે. મ્હૈસુરમાં તેનાં પાનના ઉકાળાની વરાળનો ઉપયોગ તાવ, સળેખમ અને સંધિવામાં થાય છે ને તેનાં સૂકાં પાનની બીડી માથાના દુખાવા અને ખાંસીમાં પીવાય છે.

નગોડનું સૂકું ફળ કૃમિનાશક છે. ચીન અને મલાયામાં માથાનો દુખાવો, સળેખમ અને આંખમાંથી ઝરતા પાણી ઉપર તેનાં ફળનો ઉપયોગ થાય છે.

સિલોનમાં નગોડનાં પાન, છાલ અને મૂળનો ઉપયોગ દાંતનો દુખાવો, સંધિવા અને આંખનાં દર્દોમાં થાય છે; તેમજ તે શક્તિવર્ધક, વાતહર ને કૃમિનાશક વનસ્પતિ તરીકે વપરાય છે.

છોટા નાગપુરમાં નગોડના રસમાંથી કફહર ઔષધ બનાવે છે. છએક લીલી ડાળીઓ અગ્નિ પર ગરમ કરીને, તેના કાપેલા ભાગમાંથી જે રસ વહે છે તે એક વાસણમાં એકઠો કરવામાં આવે છે; અને પછી તે ગરમ કરી તેમાં ચોખ્ખું માખણ અને થોડી લસણની કળી વાટીને ભેળવી કફ ઉપર પાય છે.

ચરક, સુશ્રુત, વાગ્ભટ, વૃંદમાધવ, રસરત્નાકર વગેરેએ નગોડને સર્પદંશ માટે ઉપયોગી ગણેલ છે અને ચરક તથા સુશ્રુતે તો તેને વીંછીના દંશ માટે પણ ઉપયોગી હોવાનું જણાવ્યું છે.

સર્પદંશમાં નગોડનાં મૂળ, છાલ ને પાન વાટીને દંશ પર ચોપડવામાં આવે છે; બેહોશી અને ઘેનમાં નગોડનાં તાજાં પાનનો રસ નસકોરાંમાં રેડવામાં આવે છે તેમજ પીવા માટે આપવામાં આવે છે; નગોડના મૂળ ને છાલનો ઉકાળો પીવા માટે અપાય છે.

કાયસ અને મ્હસ્કરના સંશોધન અનુસાર નગોડનો કોઇ જ ભાગ સર્પ કે વીંછીના દંશ પર ઉપયોગી નથી; તેની છાલ, મૂળ કે પાન સર્પદંશ પર ચોપડવામાં બીનઅસરકારક છે.

નિબંધ હરીફાઇ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા (મુંબાઇ) તરફથી સ્વ૦ કરસનદાસ મૂળજી સ્મારક ભંડોળની યોજના મુજબ, ગુજરાતી ભાષામાં, 'આપણી નવલકથાઓમાં પ્રતિબિંબિત થતું ગુજરાતનું સામાજિક જીવન' એ વિષય ઉપર, વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે પચાસ પચાસ રૂપિયાના ઈનામી નિબંધની જાહેરાત થઈ છે. તેની શરતો, વિગતો વગેરે મંત્રી શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રસ્તો, મુંબાઈ-૪ એ સરનામેથી મંગાવી લેવી.



અંક ૧૬ · ચૈત્ર ૧૯૮૧ (એપ્રિલ) ૧૯૨૫

ગુજરાતના એક પ્રબળ પ્રકૃતિના તંત્રીને અમે (એ વખતે) પૂછેલું કે તમે કેવા પ્રકારના જુવાનની અપેક્ષા રાખો છો? એના જવાબમાં એમણે કરેલી જુવાનની વ્યાખ્યા સદા કાળને માટે સાચી હોઇ, આજથી ૨૫ વરસ પરના 'કુમાર'ના (૧૬મા) અંકની 'મિજલસ'માંથી અત્રે ઉતારીએ:

'મારે એવો જુવાન જોઇએ, જે દિવસ ઊગતાં છલંગ મારી આ કાળ સમી દુનિયાની સામે ધસે; ગમે તેવા કામથી કદી પાછો હઠે નહિ; પોતાના કામ પર કોઈની દેખરેખ હોય કે ન હોય, પણ સો યે સો ટકા તન તોડીને મહેનત કરે; નિરાશા અને નાસિપાસીને વખતે બેફિકર બની આનંદની સિસોટી બજવતો કૂચ કરે; પૈસા કે વિલાસની લાલચોમાં લપટી માલિકને નુકસાન ન કરે, છતાં માલિકના પ્રપંચોને વશ પણ થાય નહિ; અસત્ય, અનીતિ કે અન્યાયની સામે ગમે તે જોખમે છાતી ફુલાવી અડગ ઊભો રહે; દુનિયાની ખોટી રૂઢિ અને મૂર્ખ કાયદાઓને ગમે તે પળે હીમતપૂર્વક તરછોડી પોતાના અંતરાત્માના અવાજ અને પ્રેરણા પ્રમાણે જીવનરચના કરે; પોતે આપેલા ભોગની કે ત્યાગની બડાશો ન મારતાં સંયમપૂર્વક પોતાના કામ પાછળ દરેક કદમ કુદો જ જાય; દેશની માનહાની જરાપણ સહન ન કરે; દુષ્ટ દુનિયાને લેશમાત્ર નમતું ન આપે; પોતાના આયુષ્યની ખોટી વાણિયાશાઇ ગણતરી કરી સાહસ ને શૌર્યને ગૂંગળાવી ન નાખે; રાત ને દહાડો વિચારમાં ને વર્તનમાં નિશ્ચલતાથી ઉત્સાહભેર આગળ ને આગળ ધપતો રહે ને દુનિયાને પડકાર દે.'

નિઝામશાહી, આદિલશાહી અને મુઘલશાહી જેવી ત્રણ ત્રણ સત્તાઓ સામે ટક્કર ઝીલી મહાન મરાઠી રાજ્યનો પાયો નાખનાર શિવાજી મહારાજની જન્મજયંતી હોવા નિમિત્તે અમે એ અંકમાં એમના આખી જીવનરેખા આંકતા ચરિત્રપ્રસંગો આપેલા. એની પહેલી જ કંડિકામાં એમનો જે કુલપરિચય આપેલો તે કદાચ ઘણાની જાણમાં નહિ હોય એમ સમજી ઉતારીએ:

'મેવાડના સિસોદિયા મહારાણા દેવરાજજી મુસલમાન બાદશાહોના ત્રાસથી કંટાળીને દક્ષિણમાં આવ્યા. ત્યાં પણ મુસલમાનોની બીકે પોતાનું નામ ભોંસાવંત ભોંસલે રાખ્યું. એમની દસમી પેઢીએ ઈ. સ. ૧૫૩૩માં બાબાજી નામનો પુત્ર થયો. બાબાજી ભોંસલેને બે દીકરા: માલોજી અને વીઠોજી. એમાંના માલોજી તે શિવાજી મહારાજના દાદા થાય.

માલોજી પ્રથમ સીંદખેડના દેશમુખ લુકજી જાધવરાવને ત્યાં પાંચ હોન (એ વેળાનો સિક્કો)ના પગારથી સાધારણ સિપાઇ તરીકે નોકર રહ્યા. તેની ભલામણથી માલોજીને મુર્તજા નિઝામની નોકરી મળી. માલોજીના પુત્ર શાહજી અને જાધવરાવની પુત્રી જીજાબાઈ એ બંને નાનાં હતાં ત્યારથી જ એ બેને પરણાવવાનું વાગ્દાન માલોજી અને જાધવરાવે દીધેલું.'

આટલા ઉઘાડ પછી એ શાહજી ને જીજાબાઇના પુત્ર શિવાજીના જન્મની કથા શરૂ થએલી.

'એમ કેમ?' એ મથાળા નીચે કુતૂહલભરી વસ્તુઓના વૈજ્ઞાનિક ખુલાસા આજે જેમ અમે અવારનવાર પ્રકટ કરીએ છીએ તેમ શરૂથી જ કરતા આવેલા. એમાં 'બરફ પાણીમાં કેમ તરે છે?' એ વિષયનો કાકાસાહેબ કાલેલકરે આપેલો ખુલાસો વૈજ્ઞાનિક ઉપરાંત બીજું પણ એક નવું દૃષ્ટિબિંદુ રજૂ કરતો હોઈ ઉતારીએ:

'ચૂલા પર રાખેલા વાસણમાં ઉપરનું પાણી વધારે ગરમ હોય છે, જોકે દેવતા તો નીચેના ભાગને વધારે લાગે છે! એનું કારણ એ છે કે પાણી જેમજેમ ઠંડું થાય તેમતેમ વજનમાં ભારે થાય છે અને નીચે બેસી જાય છે. બીજી પ્રવાહી વસ્તુઓનું પણ એમ જ થાય છે. પણ પાણીમાં એક બાબતનો અપવાદ છે. પાણી ચાર અંશ સેન્ટીગ્રેડ ઠંડું થાય ત્યાં સુધી જ ભારે થતું જાય છે; પણ પછી એકાએક તે પોતાનો સ્વભાવ બદલી, જેમ ઠંડું થતું જાય તેમ ફૂલતું જાય છે અને છેવટે બરફનું રૂપ પકડીને સાવ હલકું થઈ જાય છે. માત્ર પાણીની બાબતમાં જ આમ કેમ થતું હશે? કારણ કે કુદરતમાં દયા છે

એકાદ હોજ, તળાવ, નદી કે સમુદ્ર પર જ્યારે ભારે ઠંડો પવન વાય છે ત્યારે ઉપરનું પાણી ઠરી જઇ તેનો બરફ થાય છે. હવે આ બરફ જો પાણી કરતાં ભારે હોત તો એ બરફનું આખું પડ બની તે ધીમેધીમે નીચે જાત, અને પછી પાણીમાં રહેતી માછલીઓ, કાચબા, કરચલા, મગર, પાણી-ઘોડા વગેરે કુદરતનાં બાળકો ચગદાઇને મરી જાત. કુદરત માતા એ કેમ સહન કરે? એટલે એણે ફક્ત પાણીની બાબતમાં અપવાદ કરી તેનો સ્વભાવ ફેરવી નાખ્યો. શ્રીકૃષ્ણ ભગવાન પોતાની પ્રતિજ્ઞા તોડે, પણ ભીષ્મને હાથે અર્જુનને મરવા ન દે. તે જ પ્રમાણે પ્રકૃતિ માતા પોતાના સાર્વભૌમ નિયમમાં અપવાદ ખમે, પણ બાળકોનો સંહાર ન થવા દે.'

ગુજરાતના કેવળ કિશોર-સાહિત્યમાં જ નહિ, પણ સમગ્ર આત્મ-ચરિત્ર સાહિત્યમાં પોતાની લાક્ષણિક, પ્રસાદયુક્ત અને અભિનવ રસળતી શૈલીને કારણે ચિરંજીવ પદ પ્રાપ્ત કરી ચૂકેલી, કાકાસાહેબ કાલેલકરના કિશોરકાળનાં સંસ્મરણોની માળા 'સ્મરણયાત્રા' એમણે સૌ પ્રથમ ગાંધીજીના સત્યાગ્રહાશ્રમની શાળાના વિદ્યાર્થીઓના હસ્તલિખિત 'મધપૂડા'માં, 'કાકા થયા પહેલાં' એ નામથી લખેલી. તે એ જ મથાળા સાથે આ અંકથી 'કુમાર'માં પ્રકટ થવા માંડી. તેણે એવું તો અજબ આકર્ષણ કરેલું અને વર્ષો સુધી અસંખ્ય વાચકોને એણે રસતરબોળ રાખેલાં. એ પુસ્તકાકારે પ્રકટ થઈ ચૂકી હોવાથી એનો અત્રે માત્ર ઉલ્લેખ જ પૂરતો માનીએ છીએ.

શિવાજી મહારાજના ચરિત્ર સાથે એમના પ્રબલ કીર્તિદંડ સમા સિંહગઢનો પરિચય ન હોય તો અંક ઊણો લાગે આ અંકમાં આપેલા એ કિલ્લાના પરિચયમાંથી માત્ર સારભાગ:

'સહ્યાદ્રિગિરિમાળાનાં અનેક ઊંચાં શિખરો પૈકી જે શિખર પર સિંહગઢ આવેલો છે તે સમુદ્રની સપાટીથી ૪૫૦૦ ફીટ અને તળેટીથી ૨૫૦૦ ફીટ ઊંચું છે. નીચે ઊભા રહીને પહાડને જોઇએ તો પોણા ભાગથી વધારે ઉપર સુધી ત્રાંસી દીવાલની માફક પહાડની કરાડો

ઊભી રહેલી છે, અને એ કરાડો ઉપર માણસે બાંધેલી કાળમીંઢ પથ્થરની પણ હવે જીર્ણ થઇ ગએલી ગઢની દીવાલ આવેલી છે. તે ઠામઠામ કમ એ હાથ તો જાડી છે જ; ક્યાંક ક્યાંક એથી પણ વધુ.

ગઢનો ઘેરાવો બેથી અઢી માઇલનો હશે. ગઢમાં બે દરવાજા છે: દક્ષિણે કલ્યાણ દરવાજો અને ઉત્તરે પૂના દરવાજો. દરેક દરવાજા પાસે મજબૂત ભયંકર બુરજો આવ્યા છે. આવા બુરજો ગઢમાં ઠેકઠેકાણે આવેલા છે. દરેક ખૂણામાં તો એક એક છે જ. ગઢ ઉપર ચડ્યા પછી આપણું લક્ષ તેમાં આવેલા કુંડ તરફ બહુ ખેંચાય છે. ગઢ ઉપર પચાસ પોણોસોથી પણ વધારે કુંડો આવેલા છે. પણ તે પૈકી ફક્ત આઠ દસ કુંડમાં જ સ્વચ્છ પાણી છે. એમાં પણ 'દેવકુંડ' સૌથી ઉત્તમ છે. એ કુંડમાં જાણે સદા યે સાકર અને બરફનો વાસ હોય એવું લાગે છે! પાણી પણ એટલું નિર્મળ છે કે નીચે ચણોઠી પડી હોય તોપણ તે દેખાઈ આવે.

ગઢ ઉપર આવવાનો મુખ્ય રસ્તો પૂના તરફનો છે. પહાડની તળેટી સુધી ધોરી રસ્તો આવે છે, પણ ઉપર આવવા સારુ એક કરાડ ઉપર અજગરના આકારનો પાંચેક ફૂટ પહોળો વાંકોચૂંકો રસ્તો છે. તે ઉપર ખુરસી સિવાય બીજી કોઈ પણ જાતનું વાહન નથી આવી શકતું. શેઠિયાઓ અને દરદીઓ ખુરશી પર બેસી ગઢ ઉપર આવે છે. ગઢ ઉપર ચડતાં સામાન્ય ચાલે સવા કે દોઢ કલાક લાગે છે. આ ગઢને પહેલાં કોંડાણા કહેવામાં આવતો, પણ ગઢ તાબે કરવામાં પોતાના સિંહ સમા શૂરવીર સરદાર તાનાજીના પડવાથી શિવાજીએ એનું નામ સિંહગઢ પાડ્યું. એની વાત તો જાણીતી છે.

શિવાજીના હાથમાં ગઢ આવ્યા પછી ઓગણીસમા સૈકામાં તે અંગ્રેજોએ બાજીરાવ પાસેથી લીધો. તેમને ગઢમાંથી પૂનાનો અખૂટ દ્રવ્યભંડાર મળી આવ્યો. ત્યાર પછી પચાસ-સાઠ વર્ષ સુધી એ અંગ્રેજોનું હવા ખાવાનું ઠેકાણું હતું; પણ મહાબળેશ્વરની શોધ થયા બાદ તેમણે આ જગ્યા છોડી દીધી. અહીંનાં હવાપાણી દરદીઓને માટે બહુ સારાં ગણાય છે. દેવકુંડનું પાણી તો વળી બહુ જ પાચક લેખાય છે. આ ગઢ ક્યારે બંધાયો એનો પત્તો નથી લાગતો. એક દંતકથા એવી છે કે કૌંડિલ્ય ઋષિએ આ ગઢ બાંધ્યો, તેથી તેનું નામ કોંડાણા પડ્યું. ગમે તેમ હો, પણ આ ગઢ એક હજાર વર્ષથી યે જૂનો હશે એમ લાગે છે.

જૂનાં કાવ્યોનો પરિચય આપતા વિભાગ 'ફૂલવાડી'માં આ અંકમાં લીધેલા કવિ ગોવિંદરામના જૂના બોધક 'ચંદ્રાવળા'ની વાનગી :

'ગોવિંદરામ જૂનાગઢ પાસેના માણાવદર ગામના વતની બ્રાહ્મણ હતા. એ સંવત ૧૮૩૭થી ૧૮૯૦ દરમિયાન થઇ ગયા. એમણે ચંદ્રાવળા છંદમાં લખેલો ઉપદેશ કાઠિયાવાડમાં જાણીતો છે. કવિ દલપતરામે એનો સંગ્રહ કરેલો. એમના લખાણમાં કુદરતી આવેગ ને ભાષાનું સચોટપણું ખૂબ છે. જુઓ:

બાપનો ચીલો

કેનોક બાપ હતો એક કાણો, તેની ફુટલ આંખ્ય,
તેનો પુત્ર થયો દેખતો, તેને કહે ફોડી નાંખ્ય;
તેને કહે તું ફોડી નાંખ્ય તે આંખ્ય,
ને તારા બાપનો ચીલો રાખ્ય;
કહે ગોવિંદરામ હરિનું નામ વખાણો,
કેનોક બાપ હતો એક કાણો.

પાણીનું તુંબડું

તુંબડું પાણીમાં બોળીએ ઊંડું, તે બાહર નીસરે આપ,
ખૂણે કામ કરે જે ખોટાં, તે પ્રગટ થાયે પાપ;
પ્રગટ થાયે પાપ તે કેવું,
ખરે ચડીને ચાલ્યા જેવું;
કહે ગોવિંદરામ એવું કામ છે ભૂંડું,
જેમ તુંબડું પાણીમાં બોળીએ ઊંડું.

આપવિકાસ માટે (ખાસ કરીને વિદ્યાર્થીઓમાં) ગુજરાતમાં હસ્તલિખિત માસિકો નીકળવા માંડ્યાને અંદાજે કેટલાં વર્ષ થયાં હશે? કદાચ અરધી સદી (૩૩ વરસ જૂનો અનુભવ તો આ લખનારનો છે.) આજથી ૨૫ વરસ પરની એ પ્રવૃત્તિની માહિતી આપતો એક રસમય લેખ આ જ અંકમાં આવેલો, એનો માત્ર ઉલ્લેખ જ બસ થશે.

એવી જ એક નાની ઐતિહાસિક બીના આ અંક સાથે સંકળાએલી છે. ફોટોગ્રાફીની કળામાં આગળપડતું કામ કરવા માટે, ગુજરાત કે ભારતમાં જ નહિ, પણ દેશપરદેશમાં ખ્યાતિ પામેલા અમદાવાદના 'નિહારિકા' મંડળના બીજ રૂપ 'કુમાર કૅમેરા ક્લબ'ની શરૂઆત આ માસથી થયાનું એક નાનકડું વિજ્ઞાપન આ અંકમાં છે.

અને છેલ્લે 'માધુકરી'માં આપેલો એક હૃદયસ્પર્શી પ્રસંગ:

ન્યૂ યૉર્કની એક બાઇએ એક ઝવેરીને ત્યાંથી ખોટા મોતીની માળા ખરીદી હતી. તે તૂટી જતાં ફરી એ ઝવેરી પાસે જઇને સમરામણનું દામ પૂછ્યું. ઝવેરીએ તે તપાસીને કહ્યું કે આમાં એક મોતી ખૂટે છે તે ઉમેરીને પાછી બાંધી દેવાના ૩૦૦ પાઉન્ડ થશે. બાઇ તો ચમકી: '૩૦૦ પાઉન્ડ! મેં અહીંથી જ આ ત્રણ પાઉન્ડે ખરીદેલી.'

ઝવેરીએ કહ્યું, 'આનાં મોતી ખોટાં નહિ પણ ખરાં છે, ને તમને તે ભૂલથી અપાઈ ગઈ છે. એ આપનાર માણસને અમે નોકરીમાંથી રજા પણ આપી છે. આ માળાની મૂળ કિંમત દસ હજાર પાઉન્ડની છે, પણ અમે તમને તે ભૂલથી વેચી દીધી એટલે એ તમારી છે.'

બાઇએ જવાબ દીધો: 'ત્યારે તો એ માળા ખરીરીતે મારી ન કહેવાય. હવે મારું એક વચન માનો. હું તમને એ માળા પાછી આપું છું, પણ તમે પેલા વેચનાર માણસની ભૂલ માફ કરો અને તેને પાછો નોકરીમાં રાખો.'

ઝવેરીએ માળા સ્વીકારી પેલા ગરીબ માણસને પાછો રાખ્યો ને આ માયાળુ બાઈની ભલાઈ જોઈ તેને હીરાનું એક લૉકેટ ભેટ મોકલ્યું.

અને એને જ અનુરૂપ આ અંકની 'મિજલસ'માં આપેલું એક સૂત્ર:

'જીવ્યા કરતાં જોયું ભલું; બોલ્યા કરતાં પાળ્યું ભલું; ખોયા કરતાં આપ્યું ભલું.'

બાંધગઠરિયાં (અનુ.પૃ. ૧૨૨થી ચાલુ) જ કહી દીધું. હેડમાસ્તર તો દૂંટિયું વાળી બેસી જ રહ્યા હતા. આખરે હીરાલાલે વચ્ચે પડી બાધરને શાંત પાડવા માંડ્યો, એટલે એણે હીરાલાલને પણ થોડી સંભળાવી! એવામાં એક માસ્તરે અક્કલ વાપરી સાંજનો ઘંટ વગડાવી દીધો અને નિશાળ ઊઠી! ઘેર આવી બાધરે બધી વાત બાને કહી.

બીજે દિવસે વડા મહેતાજી બાધર સામે ફરિયાદનામું ઘડી રહ્યા હતા. એ ત્રણ બદામનો નોકર, પોતાને તતડાવી ગાળો દઈ જાય? એને નોકરી પરથી કાઢવો જોઇએ. એને સજા થવી જ જોઇએ. ફરફરિયું ચીમનલાલ પર મોકલવું કે ફોરમેન પર, એની ભાંજગડ ચાલતી હતી, એવામાં મારા બાપુજી દાખલ થયા. બાએ નીકળતાં કહેલું કે બહુ નહિ લડતા, નહિ તો નિશાળે નહિ બેસવા દે. એમના નીકળ્યા પછી એણે ડાહ્યાકાકાને પણ પાછળથી મોકલ્યા; તે પણ તરત જ આવી પહોંચ્યા. ધૂળિયા માસ્તરે બાધર સામે ફરિયાદ કરી, પણ કોઇએ સાંભળી જ નહિ. ડાહ્યાકાકાએ મીઠી જીભે ઊના ડામ દેવા શરૂ કર્યા. મારા બાપુજીનો તો પિત્તો જ ગએલો. ઠીક ઠીક જેવું ધાંધલ થયું. એટલામાં ઝવેરના બાપ ને ચુનીભાઈ વકીલ પણ આવી ચડ્યા, એટલે તો મહેતાજીના રામ જ રમી ગયા. નરમઘેંશ જેવા થઇને એણે માફીનો ધોરી માર્ગ ગ્રહણ કર્યો.

ત્યારથી જ નિશાળ, માસ્તર અને દાખલા, એ ત્રણેને માટે ઈકોતેર પેઢીનું વેર મારા હાડેહાડમાં વ્યાપી અને થીજી રહ્યું.

સરસ સફેદ ઘોડો તો ફતેહસિંહરાવનો. ફાટક પાસે આવીને થનગનતો મેં એને ઘણી વાર જોયો હતો. પણ એવા જ બે સુંદર સફેદ ઘોડાની બગી જોઇને તો હું ખુશ થઈ ગયો. રોનકદાર ફાનસો, ફુમતેદાર ઘોડા, ફેંટેદાર હાંકનારા, પટેદાર પાછળ ઊભા રહેનારા, એવી ભભકાદાર બગીમાં અમારી સવારી ઊપડી! મોટર તો હજી સ્વપ્નામાં પણ નહોતી આવી. કહે છે કે પહેલી મોટરગાડી ૧૯૦૩-૪માં મુંબાઇમાં શેઠ મંગળદાસે ખરીદેલી. એટલે આ સદીના પહેલા દાયકાની એ શરૂઆતમાં વડોદરામાં તો મોટરકાર ક્યાંથી હોય?

અન્નાસાહેબના કુટુંબને તેડવા દરબારી બગી વહેલી બપોરથી આવી હતી. મેનાબાઈની ઈચ્છાથી અને વડિલ અન્નાસાહેબની કૃપાથી મને અને મારી બાને બગીમાં સાથે લીધાં હતાં. અમે જેટલાં બેસી શકીએ એટલાં બેઠાં હતાં. અને રૂઆબભેર બગી કાંપને રસ્તે, રેસિડેન્ટનો બંગલો વટાવી, અમારી નિશાળ પાસે થઈ, કમાટીબાગની બાજુને રસ્તે શહેરની સડક પર સરતી, વિશ્વામિત્રી ઓળંગી ગામમાં એક મકાન આગળ ઊભી રહી. એ મકાન ક્યાં તે મને યાદ નથી. પણ બહાર પરસાળ અને જાળિયાંવાળા એ મકાનને મજલે અમને ખૂબ જ સ્વાગત કરી બેસાડવામાં આવ્યાં.

દિવસ ખુશખુશાલ હતો. લોકો લહેરમાં હતા અને ટેડા બાંકે યાર થઈ ફરતા હતા. આજે દશેરા હોઇ શ્રીમંત સરકાર (ગાયકવાડ)ની સવારી નીકળવાની હતી. વડોદરાની દશેરાની સવારી એ એટલા મુલકમાં અદ્ભુત પ્રસંગ ગણાતો. બહારગામથી થોકબંધ લોક વડોદરે આવ્યું હતું. જોતજોતાંમાં તો રસ્તે ઠઠ જામવા લાગી. બેત્રણ કલાક પછી સવારી આવી. એ આવતાં પહેલાં મારી કલ્પનાએ કૈંક ઘાટ ઘડી લીધા હતા. અનેક વાતો સાંભળી હતી.

કાળમીંઢ જેવા ઘોડાઓ ઉપર પૂર ભભકા અને ભારે ઠસ્સાથી બેઠેલા સવારો, હાથમાં ભાલા, ઉપર નાની વાવટી, માથે ઊંચો ઘેરો લાલ જરીવાળો ફેંટો અને કેડે તલવાર. એની પછી હતી ગોરી ટુકડી. પછી આવ્યા વાજાંવાળા, પછી લાઠી, બનેટી ને કુસ્તીવાળા, અને એમ સવારી શરૂ થઈ. લોકો પણ ગેલમાં હતા. ઘણાંએ તો પોતાના ગળામાં ગલગોટાના હાર પણ લટકાવી દીધા હતા.

પછી તો ચાંદીની અને સોનાની તોપો ખડખડ કરતી આવી. આ તોપ! તોપનો ધડાકો મને યાદ છે અમે રોજ રાતે નવ વાગે દૂર દૂરથી તોપનો ધડાકો સાંભળતા. એ આ તોપ! પછી આવ્યા હાથી. હાથીની ઊંચાઈ વિશે, એની અક્કલ ને ખાનદાની વિશે અનેક વાતો બાધરજીએ ડાભજીએ, લલ્લુશંગે મને કહી હતી. હું તો હાથી ગણ્યા જ કરું. બે ગયા, આ ત્રીજો, આ પાંચમો...

સાવધાન! શ્રીમંત સરકારનો હાથી આવ્યો. 'મહારાજ સયાજીરાવ જોયા? પેલા...પેલા, પણે...ઊંચું જો, ઊંચું જો,' બા મને કહેતી હતી. ત્યાં તો મહાવતે હાથીને અમે બેઠેલા તે ઘર ભણી જરા ફેરવ્યો. હાથીએ સૂંઢ ઊંચી કરી. અમારે ત્યાંથી કોઇએ હાર આગળ ધર્યો. સૂંઢથી હાથીએ હાર મહાવતને આપ્યો. મહાવતે લઈ મહારાજને આપ્યો. મહારાજે લઈ પોતા પાસેના ઢગલામાં મૂક્યો. અને પછી મહારાજ મલક્યા. અન્નાસાહેબે તથા આખી મંડળીએ મહારાજને ફૂલે વધાવ્યા. ટૂંક સમયમાં ઘણી વિધિ થઇ ગઈ. દક્ષિણા પણ વહેંચાઈ. અને મહારાજનો હાથી ડોલતો ઝૂલતો આગળ ચાલ્યો.

દશેરા પછી ચારપાંચ દિવસ સુધી, મેનાબાઇ અને હું ફિરકીઓની ગાડી, બરૂના ભાલા, લાકડાના ઘોડેસવારો લોખંડની તૂટેલી નળીઓની તોપો વગેરે એકઠી કરી અમારા બંગલાની આસપાસ સવારી કાઢતાં હાથી મળવો મુશ્કેલ હતો. પણ ગલગોટા, મોગરા અને ગુલાબ તો જોઇએ એટલા મળી રહેતા. એટલાથી સંતોષ લેતાં અને આનંદ લૂંટતાં.

કવિઓએ ઋતુઓનું સૌન્દર્ય સ્થળાનુસાર વર્ણવેલું છે. વડોદરાનું ચોમાસું મને ખૂબ જ ગમતું. નેવલેથી પડતાં પાણીની ચાલતી નીકોમાં હોડીઓ બનાવી તરાવવા માટે નહિ, કે બંગલાને જોડેલા આગગાડીના ડબ્બામાં ઉપરથી પાણી ટપકતું તે સાંધવાની મજા માટે યે નહિ; પણ ત્યાંના રસ્તા ઉપર ઊભરાતી સુંદર, બેનમૂન, જીવસૃષ્ટિને લીધે. મેં ચેરાપુંજીનો વરસાદ જોયો છે અને હિંદુસ્તાનના મોટા ભાગનાનાં ચોમાસાં વેઠ્યાં છે, પણ વડોદરાના એ કાંપના સફેદ ધોરી રસ્તા ઉપર, બેત્રણ વરસાદ થયા પછી, આંગળીના નખ જેવડા કે એથી જરા નાના, ચણોઠીથી જરા મોટા, પણ ચણોઠીથી ક્યાંયે લાલચટક મખમલિયા રંગનાં અસંખ્ય નાનાં જીવથી આખો રસ્તો ઉભરાઈ જતો, એવું ક્યાંય નથી જોયું. લાલ, ઝડપબંધ ફરતી એ જીવાતને બધા ઇશ્વરની ગાય કહેતા, ને એને મારવામાં પાપ મનાતું.

ચોમાસું નાનું પણ ફોરમ મધુરી. લીલી જાજમને પથરાતાં વાર ન લાગતી. ઝાડ પાન પ્રફુલ્લી ઊઠતાં. એમાં બહુ ગમતી, નિર્દોષ, દેખાવડી, પેલી નાની મખમલિયા ગાયો મહિનો માસ જીવતી, અને પછી એકાએક અલોપ થઈ જતી. ક્યાંથી આવી, કેમ આવી, ક્યાં રહી, શું ખાધું પીધું, ક્યાં ગઈ, કોણ જાણે! મહિનો આવતી, પણ વરસભરને માટે વડોદરાનું સોહામણું સ્વપ્ન રચી જતી.

પહેલવાર 'કુક્' કરી પછી તરત એક લાંબી વ્હિસલ સાંભળો ત્યારે જાણવું કે એ અરેરાટીની ચીસ છે: કુક્-કૂઊ.........ક! અમસ્થા એમ આગગાડીના પાટા પર જનજનાવરો અડફેટે ચડે ત્યારે એન્જિનમાંથી જે વ્હિસલ સંભળાય એનું કંઇ ધોરણ નથી. ગમે તેમ વાગે: કુક્ કૂઉઉક; કુક કુક કૂઉઉક કર્યા કરે અને રસ્તો કાપે. પણ સિગ્નલ ના પડ્યાં હોય અને ડ્રાઈવર બાપડો રસ્તો માગતો હોય તો વ્હિસલ જુદી. અવી એ એકધારી લાંબી ચીસ ઍક્સિડેન્ટ કે ભોની નિશાની ગણાય. એવો જ કારખાનામાં એક ઘંટ પણ વગાડવામાં આવતો. એ વાગે કે સમજવું કે તાબડતોબ બધેથી, બધું યે પડતું

મેલી, બધા કલીમેનો, આગવાળા, ઑાઈલરખાતું. સૌએ જમા થઈ જતું.

પણ આ તો ચીસની વ્હિસલે ન વાગી અને ઘંટ પણ ન વાગ્યો, અને કારખાનામાં બૂમ પડી ગઈ કે 'બાબૂભઈ હૅંડયા!' મેલભઇ, લલ્લુશંગ, કાળિયો, મુસ્તફા, પીરમહમ્મદ, રણછોડિયો, રામજી, બધાં જ વારાફરતી બા પાસે પહોંચી ગયા.

'પણ બા ! ઇમ એકાએકનું ચ્યમ? હજી તો ભઈ નાના છે.'

'પણ જો પાકો વચાર કીધો જ હોય તો આપણે શકનનો બોલ બોલવો.' બીજો કહેતો.

'હા, તી યે ખરું. મોટા થૈને તો ભૈ પાછા અહીં જ આવવાના ને?'

'એ તો દઇ જૅાણે. લેણાદેણીની વાત સે. રેલવઇનો પાટો. મારી હહરીનો, બહુ લૅાબો. આમ દિલ્લી હુધી પૅાકે, અને આમ મૅમઇ'

ધૂળિયા માસ્તરનું શું થયું તે તો કોણ જાણે, પણ એણે બાગ-તરની હવા બગાડી નાખી. નિશાળનો પાયો ત્યાં બરાબર ન ચણાયો, અને ખડાખાચ્તું એવું ચાલ્યું કે ત્યાં ભણવું મુશ્કેલ થઈ પડયું. એક તો દોઢએ માઈલનો રસ્તો, ઉપરાંત ઘેર ભણાવવાની સગવડ નહિ,—સગવડ નહિ એટલે પૈસા નહિ, એટલે ઘેર મહેતાજી રખાય નહિ,—ને નિશાળમાં માસ્તર પર મારા બાપુજીનો ગુસ્સો. એટલે છેલ્લી જ્યારે મારી બા સુરત ગઈ ત્યારે નક્કી કરીને જ આવી હતી કે મને હવે સુરત ભણવા મૂકવો. બાના મોસાળમાં બા માટે સારી લાગણી, એટલે ત્યાંથી જ આ સૂચના આવી હતી

અને અહીં ઘરસંસાર ચલાવવો પણ અઘરો હતો. ઘરસંસાર એટલે તો મા અને બાપ, પણ પગાર પૂરા પાંતરીશનો. પરોપકારી અને ભલા એક કપોળ ડૅાકટર વ્હોરા અને ચીમનલાલ મુનિમ, એ બેની શિફારસથી રતલામમાં પંદર રૂપિયે બાપુજીને નોકરી મળેલી: ૧૮૯૯ કે '૯૮માં. થોડો વખત વળી નાગદામાં કામ કરેલું, ને થોડો વખત ગોધરામાં. રતલામમાં તો સ્ટોરકીપર હતા, પણ ગોધરામાં થોડો વખત ઑાઈલરમાં પણ રહેલા!

એ પંદરના પચ્ચીસ થતાં એમાંથી પાંચ રૂપિયા ઘેર એમના બાપા શિવદાસ ડોસાને મોકલવા પડતા. કોઇ વાર પાંચથી વધારે પણ હોય. અને વડોદરે એકની સાલમાં આવ્યા પછી પાંતરીસના પગારમાંથી ઘરભાડું કપાય, સુરત રકમ મોકલાવવાની, અને ઊજળાં કપડાં પહેરવાનાં, એમાં ચિરંજીવીને ભણાવવો કઇ રીતે? આ બધાંનો વિચાર કરીને માબાપે મને સુરત મોકલવાનું જ ઠીક ધાર્યું હશે

બાબૂભાઇ ભણવા જવાના એની આખા કારખાનામાં ખબર પડી ગઈ હતી. બધા આવ્યા તેમ મરિયમ ડોસી પણ આવીને પોતાના મુલાયમ અને મીઠા અવાજે બાને કહેવા લાગી : 'મને તો નબીએ કહ્યું ત્યારથી ચેન નથી પડતું. મારા ઘરમાં તોફાન કરવા કોણ આવશે? જુઓ! સઇતાબેન! તમે છો મારાથી ઘના નાના; અને હું કંઇ સોનું રૂપું નથી આપતી. યે થોડા જરદાલુ, ટોપરૂં અને ગોળ છે. ભાઇને રસ્તે ખાવા આપસો. મૅં તો સુરત દેખ્યું નથી, પણ બધા તારીફ ઘની કરે છ. અલ્લાની મહેરબાનીથી અહીં જ મોટા સાહેબ થઇને આવસે.' એની આંખમાંથી આંસુ નીકળે, અને બાની મગદૂર કે મરિયમને ના પાડે?

જવાના દિવસની આગલી સાંજે બા મને અન્નાસાહેબને ત્યાં પગે લગાડવા લઈ ગઈ. અન્નાસાહેબ તો ખૂબ જ કકળ્યા. મેનાબાઈ પણ રડી. પછી અન્નાસાહેબે છાતી સરસો ચાંપી આશીર્વાદ આપ્યા.

સવારની ફાસ્ટમાં સવારી સુરત ઊપડવાની હતી. બાને છોડતાં હું બહુ રડયો. બા સુરત આવીને મને મૂકી જાય, એવી જિદ લીધી. આજે નહિ કાલે, એમ કરી એક દિવસ વધારે રહ્યાં. પછી તો બીજે દિવસે સવારે સ્ટેશન પર પહોંચ્યા.

'એ ઓારખાણ રાખજો, અમને ભૂલશો નહિ.' કરતી દોડતી દોડતી જીવી આવી. ડાભઇ ને બાઘર એ તો ઠેઠ સૂરત સુધી મૂકવા આવવાના હતા. ડાહ્યાકાકાનું આખું કુટુંબ સ્ટેશન પર આવેલું.

'લ્યો ભૈ, ભગવાન તમને બહુ મોટા બનાવે.' જીવી સાડલાને છેડે બાંધેલો ખાસ્સો મોટો—રૂપિયાથી યે મોટો ઢબુ છોડીને આપતી હતી. મારી બાએ કહ્યું, 'એ શું? તમે એને પૈસા ન આપો.' તરત જીવીએ જવાબ આપ્યો. 'હોય કૈં? અમે ગરીબ માણસ. આમાં શું આલી નાંછયું જે? લ્યો ડાભૈ, મિયાંગામ પર જામફળ લેજો અને ભૈને ખવડાવજો'

ગાડી આવી. બાઘર અને ડાભઈ બંનેએ મળી બારી પાસેની જગ્યા મેળવી લીધી. ગુલાબ નબી બે નારંગી લઇ આવ્યો, અને દરાવરમાં અલ્લાબક્ષ છે એ ખબર પણ લઈ આવ્યો. ઝપાટામાં પહોંચી જવાના. અલ્લાબક્ષ હાંકે એટલે શું?

'હોવે 'લ્યા; ગઇ રાતે જ એની ગાડીમાં ટોપલા ભર્યાસ. મારી હારી હવે ચ્યમ ના દોડે?' જીવીએ કહ્યું.

લલ્લુશંગ અને મેલભાઈ બાજુ પર મારા બાપુજી ઊભા હતા, ત્યાં જઇ છાનામાના રજા માંગી આવ્યા : સૅાજ હોરા પાછા, જે ગાડી મલી એમાં. કરતાકને ગાડીમાં ચડી બેઠા અને સૂરત સુધી વળા-વવા આવ્યા. બાથી રડવાનું રોકાય એમ નહોતું, પણ એને ડાહ્યા-કાકાનાં માજીએ સોડમાં લઈ લીધાં, અને ગાડી ઊપડતાં એ માજીએ જ બૂમો પાડી : 'આવજે, સાચવજે ભાઈ, ભાગીગણી વહેલો આવજે.'

આમ, રડતાંરડતાં મેં વડોદરા છોડયું. રસ્તે લલ્લુશંગે, બાઘરે અને ડાભઇએ જાતજાતના ટુચકાઓ હાંકી, પટાવી મને છાનો રાખ્યો. વિશ્વામિત્રી સ્ટેશનેથી ગાડી સહેજ આગળ ચાલતાં અમે નાની ડભોઈ-ની રેલ ઉપરથી પસાર થયા ત્યારે મને મુસ્તફા સાંભર્યો. હજી આજે પણ ત્યાંથી પસાર થતાં મુસ્તફો ખૂબ યાદ આવે છે.

પાટી પર પાડેલી કોઇ સુંદર ભાત બાળકને ભૂંસી નાખતાં જોયો છે? પાટલા પર સરસ રંગોળી પૂરી એકાએક એને ઉછાળી નંખાતી જોઇ છે? પાનાનો બંગલો બનાવી એક ધક્કે એને પાડી નાખ્યો છે? કાળ એથી પણ વિકરાળ કામ કરે છે. કોઈ વાર પવન, પાણી, અને અગ્નિ એનાં એવાં ભીષણ કામને માટે જાણીતાં છે. જો કે અહીં આગ પણ નહોતી લાગી કે રેલ પણ નહોતી આવી. છતાં કાળના મુલાયમ હાથે એ જીવનને પલવારમાં ભૂતકાળના ભંડારમાં ભારી દીધું હતું.

એ બંગલો, એ બાગ, એ આગગાડીનો ડબ્બો અને [illegible]એનું કૅબિન, એ પાછળનો સ્ટોર, બાજુનો કૂવો, કારખાનું અને ટર્નટેબલ: આજે એમાંનું એક પણ ફટાકું નથી. માત્ર ઝાંપો છે, ઝાંપાની પાસેની ઓારડી છે, અને અન્નાસાહેબ રહેતા તે બંગલી છે.

૧૯૪૬ના નવેમ્બરમાં મહોરંગને દિવસે સવારે વડોદરે ઊતરી. પ્રો૦ મંજુલાલ મજમુદારને ત્યાં જઈ, ત્યાંથી એ જૂને સ્ટેશને આંટો મારવા ગયો હતો. ડૅા. ઍકવીનોના એ જૂના દવાખાનાવાળા મકાનમાં આજે રૅશન શોપ હતી. જ્યાં હું રમતો—રહેતો, ત્યાં ગાડાંનો ને મોટરબસનો ધૂળિયો રસ્તો હતો. મેનાબાઈ સાથે જ્યાં ખૂબ રમેલા એ બંગલીને ટગર ટગર જોયા કરી, પણ એક્કેય માણસ એમાંથી નીકળ્યું નહિ. કદાચ એમાં કોઈ રહેતું જ નહિ હોય. એ જ રંગ, એ જ જાળી, એ જ ફટો: માત્ર પાછળનો જાંબૂડો નહોતો. ત્યાં મિલ બંધાતી હતી.

હું પાછો ફર્યો. ફાટક પાસે આવી ઊભો. ફરીથી બંગલી જોઈ: એકલી, નિસ્તેજ, પાછળ ખડી થતી મિલના ભાર હેઠળ દબાતી. ક્ષણ ભરમાં તો કારખાનાની અગણિત વ્યક્તિઓ ખડી થઈ ગઈ.

ફાટકની પડખે પાટા પાસે એક કૅરેજનું બફર દાટયું હતું: લોખંડનું ગોળ ચકરડું: માણસ (એટલે કે વાવટીવાળો) બેસી શકે એટલા માટે. હું એ બફર પર જઇને બેઠો. પાસે એક જુવાન વાવટીવાળો ઊભો હતો. એણે મને જોયા કર્યો. હું બેસી રહ્યો. આંખમાંથી બે ચાર આંસુ ત્યાંની ધરતી પર ખરી પડયાં. એવામાં સવારનો ફાસ્ટ અમદાવાદથી આવીને ગયો. એણે મને જગાડયો. રમણલાલ દેસાઇને ત્યાં જવાનું યાદ આવતાં હું ફાળ ખાઇ ઊભો થયો, અને એક બાજુ મધજીની બંગલી અને બીજી બાજુ મેનાબાઈની બંગલી, એ બેના સ્મરણોની વચ્ચેથી હું કાંપને રસ્તે પડયો. (પહેલો ભાગ પૂરો)

चक्रवत्परिवर्तन्ते (અનુ૦ પૃ૦ ૧૨૦થી ચાલુ) સાહેબ બોલ્યા: 'નિખિલભાઇ, સ્કૂલમાં ગરીબ વિદ્યાર્થીઓ લગભગ અર્ધા હશે.'

'પણ સાહેબ, આવા બહુ ઓછા હશે.'

'નિખિલભાઈ, ગરીબાઈ કયાં કયાં છે અને કેટલી છે એ હજુ તમે જાણતા નથી.'

'આપ જાણો છો તો સહાનુભૂતિ દર્શાવો તો શો વાંધો?'

'નિખિલરાય, તમારી લાંબી સર્વિસ ધ્યાનમાં રાખી આ પ્રશ્ન હું ધ્યાન પર લેતો નથી. બાકી એ પ્રશ્ન તમારાથી ન કરાય. અને જાણો છો નિખિલરાય, શિક્ષણ હજુ અનાજ, હવા કે પાણીની મહત્તા ધરાવતું નથી.'

'હં' નિખિલરાયે માત્ર જવાબ વાળ્યો.

સાહેબે જે કહેવાનું હતું તે આડી રીતે સાફ સાફ કહી દીધું એ નિખિલરાય સમજી ગયા. હવે વધુ લગણાઝીક કરવાની એમને જરૂર જણાઈ નહિ. એ ત્યાંથી ઊભા થયા અને રીસેસ પડી.

નિખિલરાયનો છેલ્લો અવર પોતાના જ વર્ગમાં હતો. એ અત્યારે સ્હેજ સ્હેજ ઉદાસ લાગતા હતા. ચીમન એ જોઇ શકતો હતો, છતાં એનામાં જરા જરા આશા આવેલી હતી. છૂટવાનો ઘંટ વાગ્યો. સાહેબ શું કહે છે એ સાંભળવા ચીમન આતુર થઇ રહ્યો હતો. પણ નિખિલરાયે ચીમનને એટલું જ કહ્યું: 'ચીમન, આજે સાંજે તું મારે ઘેર આવીશ?'

પ્રથમ તો ચીમન અચકાઇ ગયો, પણ પછી તેણે તુર્તજ કહ્યું: 'આવીશ.'

'ઘર જોયું છે તેં?'

'ના સાહેબ, પણ એ તો પૂછી લઇશ. લત્તાની ખબર છે.'

નિખિલરાયે એને પોતાનું પૂરેપૂરું સરનામું આપી કહ્યું: 'સાંજ ગમે ત્યારે આવીશ તો ચાલશે.'

ચીમન જવાની તૈયારી કરતો હતો. પણ એણે અચકાઇને પૂછી લીધું: 'સાહેબ રાત્રે આવું તો તમને તકલિફ પડશે?'

'પણ રાત્રે શું કરવા? વહેલો જ આવજે ને?'

'સારું સાહેબ.'

પણ છતાંયે નિખિલરાયે કારણ પૂછ્યું. ચીમને જવાબ આપ્યો: 'એ તો સાહેબ, એકાદ બે થર્મોસ આઈસક્રૂટ વેચીને આવું, એમ વિચાર હતો. પણ ચાલશે; કાલે વધારે ફરીશ.'

'તો એમ કરજે—એ બાજુ વેચવા નીકળજે.' નિખિલરાયે રસ્તો કાઢયો.

'હા, એય ઠીક છે!' કહી ચીમન ઘેર ગયો..

સાતેક વાગે ચીમન આઈસક્રુટના બે મોટા થર્મોસ લઇને નિખિલરાયને ઘેર ગયો. નિખિલરાય બહારની ઓરડીમાં હીંચકા ઉપર બેઠા હતા. ચીમન દૂર બેસવા જતો હતો, પણ એમણે એને નજીક બેસવા કહ્યું. એ હીંચકાની બાજુમાં ચટાઈ ઉપર બેઠો. નિખિલરાય જે કહેવા માગતા હતા એ એમણે સીધી રીતે ન કહેતાં જુદી રીતે કહેવા માંડયું: 'ચીમન, ભણીને તું શું થવા માગે છે?'

'સાહેબ, મારું તો બીજું શું ગજું? પણ થોડુંઘણું ભણીને નોકરી કરીશ. મરજી તો મોટા ડૉકટર થવાની છે; પણ એ કાંઈ પાર પડે?'

'નોકરીમાંશી મઝા છે ચીમન? છાનોમાનો બીજે ધંધે લાગી જાને!'

'કેમ સાહેબ?'

'ત્યારે શું? મૅટ્રિક થઈશ તો યે પૂરું કરવા જેટલું નોકરીમાંથી મળવાનું નથી. તો પછી આવો તેવો ધંધો કરીને રસ્તે ચડી જવું સારું.' ચીમન બીજી દલીલો કરવામાં શું સમજે? એને નિખિલરાયની વાત ઠીક લાગી. વળી નિખિલરાયે મૅટ્રિકનો પગાર કહ્યો, ખર્ચ કહ્યો. પણ ચીમનના પિતા ચીમનની માને ચીમનને ખૂબ ભણાવવાની ભલામણ કરતા ગયા હતા, એટલે એનાં માતપિતાની ઈચ્છા પૂરી કરવા ચીમનનું મન ભણવા માટે વધારે રહેતું હતું.

નિખિલરાયે સમજાવવા માંડયું: 'તું વિચાર કર, ચીમન, તારા બધા જ વિષયો ખૂબ કાચા છે. અંગ્રેજી તને આવડતું નથી. ગણિત તું શીખી શકતો નથી. પછી છેક સુધી શી રીતે પાસ થઈશ? મને એમ લાગે છે કે તું તારાં વરસ અને ખૂબ મહેનત કરીને કમાએલા પૈસા ફેંકી દે છે.'

ચીમન ચૂપ રહ્યો. એને દરેક વિષયના શિક્ષકો રોજ 'તું ભણી રહ્યો,' 'તારાથી ન ભણાય' એવું કહ્યા જ કરતા હતા તેની ય અસર થયા વિના રહી ન હતી. અત્યારે સાહેબે પોતાને એટલા માટે છેક ઘેર બોલાવ્યો છે એ માટે કંઈક વિચારવા જેવું તો લાગ્યું જ. વળી પૈસાની ભીડ ને ત્રાસ કયાં ઓછાં હતાં? નિખિલરાયે ઉમેર્યું: 'અને કદાચ ઑફિસ તરફથી ફી નહિ ભરવામાં આવે તો નામ નીકળી જશે.'

—અને જેમ એક પછી એક બંધબેસતાં કારણોને લીધે માણસ એકદમ નિશ્ચય ઉપર આવી જાય એમ ચીમને કંઈક જલદી જલદી નિશ્ચય કરી લીધો અને નિખિલરાયને કહ્યું: 'આપ ઠીક કહો છો સાહેબ, કાલથી હું નહિ આવું.'

'ના, એમ નહિ. કાલે તો તું જરૂર આવજે. ઑફિસવાળા શું કહે છે એ ઉપરથી વાત.'

'ના ના, સાહેબ, હવે મારો ભણવાનો વિચાર નથી. મોટા સાહેબ કદાચ ચાર દિવસની મુદત આપશે; પછી એનું એ જ.'

'છતાં હું માફી આપવાનો પ્રયત્ન કરી જોઈશ, કાલે તું આવજે.'

ચીમન ચૂપ રહ્યો, એટલે નિખિલરાયે ફરી પૂછ્યું: 'આવીશ ને?'

'આવીશ.' ચીમને જવાબ આપ્યો.

અને ચીમન ઊઠતો હતો એટલામાં એને કંઈક યાદ આવ્યું. એણે એક થર્મોસ ઉઘાડયો. એ પૂરેપૂરો ભરેલો હતો, એટલે બીજો ઉઘાડયો, અને એમાંથી ચાર પાંચ સળીઓ કાઢી નિખિલરાયના નાના બે છોકરાઓને આપવા લાગ્યો. નિખિલરાયે એને ખૂબ રોકયો, પણ એણે માન્યું નહિ અને ચાલ્યો ગયો. નિખિલરાય એ મહેનતુ છોકરાની પૂંઠ જોઈ રહ્યા.

બીજે દિવસે પહેલો અવર ગુજરાતીનો હતો. કર્ણ વિષે કંઇક ચાલતું હતું. નિખિલરાય એ દાનેશ્વરીને થએલા અન્યાયો એક પછી એક કહેવા લાગ્યા. અસ્ત્રવિદ્યાની હરીફાઈમાં અપમાન, મત્સ્યવેધ વખતે ભેદી નાખે તેવા દ્રૌપદીના શબ્દો, અને તેમાં યે મહાભારતયુદ્ધ વખતે કૃષ્ણ અને કુન્તા તરફથી એને સમજાવવા થએલા પ્રયત્નો કહેતી વખતે તો નિખિલરાય ઊકળી ઊઠયા:

'કુન્તાને પોતાના પતિ સિવાય બીજા દેવતાઓના કહેવાય એવા પુત્રો ઉત્પન્ન કરવાની—જન્માવવાની હિંમત હતી; પણ એ જ મંત્રથી

ઉત્પન્ન થએલા પુત્રને જાહેર કરવાની હિંમત ન ચાલી. એણે કર્ણને પેટીમાં પૂરી નદીમાં તરતો મૂક્યો: પોતાનું જ બાળક! તેજસ્વી, મહાપ્રતાપશાળી અને સૂર્ય દેવતાનું ફરજંદ!! સૂર્ય તે વખતે ચૂપ રહ્યા; કુન્તા ચૂપ રહી. મોટા થતા કર્ણને એમણે બધાએ ઓળખ્યો ન ઓળખ્યો હોય તો ય એનાં કવચકુંડળ ક્યાં છાનાં રહે એમ હતાં? કહેવાતી કુળની ખામીને લીધે એની શક્તિઓ જીવતાં ઝેર બની ગઇ.'

નિખિલરાયનો રોષ વધતો જતો હતો. વળી એમણે શરૂ કર્યું: 'છેવટે મહાભારતની તૈયારીઓ વખતે કૃષ્ણે કર્ણને કહ્યું: 'તું પાંડવ છે, પાંડવોમાં સૌથી મોટો છે.' કુન્તાએ કહ્યું: 'તું પાંડવ છે, સૌથી મોટો છે.' અને સૂર્યદેવતાએ આકાશવાણીથી કહ્યું: 'કર્ણ, કુન્તા ખરું કહે છે, એ તારા ભલા માટે કહે છે.'

અને વળી નિખિલરાય ગુસ્સે થયા: 'કુન્તા કદાચ પોતાની નબળાઇને લીધે વાત છુપાવે. પણ સૂર્ય?! સૂર્યે આજ સુધી કેમ છુપાવ્યું? આજ સુધી એમને પોતાને પોતાના તેજનો ખ્યાલ નહોતો? કર્ણનું કુળ જાહેર કરવાનો દ્રૌપદી સ્વયંવર વખતે સમય નહોતો?...અને બાકી રહી જતું હતું તે છેવટે એનાં કવચકુંડળ લઇ લઈને બધાએ ભેગા મળીને એના ભાઇના હાથે જ હણ્યો. એનું નિકંદન કાઢી એમણે એક 'હાશ' લીધી...

નિખિલરાય આગળ બોલવા જતા હતા, એવ:માં એક વિદ્યાર્થી બોલ્યો: 'સાહેબ, ચીમન બહાર જુએ છે.'

નિખિલરાયને એ કહેનાર છોકરા ઉપર ચીડ ચડી. છતાં ય સ્વાભાવિક રીતે ચીમન તરફ જોવાઈ ગયું. એ બહાર નહોતો જોતો: આંખમાં આંસુને છુપાવવા બહાર નજર કરતો હતો.

આટલી લાંબી નોકરી દરમ્યાન પ્રથમ વાર જ નિખિલરાયનાં આંખમાંનાં ઝળઝળિયાં આવી ગયાં.

બીજા દિવસે ચીમન વર્ગમાં નહોતો. એક છોકરાએ ઊભા થઈ કહ્યું: 'સાહેબ, ચીમન આ પાઠમાળા ભૂલી ગયો છે.' નિખિલરાયે તે લીધી અને એ લેતાંલેતાં અંદરથી એક પોસ્ટકાર્ડ નીચે પડ્યું. એક વિદ્યાર્થીએ ઉઠાવીને નિખિલરાયને આપ્યું. એ નિખિલરાયે વાંચી જોયું અઠવાડિયાથી પોસ્ટમાં નાખ્યા વિના રહેલા એ કાર્ડમાં ચીમને પોતાના ગામના એક માણસને પોતાના નાના ભાઇના મૃત્યુના સમાચાર લખ્યા હતા અને પડોશીઓએ એની ઉત્તરક્રિયા માટે મદદ કરી હતી એ પણ જણાવ્યું હતું. નિખિલરાયે ચીમનને ઓળખતા એક વિદ્યાર્થીને એ બધું આપી દીધું અને એક દીર્ઘ શ્વાસ લીધો.

એકાદ અઠવાડિયા પછી વર્ગના એક વિદ્યાર્થીએ ડ્રૉઇંગબુકના બે જોડેલા કાગળ ઉપર સુંદર અક્ષરથી લખેલો પેલો શ્લોક નિખિલરાયના હાથમાં મૂકતાં કહ્યું: 'સાહેબ, આપણા વર્ગની ભીંત ઉપર ચોંટાડવા ચીમને આ મોકલ્યો છે!' નિખિલરાયે એને ભીંત ઉપર ચોંટાડાવ્યો અને સજળ નયને એક વખત મોટેથી વાંચ્યો:

सुखमापतितं सेव्यं दुःखमापतितं तथा ।
चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च ॥

ને વર્ગના કેટલાક વિદ્યાર્થીઓની આંખમાં પણ પાણી આવી ગયાં.

મોહનલાલ પટેલ

Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

પરદેશનાં પત્રમિત્રો

(1) Robert Ferril, Route, 5 Ashtambula, Ohio (U. S. A.) Stamps & Correspondance; (2) Felix Fernandez, Assonara no Bairrs, Khory Bardez. Goa. Stamps; (3) Yousuf A. Hamid, Street No. 5, Maalla, Aden(Arabia);(4)Miss Kamal Laxmi,C/o Khagendralal Shreasta,8/527,Maklan Tole, Khatmandu(Nepal) Stamps & Music; (5) Mr. Uttamchand Shah. P. O. Box 967, Nirobi (Kenya B. E. A); (6) Mr. Ramniklal Shah, P. O. Box 381. Nirobi (Kenya B. E. A.); (7) Mr. Abderali G. Moses, No. 1254, Matudost, Zanzibar (Africa). (ઉલ્લેખ: જગદીશ શાહ, વાયડાપોળ વડોદરા).

સીલોનનાં પત્રમિત્રો

(1) P. Ramanathan, 69, Colpetly lane, Colombo-3, Boy—18, Photography, Stamps; (2) D. K. Subasinghe, 229,Kirillapona Road,Narahenpita,Colombo Boy—22, Photography; (3) Sauniya Kumar, Rendapole Road, Mirigama, Boy—18, Dancing; (4) Sunder Bealu Iyer, No.44, Layard's Road, Houselock Town, Colombo-5, Boy—17, Farming, Boxing, Music; (5) Suneth Amarasekara, Financial Section, P. W. D. Head Quarters,Calombo-Art,Music.Philosophy; (6) Stanley Weerasuriya, Nimal Villa, Uswatta Road, Moratuwa—Politics, Movies, Art, Music; (7) Cyril Jayatilak, Ambuwangola, DewaLagama, Boy—16, Cricket, Stamps; (8) J. Seevaratnam, 11, Shoe Road, Colombo 13, Boy—20, Photography, Gardening; (9) S. S. Selladurai, Ampitigoda Group, Banderawalla, Boy, Photography, Politics, Stamps; (10) Y. Nazir, St. Thomas College, Matale, Boy—17, Stamps, Photography; (11) Charles Joseph, Pingarawa Group, Namunkula, Stamps, Photography. (ઉલ્લેખ: વિપિન શાહ, ૮૪/૨ ગિરધરનગર, અમદાવાદ-૪ તથા 'ટાઇમ્સ ઑવ સીલોન સનડે ઇલસ્ટ્રેટેડ, કોલંબો-સીલોન).

(1) Rew.Fr. Cornalius, 'Our lady of Snows Church,' Tuticorin, Stamps; (2) Cyril Missier, 41, Manal Street, Tuticorin, Stamps; (3) Rosario Motha, 54, Dealwis Place,Dehiwala, Stamps;(4) A.X.Fernando, 8, Victoria St.,Tuticorin, Stamps; 5) A. X. Devarajan, 9, Keracope Street, Tuticorin, Stamps; (6) Stanis Machado, Machado lane, S. Raja St., Tuticorin, Stamps & View-cards;(7) Berchmen Motha, Beach Road, Tuticorin, Stamps & Match-Lables; (8) Gregory Ravel, 1. South Emperor St., Tuticorin, Stamps. (ઉલ્લેખ: જગદીશ એ. શાહ, વાયડાપોળ વાડી, વડોદરા.)

ટિકિટ સંગ્રહ આજનો એ સંસારવ્યાપી શૉખ

કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ



જમણી બાજુ: નીચેના લેખમાં ઉલ્લેખ્યા મુજબ માત્ર આવક કરવાને ખાતર ફ્રાન્સમાં ભૂમધ્યને કિનારે આવેલા મોનાકો"ના ટચુકડા રાજ્યે કાઢેલી નાનાવિધ રૂપસુંદર ટિકિટો પૈકીની એક, જે રેડિયમનાં શોધક વિખ્યાત વિજ્ઞાની દંપતી પીઅરી અને મેરી ક્યુરીની છબિઓ ધરાવે છે. પણ એ રાજ્યે કાઢેલી આવી અસંખ્ય પ્રકારની ટિકિટો બહુ મૂલ્યવાન ગણાતી નથી.



પારીસમાં આ વર્ષે ઊજવાતી ટિકિટ-સંગ્રહની 'રાષ્ટ્રીય સંવત્સરી' નિમિત્તે ત્યાંની પોસ્ટ ઑફિસે ખાસ કાઢેલું આ પોસ્ટકાર્ડ અમારા એક વાચક શ્રી એમ. એચ. વેદ પર તેમના ફ્રેન્ચ પત્રમિત્ર શ્રી માર્સેલ પેલિસ્સૂએ મોકલ્યું છે તે અત્રે પ્રકટ કરીએ છીએ.

એક વાચક પૂછે છે કે ટિકિટસંગ્રહનો શાખ ક્યારથી શરૂ થયો હશે? એની કોઈ ચોક્કસ સાલ હજી લગી નિશ્ચિત થઇ નથી; પણ ઈ. ૧૮૪૦થી ટિકિટોની શરૂઆત થઈ ત્યારથી બેએક દાયકા સુધી તો કોઈ મોટેરાંને આમાં રસ પડચો હોવાનું જણાયું નથી. હા; નાનાં બાળકો આ રંગીન છાપના ટચૂકડા ટુકડાઓથી આકર્ષાઇને તેને ઉખેડી ઉખેડી ભેગાં કરતા અને કાગળની કોથળીઓ કે ખોખાંમાં સંઘરતા. પણ ઈ. ૧૮૬૦માં ફ્રાન્સ અને ઇંગ્લંડમાં આ શૉખની શરૂઆત થઇ, અને એ વખતે, ઐતિહાસિકતાની દૃષ્ટિથી જ્યારે 'ફર્સ્ટ ઈશ્યૂ' (પહેલી બહાર પડેલી ટિકિટો)ની શોધ કરતાં એમને નિષ્ફળતા મળી, ત્યારે વિરલતાની દૃષ્ટિએ તેની કિંમત સમજાવા માંડી. (આ સાથે પ્રકટ કરેલા પોસ્ટકાર્ડમાં દર્શાવ્યા પ્રમાણે ફ્રાન્સ આ વર્ષે તેની સંવત્સરી ઊજવે છે.) ઇંગ્લંડમાં ટિકિટસંગ્રહનો સિલસિલાબંધ ઈતિહાસ તો ઈ ૧૮૬૯માં 'રૉયલ ફિલાટેલિક સોસાએટી'ની સ્થાપનાથી મંડાયો ગણાય છે; પણ આ શૉખની ખરી બોલબાલા તો આ સદીના આરંભથી જ શરૂ થઈ અને વિરલ ટિકિટોની ભારે કિંમતો અંકાવા લાગી. આજે તો, થોડા માસ પર અમે 'માધુકરી' વિભાગમાં આપ્યું હતું તેમ, દુનિયાભરના બધા શૉખોમાં આ શૉખ મોખરે ગણાય છે, અને તેના સંગ્રાહકોની સંખ્યા જેમ લાખોના આંક પર પહોંચી હશે તેમ ટિકિટસંગ્રહોની કિંમત પણ લાખો રૂપિયાથી ગંડાય છે. તે પૈકી દુનિયામાં આજ સુધીમાં બે સંગ્રાહકો મોટામાં મોટા ગણાયા છે: એક, ઇંગ્લંડના રાજા જ્યોર્જ પાંચમા—જેમનો બ્રિટિશ ટિકિટોનો સંગ્રહ બેનમૂન તેટલો જ બેમૂલ ગણાતો; ને બીજો ફિલિપ ફૉન ફેરારી, જેના સંગ્રહનો માત્ર એક જ નાનો સરખો ભાગ ઈ. ૧૯૨૨–૨૫ની હરાજીમાં વેચાતાં તેના ૪,૦૨,૯૬૫ પૌંડ ઊપજેલા.

સંગ્રાહકોનાં આ શૉખ ને કુતૂહલનો લાભ પણ ઉઠાવાયો છે. ગયા અંકમાં ઉલ્લેખ કર્યો હતો તેમ, તંગી નિવારવા સારુ અડધિયાં કરીને કે વધારાની કિંમત નવેસરથી ઉપર છાપીને કાઢેલી (over printed) ટિકિટોના નૂતન કુતૂહલને કારણે (તથા એવી ટિકિટો બહુ ઓછી હોવાથી તેની વિરલતાને લીધે) તેને બહુમૂલ્ય બની જતી જોઇને હિંદમાંનાં પોર્ચુગીઝ સંસ્થાનોએ પણ એ નુસખો અજમાવેલો. જોકે એમાં બહુ સફળતા ન મળી.

એવું જ બીજું આકર્ષણ ટિકિટો ઉપરનાં ચિત્રોની ડિઝાઈન (આલેખનોની) અભિનવતા અને રંગમયતાનું પણ રહે છે. આથી, ઘણાં નાનાંનાનાં રાજ્યો એ નુસખો અજમાવીને રાજ્યની તીજોરીને તર કરે છે. આજે તો સ્થિતિ લગભગ એવી છે કે જેમ રાજ્ય નાનું તેમ તેની ટિકિટોની સંખ્યા વધારે! દાખલા તરીકે ફ્રાન્સના દક્ષિણ કિનારા પર આવેલું મોનાકો (Monaco)નું નાનું રાજ્ય માત્ર ૨૩,૦૦૦ની જ વસતિ ધરાવે છે, અને છેક ૧૮૮૫ની સાલ સુધી તો ફ્રાન્સ જ એને ટિકિટો પૂરી પાડતું. વળી ત્યાં કોઈ ખાસ ધંધા ઉદ્યોગો પણ નથી; એટલે ઈ. ૧૮૮૫થી તેણે સ્વતંત્ર ટિકિટો કાઢવા માંડી ત્યાર બાદ આ શૉખને વધતો જોઇ તે દ્વારા માતબર થવાનો નુસખો તેણે શોધી કાઢ્યો. એકએક ઇંચના આ ટચુકડા ટુકડાઓ છાપવા-કરવામાં કંઈ બહુ ખર્ચ નથી થતું પણ તેના વેચાણમાંથી આવક તો મબલખ થાય છે. એટલે એણે અવનવી રૂપસુંદર ડિઝાઇનો અને જાતો કાઢવા માંડીને તે ખૂબ કાળજીથી ફ્રાન્સમાં ખાસ છપાવવા માંડી. પરિણામે, આ ૬૫ વર્ષમાં એ નાનકડા રાજ્યે ૫૦૦ જેટલી જાતની વિવિધ ટિકિટો કાઢી છે, અને પૂરી પચ્ચીસ હજારની વસ્તી પણ ન ધરાવતું એ અંગુઠિયું રાજ્ય યુરોપનાં રાજ્યોમાં સારી પેઠે માતબર ગણાય છે! એવો જ દાખલો ઈટાલીની વચ્ચે આવેલા સાન મારીનો San Marino નામના એક સ્વતંત્ર રાજ્યનો છે. એની વિવિધરંગી ટિકિટો પાછળ પણ ટિકિટ-સંગ્રાહકોએ સારી પેઠે નાણાં ખર્ચી એ રાજ્યને પુષ્ટ બનાવ્યું છે.

એવો જ માર્ગ આપણા દેશમાં ભાવલપુર રાજ્યે અજમાવેલો. પશ્ચિમ પંજાબના

મેટાળમાં આવેલું એ નાનકડું રાજ્ય એની નાનાવિધ મનોહર ટિકિટોને કારણે દેશ પરદેશમાં પંકાએલું ને દરિયાપારના દેશોમાંથી એની ટિકિટોની ખૂબ માગ આવતી. થોડા સમય પર અમે ત્યાની 'સિલ્વર જ્યૂબિલી' ટિકિટો છાપેલી. પણ આ જ મહીને એક ભાઈ, પરદેશના એક પત્રમિત્રના કાગળનો ઉતારો ટાંકીને લખી જણાવે છે કે એની કોઈ કિંમત હવે રહી નથી. એ ભાઇનો પત્ર આ લખતી વખતે હાથવગો રહ્યો નથી, નહિતર અમે તે ઉતારત. એ ભાઇના વાંચવામાં જો આવે તો અમને તેની વિગતો ફરી મોકલે.

• • •

દુનિયામાં પહેલવહેલી ટિકિટ ઇગ્લંડે કાઢી (ઈ.૧૮૪૦) તેને આ વર્ષે ૧૨૦ વર્ષ પૂરાં થાય છે તેના સ્મરણમાં આવતી તારીખ ૬ ઠ્ઠી મેના દિવસે લંડનમાં એક આંતરરાષ્ટ્રીય ટિકિટ-પ્રદર્શન ભરાશે, જેમાં પાંચ લાખથી વધુ ટિકિટો રજૂ કરવામાં આવશે ને સુવર્ણ ચન્દ્રક તથા બીજાં પારિતોષિકો વહેંચાશે. દેશદેશના ટિકિટસંગ્રાહકો તેમાં ભાગ લઇ રહ્યા છે.

ડૉ. હરિપ્રસાદ દેસાઇ (અનુ૦ પૃ. ૧૧૮થી) સ્વાગત કરવાને કોઈ બીજી આગેવાન વ્યક્તિ તૈયાર નહોતી. એટલે ડૉકટરે જ પોતાના સ્વયંસેવકોને લઈ તેમનું સ્વાગત કર્યું અને શહેરમાં સરઘસ કાઢયું.

એ સમયે આખા અમદાવાદમાં સંસ્કાર, વિદ્યા અને ગૃહસ્થજીવનનો વિકાસ માત્ર ખાડિયા-રાયપુરમાં જ હતો એમ કહીએ તો ચાલે. નાગરો અને બ્રહ્મક્ષત્રિયો તે બાબતમાં ઘણી આગળ પડતી કોમો ગણાતી અને બ્રાહ્મણ, જૈન વગેરે પોતપોતાના વ્યવહારમાં મચી રહેલો રુઢિચુસ્ત વર્ગ હતો. બ્રહ્મક્ષત્રિયો અને નાગરોમાંથી આગળ વધેલા સરકારી નોકરીઓમાં અને વિદ્યાપ્રાપ્ત ધંધાઓ—જેવા કે વકીલાત, દાકતરી ને શિક્ષણ—માં પડેલા હતા, જ્યારે મિલો અને વેપાર વણિક કોમના હાથમાં હતો. આથી શહેરમાં સંસ્કારી વાતાવરણ શોધવું હોય તો ખાડિયા-રાયપુરમાં મળતું. નવા સંસ્કારી આગંતુકો પણ રહેવાનું ઘર આ જ લત્તામાં શોધતા. આથી રજા કે ફુરસદને વખતે ગમે તેને ઘેર બેપાંચ જણનું સુજ્ઞ-મિત્રમંડળ સહજ જામી જતું. સાહિત્યસંપર્ક અને સંસ્કારિતા નાગર કોમનો વારસો ગણાતાં અને આકાશેઠ કુવાની પોળમાં સ્વ. આનંદશંકરભાઈ તેના પ્રતીક સમા વિરાજતા. તેમનું 'વસંત' ગુજરાતી ફોરમ હતું. શ્રી બિન્દુભાઇ (રામમોહનરાય દેસાઈ) ને તેમનું બંધુસમાજ 'સુંદરી સુબોધ' માસિક ચલાવતા અને એ મંડળના ભોગીન્દ્રરાવ, ડાહ્યાભાઈ લ. પટેલ, વગેરે ગુજરાતના ગૃહસ્થજીવનના લલિત ભાત્રો અને ઊર્મિઓને લડાવતું સાહિત્ય લખતા. બીજી બાજુ ડાહ્યાભાઈ રામચન્દ્ર મહેતા, એ કાળનું શિષ્ટ માસિક 'ભારત જીવન' બંધ કરી, થાકેલા લાગતા હતા ને શ્રી રામકૃષ્ણ પરમહંસના સંપ્રદાય તથા સિદ્ધાન્તો પાછળ શાંતિ અને પ્રવૃત્તિ સાચવતા હતા. સર રમણભાઈ, મટુભાઈ, ધ્રુવ ને તેમનું કુટુંબમંડળ શાન્ત એકધારાપણાથી પ્રાર્થના સમાજની સાત્ત્વિક પ્રવૃતિ ચલાવતું. આ બધા વચ્ચે ડૉકટર હરિપ્રસાદ સરસ્વતીના એક મુગ્ધ સેવક તરીકે સર્વતઃ પ્રસાદ મેળવ્યા કરતા. નિયમિતરીતે હાથમાં આવેલાં દૈનિકો, પખવાડિકો ને માસિકો તે વાંચી જતા, ઉપરાંત નવા ગ્રંથો પણ શોધ્યા કરતા. 'મૉડર્ન રીવ્યૂ' તો પોતે જ મંગાવતા અને અભ્યાસી વિદ્યાર્થીની અદાથી સાદ્યંત વાંચતા. તેમાં તેમણે ડૉ. આનંદ કુમારસ્વામી અને હેવેલના હિંદી કળા પરના લેખો વાંચેલા. એ કાળે નવી પ્રસ્થાપિત થતી એ કળાનું રહસ્ય પ્રથમ તો એ નહોતા સમજતા, પણ તેની પાછળ રહેલી રાષ્ટ્રભાવનાએ તેમને મોળી નાખ્યા હતા અને યુરોપિયન ચિત્રો ને હિંદી કળાનાં ધ્યેયનો ભેદ સમજતા થઈ ગયા હતા. બીજા સાક્ષરો કે વિદ્વાનો પેઠે તે એકલા પુસ્તકપૂજારી નહોતા. ઉપર વર્ણવેલા મગનલાલ શર્માની સોબત અને આંખ દ્વારા તે દષ્ટિગોચર થતાં ચિત્રો પાત્રો અને દશ્યોમાં રસ લેતા થયા હતા ને આ કલાભક્તિનો આરંભ એ તેમના વિકાસમાં મહત્ત્વનું પગથિયું બન્યું હતું.

ગાંધીજીને અમદાવાદમાં વસવાની ઈચ્છા કરાવવામાં પણ ડૉકટરનો જ આગ્રહ મુખ્ય હતો અને તેમના શરૂઆતના કોચરબના મુકામ પર તે નિયમિત જતા. એક બે વખત મને પણ સાથે લઈ ગયા હતા. એમાં એક વાર તો ફુવારા આગળ જ શ્રી વલ્લભભાઇ મળ્યા હતા. અમે પાછળ જતા હતા એવામાં એકાએક ડાકટરે કહ્યુ 'પેલા જાય તે બૅરિસ્ટર વલ્લભભાઇ પટેલ.' એમ કહેતા તેમને પહોંચી ગયા અને મારું ઓળખાણ કરાવ્યું. જોકે વલ્લભભાઈ તો ગુજરાત કલબનું મકાન આવતાં તેમાં વળી ગયા અને અમે ગાંધીજી પાસે ગયા. ત્યારે ગાંધીજીના વર્ગો પૂરા થયા હતા. એટલે એમણે ડૉકટર સાથે રોજ મુજબ ગામના ખબર પૂછી વિગતો મેળવવા માંડી.

બીજી બાજુ એમના મિત્રમંડળમાં શાંત વિચારક અને એકાંતિક સાહિત્યપ્રેમી સ્વ. હીરાલાલ પારેખ રોજ નવનવાં પુસ્તકો મંગાવતા અને ઉત્સુક મિત્રોને તે વાંચવા આપતા. ડૉકટરની અને તેમની પ્રકૃતિ ઘણી બાબતમાં વિરોધી હતી, છતાં બંને વચ્ચે ઊંચો બંધુભાવ ઠેઠ સુધી જળવાયો હતો. હીરાલાલ પારેખને ઘેર અનેક પુસ્તકોના ઢગલા તેમના હીંચકાની આસપાસ પડયા જ રહેતા અને કોઇ ઉત્સુક ત્યાં જાય ત્યારે એ શ્રમ લઇને તેને લાયકનાં પુસ્તકો બતાવતા. એમનો પરિચય થયા પછી હું ગુજરાત સાહિત્ય સભાના સંપર્કમાં આવ્યો. ૧૯૨૦માં એ સભાએ છઠ્ઠી સાહિત્ય પરિષદ અમદાવાદમાં ભરવાનું ઠરાવ્યું અને પારેખ તથા ડૉકટરે તે સાથે 'ગુજરાત કલા પ્રદર્શન' તૈયાર કરવાનું મારા પર નાખ્યું. મને અમદાવાદની કલારુચિ કેળવવાનો કોડ હતો, પણ જાહેરમાં આગળ પડી જવાબદારી નિભાવવાની હિંમત નહોતી; તેથી પ્રદર્શનના મુખ્ય મંત્રી તરીકે ડૉકટર સાહેબનું નામ રખાવી મેં એ કામ ઉપાડયું. તે પછી તો તેમણે મને અમદાવાદની પોળોમાંનાં લાકડાની પુરાણી કોતરણીવાળાં ઘરો બતાવ્યાં અને એ કોતરકામ કરતા કારીગરોના એકમાત્ર છેલ્લા અવશેષ રહેલા સોમનાથ મિસ્ત્રીને ઘેર લઈ ગયા. તેમના કહેવાથી મેં પણ એક સાઇકલ ખરીદી લીધી અને તેમના સાથમાં અમદાવાદનાં જૂનાં સ્થળો જોઇ નાખ્યાં.

પરિષદના પ્રમુખ તરીકે વડોદરા સ્વ૦ રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળાને વિનતિ કરવા સાહિત્યસભાનું ડેપ્યુટેશન ગયું હતું તેમાં શ્રી પારેખ તથા ડૉકટરે મને પણ સાથે લીધો. ત્યાં પણ મેં જોયું કે સ્વ. મટુભાઈ કાંટાવાળા ગુજરાતની એતદ્દેશીય કળા અને કારીગરીના એક નિષ્ઠાવાન પૂજારી હતા. આવા પ્રેમ અને સદ્‌ભાવના વાતાવરણમાં મારી અમદાવાદની જાહેર કારકિર્દીની શરૂઆત થઈ અને ડૉકટર મારી જાહેર પ્રવૃત્તિઓના કર્ણધાર બની રહ્યા. (ચાલુ)

ઈતર પ્રકાશનો

શ્રી અરવિંદ અને તેમનો આશ્રમ: શ્રી અરવિંદના સંક્ષિપ્ત જીવન, તેમનું તત્ત્વદર્શન અને તેમના આશ્રમની પ્રમાણભૂત માહિતી આપતી પુસ્તિકા. અનુવાદકઃ સુન્દરમ્, ૧-૪-૦; **આશ્રમ સંદેશ**: લોકહૃદયની માગણીના પ્રત્યુત્તર રૂપે શ્રી અરવિંદે તથા શ્રી માતાજીએ પાઠવેલા સંદેશાઓનો સંગ્રહ. અનુ૦ સુન્દરમ્, ૧-૪-૦. બંને પુસ્તકના પ્રકાશકઃ શ્રી અરવિંદ કાર્યાલય આણંદ; **ફૂલદોલ**: મનસુખલાલ ઝવેરીના આરાધના ને અભિસારના પુરોગામી કાવ્યોના સંગ્રહની બીજી આવૃત્તિ. પ્રકાશકઃ મનસુખલાલ મ. ઝવેરી, મુંબાઇ-૧. ૧-૮-૦



માધુકરી

શુકલા, બ્રહ્મવિચારસારપરમા, આદ્યા, જગદ્વ્યાપિની,
વીણાપુસ્તકધારિણી, અભયદા, જાડયાંધકારાપહા,
હસ્તે સ્ફાટિકમાલિકા ધરતી જે, પદ્માસને જે સ્થિતા,
વંદુ તે પરમેશ્વરી, ભગવતી, બુદ્ધિપ્રદા, શારદા.
('બુદ્ધિપ્રકાશ'માંથી સરસ્વતીસ્તવન)



માસમાસનાં પંખી–[૫૧] ચાષ

દીવાળી ટાંકણે માત્ર શુકન પૂરતું જ આ પંખીને આપણે જોતા હોવાથી તેને યાયાવર (પરદેશનું યાત્રી) પંખી માની લઇએ છીએ, પણ વસ્તુતઃ તો એ આ દેશનું જ વાસી છે.

એકાદ ફૂટ લાંબું અને ભરાવદાર શરીરનું આ પંખી મોટે ભાગે નીલ વર્ણનું હોવાથી 'લીલછા' નામે પણ ઓળખાય છે. માથાનો વચલો ભાગ લીલાશપડતો વાદળી; ગરદન રતાશ પડતી, ખભા અને પાંખો મેલાં ધુમાડિયા બદામી-વાદળી રંગનાં; પીઠ વાદળી; કેડ ને પૂછડીનાં ઉપરનાં પીછાં ઘેરા રતુમડા વાદળી રંગનાં; દાઢી, ગળું ને છાતી આછા રતુમડાં વાદળી; પડખાં, પૂછડીનો મૂળ ભાગ અને પૂછડી હેઠળનાં ઉપરનાં પીછાં આછા આસમાની રંગનાં. ચાંચ એકાદ ઇંચની કાળાશપડતા બદામી રંગની. આંખો ઘેરી બદામી; પોપચાં પીળાં; ને પગ મેલા પીળા.

આવો નયનાભિરામ ચાષ બેઠો હોય ત્યારે તો કેવળ ઘૂંટિયો જ લાગે છે. આહાર તીડ, તમરાં, ગરોળી ને ક્વચિત્ ઉંદર–દેડકાંનો.


સ્વભાવે સૌમ્ય અને નિરુપદ્રવી હોવા છતાં તેના સવનનકાળ (ફેબ્રુઆરી)માં તે ઉન્માદમાં આવી જઈ સૂર્યોદય થતાં જ આકાશમાં ચડી, થોડે ઊંચે જઈ ત્યાંથી પડતું મૂકી વિવિધ નીલવર્ણની છોળો ઉડાડતો ગુંલાટો ખાતો નીચે આવે છે. આથી જ તે Indian Roller કહેવાય છે. એપ્રિલથી જૂન તેનો ગર્ભાધાન કાળ. એકાદ જીર્ણ વૃક્ષ કે જૂની ભીંતનાં કાણાંમાં કે અવાવરુ ઘરના છાપરામાં સાથરો પથારી તેના પર ચળકતાં ધોળાં ચાર ઇંડાં તે મૂકે છે.

સંત તુકારામ

ગુજરાતમાંનાં નરસિંહ મહેતાનાં પ્રભાતિયાંની જેમ મહારાષ્ટ્રમાં જેમનાં અભંગ ઘરેઘર પ્રચલિત છે એ સંત કવિ તુકારામની ત્રણસોમી જયંતી નિર્વાણતિથિ ગઈ ફાગણ વદ પાંચમે મહારાષ્ટ્રમાં ઊજવાઇ. ધર્મ, નીતિ, વ્યવહાર ને લોકહિતનાં અનેક ક્ષેત્રોમાં એમનાં અભંગોએ એક પ્રકારની ક્રાન્તિ આણેલી. પરમાર્થ સારુ સંસારની પરવા ન કરનાર, ભક્તિ ને સત્સંગ સારુ મુક્તિની પરવા ન કરનાર, લૌકિક પૂરતું જ પોતાના ગૃહજીવન તરફ લક્ષ આપીને 'જનસેવા આણિ ઇશ્વરસેવા'ને જ પોતાનું જીવન સમર્પી દેનાર એ સંત તુકારામ ખરેખર મહારાષ્ટ્રની એક મોંઘી મૂડી છે. શ્રી સમર્થ રામદાસ, જ્ઞાનેશ્વર મહારાજ ને સંત તુકારામ એ ત્રિમૂર્તિએ મહારાષ્ટ્રને પ્રવૃત્તિ-નિવૃત્તિનો શ્રેષ્ઠ વિવેક શીખવેલો છે.

'સત્ય ધરિતાં નિર્ધાર, કાય ન કરી વિશ્વંભર' એવો દૃઢ વિશ્વાસ પૂર્વક સત્યને વળગી રહેનાર તુકારામમાં એ સત્યના જ પ્રભાવે અભયનો પણ એટલો જ વિકાસ થએલો. એક સ્થળે એ જણાવે છે કે, અમે, વિષ્ણુના દાસ, વજ્રથી યે કઠણ અને માખણથી એ મૃદુ હોઈએ છીએ; આ જગતમાં અમારા પર રાત દિવસ યુદ્ધના પ્રસંગો આવે છે અને તેનો સામનો કરીને અમે નિર્ધાર ને અભય પૂર્વક વિચારીએ છીએ. અને એનું કારણ, 'હરીચયા દાસા, નાહી ભય ચિંતા.' તુકારામે નહોતો કોઇ મઠ સ્થાપ્યો કે નહોતો કોઇ સંપ્રદાય પ્રચલિત કર્યો; છતાં કોઇ મઠાધીશો કે આચાર્યો જે કાર્ય ન કરી શકે એવું કાર્ય તેઓ કરતા ગયા છે.

મહારાષ્ટ્રમાં ઇન્દ્રાયણી નદીને પૂર્વ તીરે આવેલા દેહૂ નામના એક સો–દોઢસોની વસતિના નાના ગામડામાં તુકારામનો જન્મ થએલો. એમના પૂર્વ જીવન વિષે આધાર પૂર્વકની માહિતી મળતી નથી. વિદ્વાનોનાં સંશોધનાનુસાર એમનો જન્મ ઈ.૧૬૦૮માં, નિર્વાણ ઇ. ૧૬૫૦માં ને જ્ઞાતિ વૈશ્ય જણાવાય છે. અન્ય સંતોની માફક એમના જીવનની આસપાસ અનેક દંતકથાઓ અને ચમત્કારો વણાએલાં છે. ગદ્ય પદ્યમાં લખાએલાં એમનાં ચરિત્રો અને છેલ્લે એમનું જીવનચિત્ર આલેખતી પટકથાને લીધે એમનું ચરિત્ર લોકોમાં જાણીતું છે. પણ આ બધાં આલેખનોમાં મોટે ભાગે દંતકથાઓ અને ચમત્કારોનો જ વણાટ છે. એ વણાટ ગમે તેટલો હૃદયંગમ હોય છતાં તુકારામનું સાચું વ્યક્તિત્વ એમાંથી પૂર્ણપણે ઉપસી શકતું નથી. એ એક ક્રાન્તિકાર હતા, સદ્ભાવ, સદાચાર અને સમતાના પ્રચારક હતા.



અંધશ્રદ્ધાના પણ એ જબરા વિરોધી હતા અને એ વિરોધ એમણે ઠેરઠેર વ્યક્ત કરેલો છે, જેમાંનું માત્ર એક ઉદાહરણ:

આંધળ્યા ચે કાઠી લાગલે આંધળે,
બાત એકા વેળે પૂર્ઢે માગે;
ન ધરાવી ચાલી કરાવા વિચાર,

તુકારામના જમાનામાં ધર્મના નામે અધર્મ પુષ્કળ ફેલાયો હતો. રૂઢિ ને પરંપરામાં સાચો ધર્મ ઢંકાઇ ગયો હતો ને અધર્માચરણ તથા અસત્યાચરણનું જોર વધી પડ્યું હતું. સામાન્ય જનતાના બુદ્ધિહ્રાસે પારાવાર નુકસાન કર્યું હતું. આ બુદ્ધિહ્રાસ દૂર કરવા પાછળ તુકારામે પોતાની સઘળી શક્તિ કામે લગાડી. જૂનવાણી આચારવિચાર સામે, દેવદેવતાઓની શ્રદ્ધાહીન પૂજાઅર્ચા સામે, મંત્રતંત્ર, ભૂતપ્રેત, બાધાઆખડી સામે એમણે કેડ કસેલી. આમ છતાં જનતા અનાચારને માર્ગે વાળનારાઓથી જ અંજાતી રહેતી જોઇને તેમણે પોતાનો સંતાપ પણ વ્યક્ત કરેલો છે કે:

'કાય કરૂં દેવા એસી નાહીં શક્તિ
દંડુની પુઢતી વાટે લાવૂં.'

અધર્મ અને દાંભિકતા વિરુદ્ધ એમણે મહાન બંડ ઉઠાવ્યું હતું અને લડતાં લડતાં પોતાની જીવનલીલા સંકેલી હતી. મહારાષ્ટ્રમાં રૂઢિચુસ્તોનું જોર હદ ઉપરાંતનું રહેતું આવ્યું છે. હજુ થોડા જ દાયકા પર વિધવા-પુનર્વિવાહ હિમાયત કરનાર આગરકરની ઠાઠડી કાઢનાર સમાજને 'આ ધર્મ ન હોય' 'આ દેવ ન હોય' એમ કહેનારને કેવો પરિતાપ વેઠવો પડયો હશે એ આજ આપણી કલ્પનામાં પણ ન આવે. 'વિષ્ણુમય જગ' એ જ સાચો ધર્મ ગણાવીને તેમણે પાંડુરંગ સ્વરૂપ ઇશ્વરના આદિ સ્વરૂપનો મહિમા ગાયો છે:

'નમો આદિરૂપા ઓંકાર સ્વરૂપા
વિશ્વાચિયા રૂપા પાંડુરંગા.'

કેટલાક વિચારકોના અભિપ્રાય મુજબ તુકારામ જેવા પુનરુદયવાદી (revivalist)નો ઉદય એ કાળે ન થયો હોત તો પરધર્મનાં મૂળ હિંદની ધરતીમાં બહુ ઊંડે સુધી પહોંચ્યાં હોત. આ સાચું હોય કે ન હોય, પણ જ્ઞાતભેદ, વર્ણભેદ ઇત્યાદિથી પતિતાવસ્થાએ પહોંચેલા સમાજમાં એમણે નવાં બળ, સંસ્કાર ને પ્રેરણા પ્રેર્યા એ નિર્વિવાદ છે. કૃત્રિમ બંધનો ફેંકી દઇને માણસ પ્રત્યે માનવોચિત વર્તનમાં જ સાચી માનવતા હોવાનું તેમણે પ્રતિપાદન કર્યું: ચિત્તની વિશુદ્ધિ પર એમણે સૌથી વધુ ભાર મૂક્યો કે:

'કાય કાશી કરિતી ગંગા ભીતરી ચંગા નાહીં તો..'
'કાય ટિળે કરિતી માળા ભાવ ખળા નાહીં ત્યા.'

જનસેવાનો આદર્શ એમણે સ્વીકાર્યો હતો તે 'જનવ્યાપક જનાર્દન'પરની શ્રદ્ધાને જ કારણે. ભૂતદયાને એમણે પોતાની મોટામાં મોટી મૂડી ગણી હતી કે 'ભૂતાંચી દયા હે ભાંડવલ સંતાં.' આવી એક મહાન વિભૂતિને ધારણ કરીને મહારાષ્ટ્રની ધરતી ખરે જ ધન્ય બની છે.

અશોક હર્ષ

ગાજર

ગાજરનો છોડ સામાન્યતઃ ૨-૩ ફૂટ ઊંચો હોય છે. ગાજરના અંકુર સાથેનો તેનો નીચો ભાગ લગભગ એક ઇંચ કાપી, તેને જમીનમાં દાટી, નિયમિત પાણી પાવામાં આવે તો થોડા દિવસમાં ગાજરનો છોડ તૈયાર થઇ જાય છે. ગાજરનું બીજ વાવવાથી પણ છોડ થાય છે. જમીનમાં દાટવામાં આવેલું બીજ જમીનમાં વધે છે અને કંદમૂળ બનતું જાય છે. ત્યાર બાદ તેમાંથી જમીન પર અંકુર ફૂટે છે. આ અંકુરો વધુમાં વધુ ૨-૩ ફૂટ ઊંચે વધે છે. આ અરસામાં જમીનમાં રહેલું કંદ મૂળાના કંદ જેવું બને છે. આ કંદ ખાવાના કામમાં આવે છે. લાલ રંગનાં ગાજર પુષ્ટ હોય છે ને સ્વાદમાં મીઠાં હોય છે, જ્યારે સફેદ રંગનાં ફિક્કાં હોય છે.

કાચા ગાજરના કટકા તેમજ કચુંબર ભોજન સાથે ખવાય છે. કાચા ગાજરમાં પૂરતું વિટામીન છે. ગાજરને છીણી તેમાં દહીં ભેળવી ચટણી બનાવાય છે. ગાજરનું અથાણું તથા મુરબ્બો પણ બનાવામાં આવે છે અને ગાજરનું શાક પણ મીઠું અને સ્વાદિષ્ટ લાગે છે. બાફેલાં ગાજર ઘી અને સાકર સાથે ખાવાથી રુચિકારક લાગે છે. સામાન્ય રીતે ગાજર શરીરમાં ગરમી અને શક્તિ ઉત્પન્ન કરે છે. જે પ્રદેશમાં ગાજરનું વધુ ઉત્પન્ન છે ત્યાં તો ઢોરને પણ ગાજર ખવડાવવામાં આવે છે જેથી ઢોર વધુ દૂધાળાં અને તાજાં બને છે.

ગાજર દસ્ત સાફ લાવે છે, ભૂખ ઉઘાડે છે ને હૃદય પર સારી અસર કરે છે, પરંતુ સાથેસાથે તે વધુ પ્રમાણમાં ખાવામાં આવે તો તેનાથી આંખોમાં વિકાર થાય છે. હૃદયમાં બળતરા રહે છે, પેટમાં મેદ વધે છે, પિત્ત વધે છે અને પેટમાં દુખાવો ઉત્પન્ન થાય છે. ગાજરનું બીજ ગરમ અને ગર્ભપાત કરનારું હોય છે. ગાજરના છીંણમાં મીઠું નાખી પાણી નાખ્યા સિવાય તેને બાફીને ખરજવા પર થોડું ગરમ કરી બાંધવામાં આવે તો ફાયદો થાય છે.

૧૯૫૦માં વૈજ્ઞાનિકોની જયંતીઓ

વિજ્ઞાનના ઇતિહાસમાં મહાન શોધો અને તેના શોધકો અદ્વિતીય સ્થાન ભોગવે છે. એ શોધો કેવા સંજોગોમાં થઇ, તેમાં શી મુશ્કેલીઓ આવી ઈત્યાદિ સમજવા આ શોધો અને તેના શોધકોની જયંતીઓ ઊજવવાનો રિવાજ થઇ ગયો છે. આવી ઊજવણી ઊગતા સંશોધકોને પ્રેરણા આપે છે અને આધુનિક પ્રગતિની પશ્ચાદ્ભૂમિકા સમજવામાં મદદ કરે છે. આ સાલમાં આવતી એવી જયંતી આટલી છે

ગણિતના ક્ષેત્રમાં મહત્ત્વનું સ્થાન પામેલા 'લૉગૅરિધમ'ના શોધક સ્કૉટલાંડના જૉન નેપીઅર (૧૫૫૦-૧૬૧૭)ની ચોથી જન્મ શતાબ્દી આ વર્ષમાં આવે છે. ગુણાકાર-ભાગાકારની કડાકૂટભરેલી રીતોને બદલે લૉગૅરિધમ વાપરવાથી એ ક્રિયા સાવ સહેલી બની જાય છે. આ લૉગૅરિધમનાં કોષ્ટકો સૌ પ્રથમ તૈયાર કરનાર નેપીઅર હતો. તેણે એ કામ એકલે હાથે કર્યું હતું અને જ્યારે એ કોષ્ટકો પ્રગટ થયાં ત્યારે ગણિતની દુનિયામાં એક જબરદસ્ત વિસ્મય પેદા થયું હતું. કેટલાક એ સ્વીકારવા તૈયાર પણ નહોતા, પરંતુ લૉગૅરિધમની ઉપયોગિતા આગળ વિરોધીઓને નમવું પડ્યું. આજે મૅટ્રિકનો વિદ્યાર્થી પણ લૉગૅરિધમનો ઉપયોગ જાણે છે.

ફ્રાંસમાં રેને ડેસ્કાર્ટેસ (૧૫૯૬-૧૬૫૦) પણ ગણિતના ક્ષેત્રમાં અદ્ભુત કામ કરી ગયો. ઍનલિટિકલ જ્યૉમેટ્રી (ભૂમિતિ) ના પાયા તેણે નાખ્યા. આ મહાન ગણિતશાસ્ત્રીની ત્રીજી શતાબ્દી પણ આ વર્ષમાં આવે છે. જૉન નેપીયર અને ડેસ્કાર્ટિસ બંને અમીર કુટુંબના નબીરા હતા અને ગણિતના સંશોધનના રસિયા હતા.


અબ્રાહામ ગોટલોબવર્નર (૧૭૫૦-૧૮૧૭) નામે મહાન જર્મન ખનીજશાસ્ત્રીની બીજી શતાબ્દીજયંતી પણ આ વર્ષે ઊજવાશે. ભૂસ્તરવિદ્યાના ક્ષેત્રમાં તેનું વ્યક્તિત્વ પ્રબળ હતું. તેના સમકાલીન ડીઓડાટ્ ડોલોમ્યુની દ્વિશતાબ્દ જયંતી પણ આ વર્ષે જ છે. પણ એ બન્નેના જીવનમાં અત્યંત ફરક છે. એક આખી જિંદગી દુઃખ ને દારિદ્ર્યની યાતનાઓમાં કાઢી; પણ પોતાનું ધ્યાન છોડતા સંશોધનમાં જ સમાપ્ત કર્યું. તો બીજાને પરિસ્થિતિ ખૂબ અનુકૂળ હતી. ડોલોમ્યુ લશ્કરી તાલીમ પામી સૈન્યમાં ઊંચી પાયરીએ હતો. છતાં રસાયન અને બીજાં વિજ્ઞાનોમાં તેને ખૂબ રસ હતો. એ કાર્યમાં તે

પમ્યો રહેતો. તેના માનમાં મૅગ્નેસિયમના ખનીજને કાલોપાઈટ તરીકે ઓળખવામાં આવે છે.

આધુનિક રસાયણના નિર્માતાઓમાંનો એક ગેલૂસાક (૧૭૭૮–૧૮૫૦) વિશેષ જાણીતો છે. રસાયણના દરેક વિદ્યાર્થીને તેના સુપ્રસિદ્ધ નિયમનો અભ્યાસ શરૂમાં જ કરવો પડે છે. વાયુઓના ભૌતિક અને રાસાયનિક ગુણધર્મોનો અભ્યાસ તેણે કર્યો હતો. આધુનિક અણુ અને પરમાણુ વચ્ચેનો ભેદ તેણે સ્પષ્ટ કર્યો. વાતાવરણના વાયુઓના અન્વેષણ માટે એ જમાનામાં પણ તે બલૂનમાં બે વાર ઊડચો હતો. આ વરસે તેના અવસાનની શતાબ્દી આવે છે.

તેનો સમકાલીન અંગ્રેજ વિજ્ઞાની ડૉ. વિલિયમ પ્રાઉટ (૧૭૮૫–૧૮૫૦) લોહી, પેશાબ અને પાચનના રસાયન અંગે ખૂબ સંશોધન કર્યું હતું. ખાસ કરીને મૂળતત્ત્વોના અણુવજન સંબંધી તેનું અનુમાન પ્રાઉટન સિદ્ધાંત તરીકે સુવિદિત છે. વિલિયમ સ્ટર્જિયન (૧૭૮૩–૧૮૫૦) એક અંગ્રેજ મોચીનો છોકરો હતો, પરંતુ વિદ્યુત વિજ્ઞાન શાસ્ત્રમાં તેણે નામ કાઢયું અનેક મુશ્કેલીઓનો સામનો કરીને તેણે ગણિતમાં પ્રવીણતા મેળવી અને વિદ્યુતને લગતા પોતાના અવનવા પ્રયોગોથી ઘણા વિજ્ઞાનીઓને આકર્ષ્યા. વિદ્યુત્-લોહ ચુંબક તેણે બનાવ્યું. ગરીબીને લીધે તેણે સહન પણ ઘણું કર્યું.

સ્ટર્જિયન જેવો બીજો વિજ્ઞાની સિડની ગિલ્ક્રાઈસ્ટ ટૉમસ પોલીસ કચેરીમાં કારકુન હતો. અત્યંત સામાન્ય સ્થિતિનો અને પેટને માટે કારકુની કરતો ધાતુ સંશોધન વિજ્ઞાનમાં અમર થઈ ગયો છે. લોઢામાં ફૅાસ્ફરસ રહી જાય તો તે નકામું થાય છે એ ફૅાસ્ફરસ કાઢી નાખવા માટેની રીત યોજીને નકામા ગણાતા ફૅાસ્ફરસ યુક્ત લોઢાના ખનીજને તેણે ઉદ્યોગમાં વાપરી શકાય એવું કર્યું. જેથી લોહના ઉદ્યોગને ખૂબ ફાયદો થયો છે. પરંતુ પોતાના મહાન કાર્યની સિદ્ધિ જોવાં એ લાંબુ જીવી ન શકયો. —ન. મૂ. શાહ.



દરિયાઇ સ્કાઉટો

લશ્કર–ખુશ્કી, તરી તેમજ હવાઇ દળનો આપણને લેશમાત્ર પરિચય કે પ્રેમ નથી. પણ એ ભૂલવું ન જોઈએ કે દેશના અસ્તિત્વને માટે આ યુગમાં એ પણ રાજ્યનું એક અંગ છે અને રસ હોય તેને એ દિશામાં પુષ્કળ અવકાશ છે: જમીન પરનું ખુશ્કી લશ્કર તો આપણે કંઈક જોયું હોય છે, પણ નૌકા અને હવાઈ દળો વિષે આપણી પ્રજા તદ્દન બેખબર છે.

આથી દેશના તરુણોને એ દિશમાં પ્રવેશ મળે એ ઉદ્દેશથી સરકાર તરફથી એક નવું જ પ્રસ્થાન કરવામાં આવ્યું છે. જમીન પરના 'બૉય-સ્કાઉટો'ના જેવી 'દરિયાઇ સ્કાઉટો'ની પ્રવૃત્તિ હમણાં કોચીનમાં શરૂ કરી છે, તે ૨૪ સ્કાઉટોનું ચિત્ર ઉપર આપ્યું છે.

એમાં અઠવાડિયામાં એકાંતરે ત્રણ દિવસ સાંજે એકેક કલાક જહાજ પર તાલીમ લેવા જવાનું હોય છે. જેમાં એક દિવસ તરવાનું અને બાકીના બે દિવસ નૌકાયાનને લગતું વ્યવહારૂ જ્ઞાન આપવામાં આવે છે. તે પછી એમને હોડી ચલાવતાં, તથા જહાજના રસ્સા–આલાદનું અને સઢ ચડાવવા ઉતારવાનું વગેરે શિક્ષણ આપી જહાજો ઉપર નાનીનાની સફરે પણ લઈ જવામાં આવે છે. ખુશ્કી દળોની જેમ ડ્રિલ અને બંદુકબાજી તો તેમના અભ્યાસમાં છે જ.

કોચીનના આ દરિયાઇ સ્કાઉટો જેવી પ્રવૃતિ જામનગર, મુંબાઇ, ને વિઝાગાપટ્ટણ જેવાં મહત્ત્વનાં નૌકાસ્થાનોમાં પણ શરૂ થવી જોઈએ.

સાહિત્યકાર વડાપ્રધાન

ઓરિસાના વડાપ્રધાન શ્રી હરેકૃષ્ણ મહેતાબ રાજપુરુષ હોવા ઉપરાંત એક કુશળ ઇતિહાસકાર, નવલકથાકાર તથા કવિ છે, ઓરીસાભરમાં ગઇ તા. ૨૬ નવેમ્બરથી ૨૭ ડિસેમ્બર સુધી તેમનો સુવર્ણ મહોત્સવ ઉજવવામાં આવ્યો ત્યારે તેમને આપવામાં આવેલી રૂ. ૫૧,૦૦૦ની થેલીમાંથી રૂ. ૨૫,૦૦૦ ઉડિયા સાહિત્યની સુધારણા માટે ઉત્કલ વિશ્વવિદ્યાલયને તથા બાકીની રકમ પછાત વર્ગો તથા હરિજનોના હિતાર્થે ગાંધી પ્રચાર સમિતિને તેમણે આપી દીધી. શ્રી મહેતાબે ઈતિહાસ, દંતકથા, કાવ્ય તથા નાટકના લગભગ બાર પુસ્તકો લખ્યાં છે. તેમના 'ઓરિસાના ઇતિહાસે' તેમને ઈતિહાસકારોની હરોળમાં અગ્રસ્થાન આપ્યું છે. 'નૂતન ધર્મ', 'પ્રતિમા' તથા 'અસ્થાર' તેમની નવલકથાઓ છે તેમણે ૧૯૪૬માં સ્થાપેલી 'પ્રજાતંત્ર પ્રચાર સમિતિ'ના હેઠળ ઉડિયા દૈનિક 'પ્રજાતંત્ર' તથા અંગ્રેજી દૈનિક 'ઈસ્ટર્ન ટાઇમ્સ' ચાલે છે. તે ઉડિયા ભાષાનું સાહિત્યવિષયક માસિક 'ઝંકાર' ચલાવે છે ને તેમાં તથા 'પ્રજાતંત્ર' ના રવિવારના અંકમાં નિયમિત રીતે કાવ્યો તથા લેખો લખે છે.

આ માસ (એપ્રિલ) ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

તા. ૧ કાપડ ઉદ્યોગ માટે પ્રખ્યાત માન્ચેસ્ટરની સ્થાપના, ૧૮૫૩.
તા. ૩ ખ્રિસ્તી ધર્મપ્રવર્તક જિસસ ક્રાઇસ્ટનો ક્રૂસ પર વધાઈ, ૩૩.
તા. ૬ અમેરિકન ઍડમીરલ પીઅરીએ ઉત્તરધ્રુવ સર કર્યો, ૧૯૦૯.
તા. ૭ વિદ્વદ્‌વર આચાર્ય આનંદશંકર ધ્રુવનું અવસાન, ૧૯૪૨.
તા. ૧૦ મહર્ષિ દયાનંદે આર્ય સમાજની સ્થાપના કરી, ૧૮૭૫.
તા. ૧૨ વિખ્યાત પત્રકાર સી. વાઈ. ચિંતામણિનો જન્મ, ૧૮૮૦.
તા. ૧૪ ઍડિસને પોતાની સિનેમાની શોધ પ્રથમ બતાવી, ૧૮૯૪.
તા. ૨૧ પાણીપતમાં પઠાણોને હરાવી બાબરે દિલ્હી લીધું, ૧૫૨૬.
તા. ૨૩ જગત્‌પ્રતિભા અંગ્રેજ કવિ શેકસપીઅરનું અવસાન, ૧૬૧૬.
તા. ૨૬ વિશ્વવિખ્યાત ગણિતશાસ્ત્રી રામાનુજમનું અવસાન, ૧૯૨૦.
તા. ૨૯ સોમનાથનો નાશ કરનાર મહમુદ ગઝનીનું અવસાન, ૧૦૩૦.
તા. ૩૦ લંડન યુનિવર્સિટીનો પાયો નંખાયો, ૧૮૨૭.

આ માસની વ્યક્તિ વિશેષ : કલાકાર રફાએલ



નાનાંમોટાં હજારેક ઉપરાંત ચિત્રોનો સર્જક અને રોમના વિખ્યાત સંત પીટરના દેવળના શિલ્પી તથા સ્થપતિના માનભર્યા પદે પહોંચનાર ઈટાલીના આ જગપ્રખ્યાત કલાકારનો જન્મ અર્બિયાં મુકામે ઈ. ૧૪૮૩ની છઠ્ઠી એપ્રિલે એક કવિ-ચિત્રકારને ત્યાં થએલો. એ કાળના ડ્યૂકો (ઠાકોરો) કલા પાછળ પુષ્કળ ધન વેરી ઉત્તેજન આપતા હોવાથી પિતાએ પુત્રને પણ કલાકાર બનાવવાની મનોષા ધરી, ને નાનપણથી જ મા-ભાઈ-બહેન ગુમાવી બેઠેલા આ એકના એક પુત્રને પિતાએ ખંતથી કળાના પાઠ આપવા માંડ્યા. પણ પુત્ર માંડ ૧૧ની વયનો થતાં પિતાએ પણ વિદાય લીધી અને પાંચેક વર્ષ જે કાંઈ સમય અને તક મળ્યાં તેમાં પ્રચંડ પરિશ્રમપૂર્વક અદ્‌ભુત જેવી પ્રગતિ સાધી, ૧૭ની ઉંમરે તે, પેરૂજિનો નામના કલાકારની પાસે શીખવા ગયો. એની શક્તિ જોઇ પેરૂજિનો કહેતો કે 'એ તો મારો પણ ગુરુ થાય એવો છે.' અને રફાએલે ખરેખર એવું જ પાણી બતાવ્યું.

ત્યાર બાદ લીઓનાર્દો-દ-વિન્ચી અને માઇકેલ ઍન્જેલો જેવા કલાસ્વામીઓની કૃતિઓમાંથી પ્રેરણા મેળવવા તે કળાના કેન્દ્રધામ ફ્લૉરેન્સ મુકામે ગયો, જ્યાં જતે દહાડે સ્થિર થઇને, એને જગકીર્તિ અપાવનાર 'બાલ ઈશુ અને માતૃમૂર્તિ મેરી'નાં ચિત્રોની બેનમૂન ચિત્રમાળા એણે સર્જી. તેની આ કળાથી આકર્ષાઈ પોપે એને પોતાના વૅટીકનના મહેલમાં ચિત્રો કરવા આમંત્ર્યો અને પાછળથી સંત પીટરના દેવળનો સ્થપતિ ગુજરી જતાં તેને એ પદ પર નીમ્યો. ત્યાંના કામના અતિશય દબાણને પહોંચી વળવા તેણે એક શાળા સ્થાપી નવા માણસો તૈયાર કર્યા. 'ખરું કામ તો આ મદદનીશો જ કરે છે' એવા બહાના હેઠળ અદેખાઓએ રફાએલને વગોવવા માંડતાં તેને ઘણું લાગી આવ્યું અને તેણે એકલે હાથે જ એક સર્વોત્કૃષ્ટ આલેખન કરવાનો નિશ્ચય કર્યો. તે આલેખન તે તેનું સર્વોત્તમ ચિત્ર 'Transfiguration'; પણ તે એ પૂરું ન કરી શક્યો. એક દિવસ પોપે તેને બોલાવ્યો. ત્યાંથી જલદી પાછા ફરી કામે લાગી જવા તે ઉતાવળે ત્યાં ગયો ત્યારે પોપ કામમાં હોવાથી તેને બહાર રોકવામાં આવ્યો, જેને પરિણામે તેને સખત આઘાત અને શરદી લાગ્યાં ને તબિયત લથડી. જીવવાની આશા ન હોવા છતાં તે પોતાના ચિત્ર Transfiguration પર પીંછી તો ચલાવતો જ રહ્યો. પણ માંદગી ન છૂટી અને પોતાની ૩૭મી વર્ષગાંઠને દિવસે જ, ૧૫૨૦ની છઠ્ઠી એપ્રિલે, દુનિયાનો કદાચ નાનામાં નાની ઉંમરનો, કલાનો એ ઉસ્તાદ, નવી કલ્પના અને નવી જ પ્રેરણા આપી અવસાન પામ્યો.

આ માસનો પ્રસંગ-વિશેષ: **જલિયાંવાલા બાગનો હત્યાકાંડ:** પહેલા મહાયુદ્ધમાં ઈંગ્લંડને મદદ કરવા છતાં હિંદ પર રૉલેટ ઍક્ટ જેવો જુલમી 'કાળો કાયદો' ઠોકી બેસાડાતાં મહાત્માજીએ તેની સામે સત્યાગ્રહ પોકાર્યો. એનાથી જનતામાં જે જાગૃતિ, ચૈતન્ય ને હિંમત આવ્યાં તેને કચડી નાખવા સરકારે દમનનો દોર છૂટો મૂક્યો. પંજાબમાં પ્રજાજાગૃતિનો એ જુવાળ ખૂબ બળવાન બનતાં સરકારે તેને રાક્ષસીરીતે દાબી દેવાનો પ્રયત્ન કર્યો. અમૃતસરમાં જલિયાંવાલા બાગ નામે એક જગ્યામાં ઈ. ૧૯૨૦ના એપ્રિલની ૧૩મીએ સભા ભરાઇ. પણ સભા શરૂ થઇ ન થઇ ત્યાં તો જનરલ ડાયરે લશ્કરી સિપાહીઓ સાથે સભામાં પ્રવેશ કર્યો અને પ્રવેશદ્વારને ઘેરી લઈ ગોળીબાર શરૂ કર્યો. ચોમેરા ઘરોથી ઘેરાએલી એ જગ્યામાંથી બહાર નીકળવાનો એક જ રસ્તો હતો જે ડાયરે રોકી લીધો હતો. આથી લોકોને નાસવાનો કોઈ માર્ગ ન હતો. હજારો લોકોની એ સભામાં સાધુસંન્યાસીઓ હતા, સિત્તેર વર્ષના બુઢ્ઢાઓ અને ધાવણાં બાળકોને કેડે તેડીને આવેલી સ્ત્રીઓ પણ હતી. ગોળીઓના એ મારામાંથી બચવા લોકો જમીન પર સૂઇ ગયા, તો સિપાહીઓને જમીન પર બેસીને ગોળીબાર કરવાનો હુકમ થયો. આખરે પોતાની પાસેની બધી જ ગોળીઓ ખલાસ થઇ ત્યારે જ ગોળીબાર થંભાવી ડાયર ચાલ્યો ગયો. બાગમાં શબોનો ઢગલો થયો અને સેંકડો જખમી થયા. રાત્રે શહેરમાં માર્શલ લૉ હોવાથી ઘાયલોની મદદે પણ કોઇ પહોંચી શક્યું નહિ. આથી કેવળ પાણી પીવા ન મળવાથી જ અનેકોના પ્રાણ ગયા. ૭૦૦ ૮૦૦ની હત્યા કરનારી આ ગોઝારી કતલ બ્રિટિશ રાજ્યનું કદી ન ભુંસાય તેવું કલંક છે

નવાં પુસ્તકો

ભારતનું બંધારણ : 'ધ ગેઝેટ ઑફ ઇંડિયા'માં પ્રસિદ્ધ થએલ અંગ્રેજી પાઠનો અનધિકૃત અનુવાદ, કરનાર: ભ. હી. ભુખણવાળા; પ્રકાશક: ધી હિંદુસ્તાન ન્યુઝ પેપર્સ લિ., મુંબાઈ ૭, ૨-૦-૦; **દાંડીયાત્રા** : દાંડીકૂચના ચિરસ્મરણીય પ્રસંગને મૂંથતું વનેસુખ ભટ્ટનું ખંડકાવ્ય. પ્રકાશક: સી. શાંતિલાલ ઍન્ડ કં. મુંબાઈ ૨ ૦-૮-૦; **ઊર્મિવિલાસ અથવા 'લાલવાણી'**: લલ્લુભાઈ હરિભાઈ—'ઉપાનકાર'ના ભક્તિ કાવ્યોનો સંગ્રહ. પ્રકાશક: રામલાલ લ. હરિભાઇ અને મોહનલાલ લ. હરિભાઇ—ઇસ્ટ લંડન (દ આ) ૨-૦-૦.

કરવત, કાતર, કુજન એ સ્નેહી જુદાં કરંત,
સોય, સુહાગો, સજન એ ભાંગ્યાંને સાંધંત.

ગાંધીજીએ તિલક સ્વરાજ્ય ફાળો જાહેર કર્યો ત્યારે ફાળો ઉઘરાવવા ફરતા સ્વામી આનંદ ડૉ. હરિપ્રસાદ પાસે ગયા. ડૉક્ટરે ચેકબુક મંગાવી રૂા. ૫૦૦નો ચેક ફાડયો. દાક્તર જેવા મધ્યમ સ્થિતિના માણસ તરફથી આ રકમ આવતી જોઈ સ્વામી આશ્ચર્યથી સ્તબ્ધ થઈ બોલી ઊઠ્યા : 'દાક્તર, તમે?' ડૉક્ટરે કહ્યું, 'ગાંધીજીએ દેશ માટે સર્વસ્વનો ત્યાગ કરવાનું કહ્યું છે. મારી પાસે બૅંકમાં જે કાંઇ બચત હતી તે, આજે કાઢી આપી છે. હવેથી માત્ર શરીરની સેવા આપી શકીશ.'

અનેકાર્થી શબ્દ : **ચાસણી**=ચાસવાની ક્રિયા; ફુકાળીને કરાતું ખાંડનું પ્રવાહી; સોનાની કસોટી, સોનાની કસોટીનો નમૂનો.

કહેવતોના અર્થ: 'એવું શું રળીએ કે દીવો મેલીને દળીએ ?'--સ્થિતિ તંગ હોવા છતાં તેને નિવારવામાં કે, સારી આવક હોય તેમાં પણ, મૂર્ખાઇભરેલો વ્યય કરનાર માટે ઠપકો આપતી આ કહેવતનો અર્થ તેના શબ્દોમાં પણ સ્પષ્ટ છે. દળણું દળતી વખતે દીવાના પ્રકાશની ખાસ જરૂર પડતી નથી, એટલે સામાન્યરીતે મોટે પરોઢિયે ઊઠીને લોકો અંધારામાં જ દળણાં દળે છે. આમ હોવાથી કોઇને ગરીબી ટાળવા બહારનાં દળણાં દળવાં પડે ત્યારે, (અથવા પોતાના કુટુંબનું દળણું દળતી વખતે પણ) દીવો સળગાવીને દળવા બેસે તો એ તેલનો નિરર્થક વ્યય છે. એ રીતના સચોટ ઉદાહરણ દ્વારા આ કહેવતમાં વ્યવહાર બોધ કરેલો છે.

પોટાસ આયોડાઈડ ગ્રેન ૧૦ અને આયોડિન ગ્રેન ૫ લઈ, એ બન્નેમાં બે ટીપાં પાણી મેળવી, એકરસ કરી, તેમાં નીચેની વસ્તુઓ મેળવો: સલ્ફર સબ્લિમેટમ ૧ ડ્રામ, ઍસિડ કાર્બોલિક ટીપાં ૫, ટર્પેન્ટાઇન ટીપાં ૨૦, વેસેલીન ૧ ઔંસ. એ બધાંને ઘૂંટીને બનાવેલો **મલમ** શરીર પર ઘસી શકાય; ઘા, ચાંદાં, ખરજવાં, ખસ વગેરે પર લગાડી પાટો બાંધી શકાય. —ડૉ. ગોવિંદરામ

માએ દુકાનદારને ઊધડો લીધો: 'મેં બે રતલ મિઠાઈ મંગાવી ને તમે મારા દીકરાને દોઢ રતલ જ મિઠાઇ આપીને બે રતલના પૈસા પડાવી લીધા !'

મિઠાઈવાળો: 'માવડી, મેં તો બે રતલ બરાબર તોળીને આપી હતી. પણ તમે તમારા દીકરાને તોળી જોયો ?'



ઇ. પૂર્વે ૧૫૦ વરસનો ઈઝરાએલનો સિક્કો 'શેકેલ.' શેકેલનો મૂળ અર્થ થાય છે: વજન.

જાણો છો ?

ન્યૂ ગિનીમાં ત્રણ ફૂટ લાંબા ઉંદર થાય છે. * હિંદમાં સૌ પહેલી ટ્રામ ૧૮૮૨માં શરૂ થઈ * ઊંટ તરી શકતું નથી. * ગાંડા માણસને લીલા રંગની ઓરડીમાં રાખવામાં આવે તો જલદી સારા થાય છે * સાપની કુલ ૨૦૦૦ જાતોમાંથી માત્ર ૨૦૦ જ ઝેરી હોય છે * મનુષ્યના દરેક વાળનું આયુષ્ય ૬ થી ૧૦ વર્ષનું હોય છે.



કલકત્તા યુનિવર્સિટી દર બે વર્ષે, યુગના સર્વશ્રેષ્ઠ વિજ્ઞાનીને એક 'દેવપ્રસાદ સર્વાધિકારી સુવર્ણચન્દ્રક' આપે છે, તે આ વર્ષે, ઉપર દર્શાવેલા વિખ્યાત બ્રિટિશ વિજ્ઞાની સર એડવર્ડ ઍપલટનને આપવામાં આવ્યો છે. તેઓ નોબેલ પુરસ્કારના પણ વિજેતા છે, અને હાલ એડિનબર્ગ વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સેલર છે. પૃથ્વી ફરતેના વાતાવરણનું પડ જે શૉર્ટવેવ અવાજને પ્રતિધ્વનિત કરે છે તેને લગતા એમના સંશોધનને કારણે સમસ્ત પૃથ્વી ફરતું બ્રોડકાસ્ટિંગ શક્ય બન્યું.



કલાકણિકા: ઈ. પૂર્વે ૪૭૦નું ૧૧ ઇંચ ઊંચું, પાંખોવાળા બકરાના આકારનું, ચાંદી ને સફેદ સુવર્ણનું ઈરાનનું આ સુશોભન. ગ્રીક કારીગરી મનાય છે, કેમકે બકરાના પાછલા પગ ટેકવેલા છે તે, આકૃતિ ગ્રીક પુરાણમાંના પાત્ર સાઇલેનોસના જેવી છે. એ કાળે ઘણા ગ્રીક કલાકારો નિર્વાસિતો કે કેદીઓ તરીકે ઈરાનમાં હતા.

ગણિતગમ્મત

૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, એ એકથી અનુક્રમે આઠ આંકડા છે. એમાંની ખૂબી જુઓ:

$(૮+૭+૬+૫)-(૪+૩+૨+૧)=૪^૨$

$(૮^૨+૭^૨+૬^૨+૫^૨)-(૪^૨+૩^૨+૨^૨+૧^૨)=૧૨^૨$

$(૧+૨+૩+૪+૫+૬+૭+૮)=૩૬=૬^૨$

$$\left\{\frac{(૮^૨+૭^૨+૬^૨+૫^૨)-(૪^૨+૩^૨+૨^૨+૧^૨)}{(૧+૨+૩+૪+૫+૬+૭+૮)}\right\}=૨^૨$$

$(૭^૨+૬^૨+૫^૨)-(૪^૨+૩^૨+૨^૨)=(૧+૮)^૨$

$(૧\times૨)+(૩\times૪)+(૫\times૬)+(૭\times૮)=૧૦૦$

$(૧\times૮)+(૨\times૭)+(૩\times૬)+(૪\times૫)=૬૦$

અને $૧૦૦^૨-૬૦^૨=૮૦^૨$

$(૨^૨+૪^૨+૬^૨+૮^૨)-(૧^૨+૩^૨+૫^૨+૭^૨)=૬^૨$

—મ. હા. ખત્રી



બ્રહ્માનું દેવયુગલ (સારનાથમાંનું શિલ્પ) ફોટો · જગન મહેતા

ભારતમાં પ્રાચીન શિલ્પના સંગ્રહોમાં સારનાથમાંનો શિલ્પસમૃદ્ધ વિશિષ્ટ ને સૌન્દર્યવંતો ગણાય છે. એમાંનું આ દેવયુગલ પ્રાચીન શિલ્પકળાનો પ્રશંસનીય નમૂનો છે. મૂર્તિનાં ચાર મુખ અને દાઢી ઉપરથી તેમજ જમણા હાથમાં આયુધ તરીકે સ્રુવ (શરવો) હોવાથી તે ચતુરાનન—બ્રહ્મા હોવાનું જણાય છે, ને તેમની બે પત્ની પૈકી આ શિલ્પમાં વામાંગે માત્ર એક જ સાવિત્રીનું આલેખન હોવાથી તે મૂર્તિ શાસ્ત્ર પ્રમાણે પ્રજાપતિ-બ્રહ્માનું સ્વરૂપ ગણાય. બ્રહ્માનો જમણો પગ તથા હાથપગનાં આંગળાં ખંડિત હોવા છતાં તેની સ્વસ્થ આસનછટા, બંનેના ચહેરા પરનો મૃદુ મલકાટ, પુષ્ટ સુડોળ અંગ અને સપ્રમાણ શિલ્પસંયોજન એ આ કલાકૃતિનાં સૌંદર્યલક્ષણો છે.